વર્ષ : ૪૨ ♦ અંક : ૬


જૂન - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each


શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



## ભગવાન મહાવીર

"તે ત્રિશલાતનયે મન ચિંતવી,
જ્ઞાન, વિવેક, વિચાર વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો,
ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું."

- પરમકૃપાળુ
શ્રીમદ્ રાજચંદ્રજી


શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર

(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)

કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪

E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# હે ભગવાન !

- પૂર્ણિમાબેન શાહ

તારી મૂર્તિના દર્શન કરીને, પાવન થાઉં હું હે ભગવાન !
ચાહું તારી મૂર્તિ બિરાજે, સૌના દિલમાં હે ભગવાન !

દર્શન તારા કરીએ હરદિન, દીન-દુ:ખીઓમાં હે ભગવાન !
નિરાધાર અને અપંગોમાં, જોઈએ તને અમે હે ભગવાન !

ભૂખ્યા અને દલિતોમાં તારી છાયા જોઈએ હે ભગવાન !
પીડિતોની વેદનામાં અમે 'આહ' સાંભળીએ હે ભગવાન !

નિર્બળ અને પામરમાં અમે, દર્શન તારા કરીએ હે ભગવાન !
વૃદ્ધોની લાચારીમાં, અમે મુખ જોઈએ તારું ભગવાન !

કપટી લોકો કપટ કરીને, જાળ બિછાવે હે ભગવાન !
નિર્દોષને ફસાવી રાચે, હૈયું મારું રડે હે ભગવાન !

શક્તિશાળી જુલમો કરતાં, નિર્બળ ઉપર હે ભગવાન !
રક્ષક મટીને ભક્ષક બનતાં, કોણ બચાવે હે ભગવાન !

કુમળા બાળક અને સ્ત્રીઓ ઉપર થતા અત્યાચાર હે ભગવાન !
ક્રૂરતાથી શોષણ કરતાં, કોઈથી ડરે નહીં હે ભગવાન !

વેર-વિખવાદનો દાવાનળ, પ્રસરી રહ્યો છે હે ભગવાન !
ખૂનામરકીનો આતંકનો, વંટોળ ચડ્યો છે હે ભગવાન !

દોલત પાછળ દોડી રહી છે, દુનિયા આજે હે ભગવાન !
'દયા ધર્મનું મૂળ છે', એ વાત વિસરી રહી છે હે ભગવાન !

આતંક અને ત્રાસના વાદળમાં, તું છૂપાઈ ગયો છે હે ભગવાન !
સ્વાર્થ અને પ્રપંચના પ્રવાહમાં, તું ભુલાઈ ગયો છે હે ભગવાન !

મૂર્તિમાંથી માનવ બનીને, આવ તું જગમાં હે ભગવાન !
અધર્મને સ્થાને ધર્મનું સ્થાપન, કર હવે તું હે ભગવાન !

માંગીએ તારી પાસે આજે, દીનદયાળુ હે ભગવાન !
તારા અનેક સ્વરૂપને અમે, વિસરીએ નહીં હે ભગવાન !

પ્રેમ, શાંતિ અને કરુણાની પૂનમ, ખીલી રહો જગમાં હે ભગવાન !
અશાંતિ અને અત્યાચારની, અમાસ ન ઊગો હે ભગવાન !

સાચો ધર્મ સમજાય સહુને, કર કૃપા એવી હે ભગવાન !
સૌના દિલમાં મૈત્રીભાવનું ઝરણું વહો સદા હે ભગવાન !

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .............. શ્રીમદ્ રાજચંદ્રજી ...... ૫

(૨) ભાવનાયુક્ત સાધનાથી સફળતા .................
......................... પૂજ્યશ્રી આત્માનંદજી ...... ૬

(૩) બહાર સુખબોધ, ભીતર આત્મબોધ .............
......................... ડૉ. કુમારપાળ દેસાઈ ...... ૮

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ..................
........................ પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૦

(૫) શ્રી દેવચંદ્રજી ચોવીશી.. .. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૩

(૬) શ્રાવકાચાર................. બા.બ્ર. શ્રી સુરેશજી .... ૧૮

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .......શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧

(૮) આત્માની એકત્વશક્તિ અનેકત્વશક્તિ ..........
............................ શ્રી વલભજી હીરજી .... ૨૬

(૯) નારીનું આભૂષણ - શીલ .................પ્રિયમ .... ૨૭

(૧૦) ત્રિવિધ તાપના શમનમાં મંત્રશક્તિનો પ્રભાવ ....
......................... શ્રી રવજીભાઈ કાચા .... ૨૮

(૧૧) વિદ્યાર્થીઓમાં ચિંતાજનક રીતે વધતું જતું
ગુનાખોરીનું પ્રમાણ ......... શ્રી પારૂલબેન ગાંધી .... ૩૨

(૧૨) શ્રાવકના ત્રણ મનોરથ ........ શ્રી રવિલાલ વોરા .... ૩૪

(૧૩) બાળવિભાગ ...............શ્રી મિતેશભાઈ શાહ .... ૩૫

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ................................ ૩૭



**વર્ષ : ૪૨    જૂન, ૨૦૧૮    અંક - ૬**

**-: પ્રેરક :-**
**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**
**શ્રી મિતેશ એ. શાહ**
ફોન : (૦૭૯) ૨૭૫૦૩૯૫૬

**-: સ્વત્વાધિકારી :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**
**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**
**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

**-: લવાજમ શ્રેણી :-**
**ભારતમાં**
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
**પરદેશમાં**
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80, £-60
આજીવન : Rs. 15000
$-300, £-220



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
**કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)**
**ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪**
mail@shrimadkoba.org, www.shrimadkoba.org



**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**
**Name of Bank :** Kotak Mahindra Bank
**Branch :** Chandkheda, Ahmedabad - 382424.
**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.

☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.

☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.

☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.

☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.

☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.

☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.

☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.

☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



## પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

એક પત્રના અંતમાં આપે લખ્યું છે કે, ''વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ.''આ બાબતમાં અમે આપના કરતાં વધુ સદ્‌ભાગી હોઈએ એવું લાગે છે. કારણ કે કાળ તો અમારો પણ વિપરીત જ છે, પરંતુ આપની કૃપાથી અમે એકાકી નથી અને તેથી ઉદાસ પણ નથી. 'અધ્યાત્મગગનના શિરતાજ' અને 'એકે હજારા' જેવા આપનું અમને ચરણ અને શરણ મળ્યું છે; વચનામૃતજી જેવો વડલો મળ્યો છે, જેની શીતળ છાંયામાં સંતો જ્ઞાનની પરબ માંડીને બેઠા છે, મુમુક્ષુઓ યોગ્યતા અનુસાર જ્ઞાનામૃતનું પાન કરે છે અને ભક્તિના રસમાં તરબોળ બને છે. મારા માટે તો આ પંચમકાળ પણ આનંદનો અવસર બન્યો છે. આના કરતાં વધુ બીજું ભાગ્ય શું હોઈ શકે ?

અને છતાં પણ આપની પાસે 'કંઈક વધુ'ની ઈચ્છા રહે છે તેનું કેમ કરવું ? તેથી જ આપને કહીએ છીએ કે,

ટીપે ટીપે સરોવર ભરાય, ચાલતા ચાલતા પંથ કપાય,
ભક્તિ તમારી કરતાં કરતાં, અંશે અંશે પૂર્ણ થવાય;
તમારું જ્ઞાન અને તમારું ધ્યાન, પૂર્ણ નહીં તો અંશે આપવા,
વિનવીએ તમને હે કૃપામૂર્તિ ! કૃપાળુદેવ ! કૃપાળુદેવ !

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

---


**પત્રાંક ૮૦** **વિ.સં. ૧૯૪૫**

નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે; સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઇ છે; પંચ વિષયથી વિરક્ત બુદ્ધિના અંકુરો જેને ફૂટ્યા છે; ક્લેશનાં કારણ જેણે નિર્મૂળ કર્યાં છે; અનેકાંત-દૃષ્ટિયુક્ત એકાંતદષ્ટિને જે સેવ્યા કરે છે; જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે; તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો.

આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૫૬૦

મુંબઈ, પોષ, ૧૯૫૧

ૐ

જો જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયથી સર્વોત્કૃષ્ટ એવું મોક્ષપદ સુલભ છે; તો પછી ક્ષણે ક્ષણે આત્મોપયોગ સ્થિર કરવો ઘટે એવો કઠણ માર્ગ તે જ્ઞાનીપુરુષના દૃઢ આશ્રયે પ્રાપ્ત થવો કેમ સુલભ ન હોય ? કેમ કે તે ઉપયોગના એકાગ્રપણા વિના તો મોક્ષપદની ઉત્પત્તિ છે નહીં, જ્ઞાનીપુરુષના વચનનો દૃઢ આશ્રય જેને થાય તેને સર્વ સાધન સુલભ થાય એવો અખંડ નિશ્ચય સત્પુરુષોએ કર્યો છે; તો પછી અમે કહીએ છીએ કે આ વૃત્તિઓનો જય કરવો ઘટે છે, તે વૃત્તિઓનો જય કેમ ન થઈ શકે ? આટલું સત્ય છે કે આ દુષમકાળને વિષે સત્સંગની સમીપતા કે દૃઢ આશ્રય વિશેષ જોઈએ અને અસત્સંગથી અત્યંત નિવૃત્તિ જોઈએ; તોપણ મુમુક્ષુને તો એમ જ ઘટે છે કે કઠણમાં કઠણ આત્મસાધન હોય તેની પ્રથમ ઇચ્છા કરવી, કે જેથી સર્વ સાધન અલ્પ કાળમાં ફળીભૂત થાય.

શ્રી તીર્થંકરે તો એટલા સુધી કહ્યું છે કે જે જ્ઞાનીપુરુષની દશા સંસારપરિક્ષીણ થઈ છે, તે જ્ઞાનીપુરુષને પરંપરા કર્મબંધ સંભવતો નથી, તોપણ પુરુષાર્થ મુખ્ય રાખવો, કે જે બીજા જીવને પણ આત્મસાધન-પરિણામનો હેતુ થાય.

'સમયસાર'માંથી જે કાવ્ય લખેલ છે તે તથા તેવા બીજા સિદ્ધાંતો માટે સમાગમે સમાધાન કરવાનું સુગમ પડશે.

જ્ઞાનીપુરુષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહીં, પણ પ્રારબ્ધપ્રતિબંધપણે હોય, એમ છતાં પણ તેથી નિવર્તવારૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે; જે રીતનો આશ્રય કરતાં હાલ ત્રણ વર્ષ થયાં વિશેષ તેમ કર્યું છે અને તેમાં જરૂર આત્મદશાને ભુલાવે એવો સંભવ રહે તેવો ઉદય પણ જેટલો બન્યો તેટલો સમપરિણામે વેદ્યો છે; જોકે તે વેદવાના કાળને વિષે સર્વસંગનિવૃત્તિ કોઈ રીતે થાય તો સારું એમ સૂઝ્યાં કર્યું છે; તોપણ સર્વસંગનિવૃત્તિએ જે દશા રહેવી જોઈએ તે દશા ઉદયમાં રહે, તો અલ્પ કાલમાં વિશેષ કર્મની નિવૃત્તિ થાય એમ જાણી જેટલું બન્યું તેટલું તે પ્રકારે કર્યું છે; પણ મનમાં હવે એમ રહે છે કે આ પ્રસંગથી એટલે સકલ ગૃહવાસથી દૂર થવાય તેમ ન હોય તોપણ વ્યાપારાદિ પ્રસંગથી નિવૃત્ત, દૂર થવાય તો સારું, કેમકે આત્મભાવે પરિણામ પામવાને વિષે જે દશા જ્ઞાનીની જોઈએ તે દશા આ વ્યાપાર વ્યવહારથી મુમુક્ષુજીવને દેખાતી નથી. આ પ્રકાર જે લખ્યો છે તે વિષે હમણાં વિચાર ક્યારેક ક્યારેક વિશેષ ઉદય પામે છે. તે વિષે જે પરિણામ આવે તે ખરું. આ પ્રસંગ લખ્યો છે તે લોકોમાં હાલ પ્રગટ થવા દેવા યોગ્ય નથી. માહ સુદ બીજ ઉપર તે તરફ આવવાનું થવાનો સંભવ રહે છે. એ જ વિનંતિ.

આ૦ સ્વા૦ પ્રણામ.

**સર્વ ક્લેશથી અને સર્વ દુ:ખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.**

# ભાવનાયુક્ત સાધનાથી સફળતા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



આધ્યાત્મિક જીવનમાં વૈરાગ્ય એ મુખ્ય પાયો છે. જ્ઞાન અને વૈરાગ્યનો અદ્‌ભુત મહિમા અને તેનું સાચું સ્વરૂપ સત્શાસ્ત્રોના સેવનથી અને સદ્‌ગુરુઆજ્ઞાથી ક્રમે ક્રમે સમજાય છે. સ્વચ્છંદ અને નિજકલ્પનાથી જે ખરેખર પોતાને ધર્મી માની બેસે અથવા ધર્મક્રિયાઓ આદરે છે તે ભ્રમમાં છે, ભ્રાંતિમાં વર્તે છે. વૈરાગ્યને આપણા જીવનમાં જ્યારે અગ્રિમ સ્થાન આપવામાં આવશે ત્યારે જ સાચા આધ્યાત્મિક સુખનો આનંદ આપણા અનુભવમાં આવશે. આપણા આધ્યાત્મિક જીવનને પોષણ મળે તે માટે દરરોજ ભાવપૂર્વક બાર ભાવના ભાવો. માત્ર બહારથી જ આપણે ધર્મક્રિયાઓ કરીએ, પરંતુ જ્યાં સુધી અંદરના ઊંડાણેથી વૈરાગ્યનું ઝરણું નહીં વહે ત્યાં સુધી આપણી દરેક ક્રિયાઓ શુષ્ક અને માત્ર ધાર્મિકતાનું બિરુદ મેળવવા માટેની જ બની રહેશે. માટે હૃદયને હંમેશાં વૈરાગ્યભાવનાના જળથી ભીંજાયેલું રાખીએ.

જગતના ધર્મી જીવો આત્મસ્વરૂપનું ભાવભાસન થાય તે પ્રત્યે પ્રયત્નવાન ન રહેતા કાં તો શાસ્ત્રો મુખપાઠ કરીને તેમાં જ ધર્મ માની બેસે છે અને કાં તો શરીર દ્વારા થતી ધર્મક્રિયાઓને જ મોક્ષમાર્ગ સમજી બેસે છે. લોકસંજ્ઞાએ અને ઓઘ સંજ્ઞાએ ધર્મ કરતા જીવોનું જીવન યંત્રવત્ બની જાય છે. સ્વરૂપનો લક્ષ રહે અને અંતરના તાર ઝણઝણી ઊઠે તો જ ધર્મનો અંશ પ્રગટે છે. આપણા સમગ્ર જીવનમાં સાચી સંવેદનશીલતા લાવીએ અને સ્વ-પર કલ્યાણની સિદ્ધિ થાય તેમ વર્તીએ. માત્ર બુદ્ધિચાતુર્યથી ધર્મ થતો નથી. ધર્મ તો અંદરના ઉજ્જવળ ભાવો ઉપર આધાર રાખે છે. ત્યાગ અને વૈરાગ્ય મુમુક્ષુના જીવનમાં તાણાવાણાની જેમ વણાઈ જવા જોઈએ. રગેરગમાં વ્યાપી જવા જોઈએ, હાડોહાડ ઊતરી જવા જોઈએ.

અનાદિકાળથી જીવને પોતાનું અસ્તિત્વ ભાસ્યું નથી. પોતાને પોતા વિશે જ ભ્રાંતિ વર્તે છે. સત્ય અને નિત્ય સ્વરૂપનું તેને ભાન નથી તેથી અનિત્ય એવા જડ પદાર્થોમાં સુખનું આરોપણ કરીને તેને મેળવવા માટે વલખાં મારી રહ્યો છે, એક પળ પણ તે જંપીને બેસતો નથી. અવિચારપણે સઘળી પ્રવૃત્તિઓ કરી રહ્યો છે. તેનું સુખ તેની કલ્પનામાં છે, માટે જ્યારે જ્યારે પોતાને અનુકૂળ જડ પદાર્થોની પ્રાપ્તિ થાય છે ત્યારે તે પોતાને સુખી માને છે અને જ્યારે ઘણો ઘણો પુરુષાર્થ કરવા છતાં તેને પોતાની ઇચ્છાનુસાર ઇષ્ટ પદાર્થો પ્રાપ્ત નથી થતા ત્યારે તે આકુળવ્યાકુળ થઈ જાય છે; પોતાને અત્યંત દુઃખી સમજીને માથું પટકે છે. જ્ઞાનીપુરુષો કહે છે કે સુખ પોતાના આત્મામાં છે. પરંતુ અજ્ઞાની જીવને પર પદાર્થમાં સુખબુદ્ધિ હોવાથી - રસબુદ્ધિ હોવાથી - કર્તાબુદ્ધિ હોવાથી - એકતાબુદ્ધિ હોવાથી અને મને તેમાંથી સુખ મળી જશે આવો અનાદિનો અભ્યાસ હોવાથી તે દુઃખી દુઃખી થઈ રહ્યો છે.

જગતની અનિત્યતા દર્શાવતાં જ્ઞાનીઓ કહે છે :

**જોબન ગૃહ ગોધન નારી, હય ગય જન આજ્ઞાકારી;**
**ઈન્દ્રિય-ભોગ છિન થાઈ, સુર ધનુ ચપલા ચપલાઈ.**

યુવાની - ઘર - ગાય - લક્ષ્મી - સ્ત્રી - હાથી - ઘોડા - આજ્ઞા ઉઠાવનારા અનુચરો વગેરે અનિત્ય છે, ક્ષણિક છે, ઈન્દ્રધનુષ્યના રંગો જેવા છે, નાશવંત

છે. જોતજોતામાં વિલય થઈ જાય તેવા અનિત્ય છે. તું અનિત્ય પદાર્થો ઉપરથી વૃત્તિઓ પાછી વાળી અને તારા શાશ્વત નિત્ય પદાર્થ ઉપર દૃષ્ટિ સ્થાપ. આજ સુધી અનિત્ય પદાર્થોમાં જ તું રાચતો રહ્યો છે અને તેથી આ જંજાળમાં બંધાયો છે અને દુઃખી છે. તેઓ કહે છે કે અનાદિકાળથી જે કરતા આવ્યા છો તેનાથી હવે અટકો.

આપણા વૈરાગ્યને પોષણ મળે તેવા સ્થળોની પ્રસંગોપાત મુલાકાત લેવી જોઈએ. ઘરડાઘર - કેન્સર હૉસ્પિટલો - ઓર્થોપેડિક દવાખાનાઓ - પાંજરાપોળો - ઝૂંપડપટ્ટીમાં વસનારા ગરીબો અને ભિખારી હાલતમાં જીવતા માણસો - ઠંડી - ગરમી અને વરસાદના દિવસોમાં બેઘર બનેલા માણસો - અંધ શાળાઓ અને એવા અનેક અનેક પ્રસંગોમાં જઈને આપણા વૈરાગ્યને પુષ્ટ કરવો અને સાથે સાથે આપણી શક્તિ અનુસાર ગરીબોને અને અન્ય દુઃખી જીવોને કરુણાભાવથી તન-મન-ધનથી સહાયભૂત બનવું. તો જ આપણે કૃપાળુદેવના - **"સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો"** - આ વાક્યને જીવનમાં ઉતાર્યું ગણાશે.

જેમ હરણને સિંહ મારી નાખે છે, તેમ મરણ સમયે જીવને કોઈ શરણ નથી. મંત્ર-તંત્ર કોઈ મરણથી બચાવી શકતું નથી. પોતાનો આત્મા અને પરમગુરુ તથા સદ્‌ધર્મ જ શરણ છે, અન્ય કોઈનું શરણ નથી. કોઈ જીવ બીજા જીવોની રક્ષા કરવા ખરેખર સમર્થ નથી. માટે પરની આશા નકામી છે. નિજ આત્મા જ સુખમય છે, સારરૂપ છે, શરણરૂપ છે, માટે તેમાં જ પ્રીતિવંત બનો.

"હે જીવ તને સત્ય કહું છું, સુખ અંતરમાં છે બહાર શોધવાથી નહીં મળે." ગુરુનાં આવા હિતકારી વચનો સાંભળીને સાચા મુમુક્ષુઓનો આત્મા જાગી ઊઠે છે અને તેને તીવ્ર મુમુક્ષુતા પ્રગટે છે, આત્મરુચિ પ્રજ્જવલિત થાય છે; અને વારંવાર તે આત્મા પ્રત્યે - શ્રી સદ્‌ગુરુ પ્રત્યે અને વીતરાગ પરમાત્મા પ્રત્યે પ્રીતિવંત બનીને આત્મકલ્યાણના માર્ગે અડગ બનીને આગળ વધે છે. તેને અન્ય પરિચય અને વ્યવહારો ફિક્કા લાગે છે. અનંત કાળમાં ચૈતન્યનો મહિમા આવ્યો નહીં, વિભાવની તુચ્છતા લાગી નહીં અને પરથી તથા વિભાવથી વિરક્તા ન થઈ માટે માર્ગ મળ્યો નથી - એવું એને સ્પષ્ટ સમજાઈ જાય છે. પછી સતત પ્રભુસ્મરણ - સત્સંગ - સ્વાધ્યાય - ભક્તિમાં પ્રીતિવંત બનીને ઉલ્લાસપૂર્વક પુરુષાર્થ વધારે છે. મુમુક્ષુનો એક પણ દિવસ એવો ન જ જવો જોઈએ કે તેણે પ્રભુ સાથે, આત્મા સાથે ભાવપૂર્વક અનુસંધાન ન કર્યું હોય. પોતાના આત્મસ્વરૂપને પામવા માટે આ કાળમાં સત્પુરુષનો સમાગમ, પ્રભુનામસ્મરણ અને પ્રાર્થના એ સરળ અને મુખ્ય અવલંબનો છે.

આપણે ઘણા સમયથી સત્સંગાદિ કરતા હોઈએ તો એ સ્વાધ્યાય અને સત્સંગનો લાભ પોતાને કેટલે અંશે થયો છે તે એકાંતે બેસીને પોતાના આત્માને પૂછવું. સ્વનિરીક્ષણ કરવું. પોતાના વિચારો જોવા. પોતાને કેવા કેવા ભાવ જાગે છે ? આપણો આત્મા હજુ કયા કયા પદાર્થોમાં - વસ્તુઓમાં - વ્યક્તિઓમાં અટક્યો છે ? આપણી વૃત્તિ-પ્રવૃત્તિઓમાં કંઈ પરિવર્તન આવ્યું છે ? કઇ વસ્તુ આપણને વારંવાર યાદ આવે છે ? આપણો અન્ય જીવો સાથેનો વ્યવહાર કેવો છે ? આપણામાં આજ્ઞાંક્તિપણું અને સ્વચ્છંદ ત્યાગ કેટલા પ્રમાણમાં છે ? શ્રી સદ્‌ગુરુ-સત્પુરુષો અને વીતરાગ પરમાત્માઓના પ્રત્યક્ષ અને પરોક્ષ દર્શન વખતે પોતાને અંદરમાં કેવા કેવા ભાવ જાગે છે ? ખરેખર છૂટવા માંગીએ છીએ ? જો છૂટવા જ માગતા હોઈએ તો કોણે આપણને બાંધી રાખ્યા છે ? કર વિચાર તો પામ.

સાધના દ્વારા આપણા જીવનમાં દયા, શાંતિ, સ્થિરતા, મૈત્રી, સંપ, સહનશીલતા, જતું કરવાની ભાવના, સાદાઇ, સરળતા, નિરભિમાનીપણું, નિયમિતતા આદિ સદ્‌ગુણો ખીલે અને વેર-ઝેરની ભાવના નષ્ટ થાય તો જ સત્સંગનો રંગ સાચો ચડ્યો સમજવો - અન્યથા નહીં. ૐ શાંતિ...

● ● ●

પરમનો સ્પર્શ - ૯૮

# બહાર સુખબોધ, ભીતર આત્મબોધ !

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

માણસના જીવનની અગિયારમી દિશા કઈ ? એ અગિયારમી દિશાના દ્વાર ખૂલે છે કઈ રીતે ? બાહ્ય જગતની દસે દિશાઓની દોડમાં એ પદાર્થને શોધે છે, પામે છે, એનું સુખ અનુભવે છે. જ્યારે ભીતરમાં ચાલતી અગિયારમી દિશાની શોધમાં એ સાધનાપથ પર ચાલીને પરમાત્માને શોધે છે. એક શોધ બહારની દુનિયામાં ચાલે છે. બીજી શોધ ભીતરના જગતમાં ખેપ કરે છે. બહારની માયા છોડીને એ એના ભીતર તરફ ગતિ કરે છે. મોહની ગાઢ નિદ્રામાંથી જાગૃત થઈને એ અંતરની દુનિયા તરફ જાય છે, ત્યારે એની સુષુપ્તિ અદશ્ય કે વિલીન થઈ જાય છે અને એનામાં આપોઆપ આત્મબોધ જાગે છે.

સંત કબીર આને સચોટ રીતે દર્શાવતાં કહે છે કે જેમ જળની વચ્ચે કમળ હોય છે અને કમળની વચ્ચે કળીઓ હોય છે અને કળીઓની વચ્ચે ભમરો નિવાસ કરે છે, એ જ રીતે આપણા દેહમાં હૃદય છે, એ હૃદયમાં વૃત્તિ વસે છે અને વૃત્તિઓમાં આત્મા નિવાસ કરે છે. આ આત્મા આમ તો બાદશાહ જેવો છે. સ્વામી જેવો અતિ સમર્થ છે. માત્ર અફસોસ એ વાતનો છે કે એ મનને વશ વર્તીને એ ક્યાંકને ક્યાંક ભટકે છે.

સંત કબીરની વિચારણાનો સાર એટલો જ કે બહાર સુખબોધ છે અને ભીતર આત્મબોધ છે. સંત કબીર આત્મબોધને સૌથી મહત્ત્વની બાબત માને છે. સર્વ સાધનાનો હેતુ એટલો જ છે કે માણસની ભીતરમાં રહેલા એ આત્મબોધને જાગ્રત કરવો.

આત્મખોજ, આત્મજ્ઞાન અને આત્મબોધ એ ત્રણ બાબતો છે. આત્મખોજ સાથે એક શોધ જોડાયેલી છે કે માણસ બહારની દુનિયામાંથી નીકળીને ભીતરની દુનિયામાં એની શોધ શરૂ કરે છે. જે એને શોધે છે, એ પામે છે. બીજું આત્મજ્ઞાન એટલે કે આત્મા વિશેનું જ્ઞાન. આમાં સાધકને જ્ઞાનપ્રાપ્તિ થાય છે, જ્યારે સંત કબીર જેને બોધ કહે છે એ તો પરમ જાગૃતિ છે. આવો આત્મબોધ હોય નહીં, તો ભીતર કદી જાગે નહીં.

આ ભીતરના સ્વરૂપની વાત કરતાં એમણે કહ્યું છે કે એક ભીતર એ સ્વપ્નમાં ડૂબેલું છે અને બીજું ભીતર સત્યમાં વસેલું છે. એક ભીતરમાં તમે સુષુપ્ત અવસ્થામાં આખી જિંદગી પસાર કરી શકો છો, તો એ જ ભીતરમાં તમે જાગૃતિ આણીને આત્મબોધ પ્રાપ્ત કરો છો. ભીતરમાં બંને ક્ષમતા છે એક તમને જીવનભર બહારની માયામાં ડૂબેલા રાખી શકે અને બીજી તમારા જીવનમાં જાગૃતિ પ્રગટ કરે.

સ્વામી રામતીર્થે કહ્યું છે, 'જ્યારે તમે બહારની વસ્તુઓને પકડવા કે પોતાની કરવા ઇચ્છો છો, ત્યારે તે ઠગારી બની તમને સાતતાલી આપીને ચાલી જાય છે, પણ જો એ અંગે ઉપેક્ષા સેવશો અને પ્રકાશસ્વરૂપ પોતાના આત્મા તરફ મુખ કરશો, તો એ જ ક્ષણથી પરમ કલ્યાણકારક અવસ્થા તમારી શોધ કરશે.'

આ રીતે જો વ્યક્તિ પાસે આત્મબોધ ન હોય, તો કોઈ સાધક તો ઠીક, પરંતુ યતિ, સતી અને સંન્યાસી પણ ખોટા માર્ગે દોડે છે. ખરી જરૂર ભીતરમાં જાગવાની છે, કારણ કે પરમાત્મા ભીતરમાં વસે છે. જો એને બહાર શોધવા જશો, તો પરમાત્મા તો પ્રાપ્ત થશે નહીં, બલ્કે તમે સ્વયં ખોવાઈ જશો. એની શોધનો સઘળો પુરુષાર્થ

ભીતરમાં થવો જોઈએ. આંતરિક જાગરણની આ વાત છે. આથી ભગવાન મહાવીરે સાધુની વ્યાખ્યા આપતાં કહ્યું, 'અસૂતા મુનિ' અર્થાત્ 'જે જાગે છે તે સાધુ છે' અને જે સૂએ છે તે માયામાં ડૂબેલો છે. જે જાગે છે તે આત્મબોધિ છે અને જે સંસારના ભોગાદિમાં સૂતો છે, તે આત્મરોગી છે.

સંત કબીર સાત ગાંઠની વાત કરે છે,

પાંચો ઇન્દ્રિય છઠાં મન, સત સંગત સૂચંત,
કહૈં કબીર જમ ક્યા કરે, સાતો ગાંઠિ નિચિંત.

આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શ એ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનને એમ આ છને જેણે સાતમા સત્યચેતન સ્વરૂપમાં જોડી દીધા છે એવા સ્વરૂપરત વિવેકીને મન-વાસના રૂપી યમરાજ શું કરશે ? અર્થાત્ તેઓ મનોજયી હોય છે અને તેથી એ સાચો આત્મબોધ પામી શકે છે.

આમ, અહીં પોતાના સ્વરૂપને પામવાની વાત કરે છે. જો એને સ્વરૂપની ઓળખ નહીં હોય તો એના અજ્ઞાનને કારણે પરોક્ષ અને પ્રત્યક્ષ બાબતોમાં એ એની શોધ કરતો રહેશે. આ પરોક્ષ બાબતો એટલે સંત કબીરના માટે કલ્પિત ઈશ્વરાદિ બાબતો. એમણે બતાવ્યું કે માણસે કેવી કેવી કલ્પનાઓથી ઈશ્વરને મઢી દીધો છે. ઈશ્વર વિશેની પૌરાણિક કથાઓમાં આલેખાયેલાં એમનાં આચરણને જોઈએ તો આપણને આઘાત લાગે ! તો શું એને ઈશ્વર માની શકીએ ? આપણી ભીતરમાં સ્થાન આપી શકીએ ? આથી જ સ્વરૂપના જ્ઞાનના અભાવે આપણે આવી પરોક્ષ બાબતોમાં પરમાત્માની નિષ્ફળ શોધ કરીએ છીએ, જ્યારે કેટલાક જડમાં એની શોધ કરે છે અર્થાત્ મૂર્તિઓની પૂજા કરે છે.

સંત કબીર આ બંને બાબતોનો છેદ ઉડાડે છે અને કહે છે કે, સાધકને સાચું સ્વરૂપજ્ઞાન નહીં હોવાને કારણે એ મથુરા, કાશી અને કાબામાં ભટકે છે. જેમ મૃગની નાભિમાં કસ્તૂરી છે, એમાંથી જ સુગંધ ફેલાતી હોય છે, પરંતુ મૃગ એ સુગંધની શોધ માટે વન-વનમાં ઉદાસ બનીને ફરે છે. પૂર્ણકામ, પૂર્ણતૃપ્ત અને પૂર્ણસંતુષ્ટ સ્વરૂપ આત્મા હું જ છું અને એની સમજના અભાવે માણસ સંસારસુખ પામવા માટે આમતેમ ભટકે છે.

સંત કબીર એ વાત પર મહત્ત્વ આપે છે કે માત્ર ત્યાગ કરવો તે પૂરતું નથી, પરંતુ આત્મબોધ હોવો જોઈએ. આત્મબોધ એટલે શરીરની અંદર તમારા પરમધન એવા ચેતનઆત્માની જાણ. અને પછી તો સંત કબીર અતિ ઉલ્લાસથી એની વાત કરતાં કહે છે કે તમારા સુખની સર્વ સામગ્રી તમારી પાસે છે. જો તમારી જાતને તમે વશ કરી દો, તો તમારા શરીરની ભીતરમાં જ પુષ્પો અને વૃક્ષોથી મઘમઘતો અને ફૂલેલો-ફાલેલો બગીચો છે અને એ બાગબગીચામાં એનો સર્જનહાર વસે છે. એમાં જ સાત સમુદ્ર અને અસંખ્ય તારાઓ છે. એમાં જ હીરા અને મોતી છે. જે પોતાની ભીતરમાં છે એને ભૂલીને બહાર મેળવવા માટે દોડ લગાવે છે. જ્યારે ભીતરમાં રહેલા આત્મબોધના ગુરુસિંહાસને વિવેક બેઠો છે, આથી શરીર નષ્ટ થાય છે, પણ આત્મદેવ નષ્ટ થતો નથી. એ હકીકતમાં તો હાજરાહજૂર છે.

એ આત્મદેવની વાત કરતી વખતે સંત કબીર બાહ્યાચારો પર પ્રહાર કરે છે. એ કહે છે કે આમ ભક્તિનાં ગીતો ગાવાથી, ધર્મકથાઓનું શ્રવણ કરવાથી, શાસ્ત્રગ્રંથો વાંચવાથી અથવા તો સંધ્યા કે તર્પણ જેવી ક્રિયાઓ કરવાથી તમને કશું મળશે નહીં. ગમે તેટલું તીર્થાટન કરો, તો પણ તેનો કશો અર્થ નથી. આ બધા ક્રિયાકાંડો, બાહ્યાચારો કે બાહ્ય પ્રવૃત્તિઓ કરવાથી કશું નહીં વળે, લાંબી-લાંબી જટા વધારવી, આખા શરીરે રાખ ચોળવી, માથે મુંડન કરાવવું, માટી-પથ્થરના પિંડને પૂજવો કે માત્ર ફળનો આહાર કરવો- એ બધી બાબતો બાહ્ય બાબતો છે. એને ભીતર સાથે કોઈ લેવાદેવા નથી. આમ

**(અનુસંધાન પાના નં. ૧૨ પર...)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૫૭)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

અધ્યાત્મમાર્ગપ્રકાશક સત્ય સ્વરૂપી, કલ્યાણકારી માર્ગ ઉજાગર કરનાર શિવ સ્વરૂપી અને સૌન્દર્યસુધા રેલાવનાર સુંદરમ્ સ્વરૂપી પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની મંગલમય ગિરા 'વ્યાખ્યાનસાર'માં વહે છે, "છ ઇન્દ્રિયોમાં મન અધિષ્ઠાતા છે અને બાકીની પાંચ ઇન્દ્રિયો તેની આજ્ઞા પ્રમાણે વર્તનાર છે; અને તેની સંકલના કરનાર પણ એક મન જ છે. મન જો ન હોય તો કોઈ કાર્ય બનત નહીં. વાસ્તવિક રીતે કોઈ ઇન્દ્રિયનું કાંઈ વળતું નથી. મનનું સમાધાન થાય છે; તે એ પ્રમાણે કે, એક ચીજ આંખે જોઈ, તે લેવા પગે ચાલવા માંડ્યું, ત્યાં જઈ હાથે લીધી, તે ખાધી ઇત્યાદિ. તે સઘળી ક્રિયાનું સમાધાન મને કર્યું છતાં એ સઘળાનો આધાર આત્મા ઉપર છે.... અનાદિથી ચપળ એવું મન સ્થિર કરવું. પ્રથમ અત્યંતપણે સામું થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. ક્રમે કરીને તે મનને મહાત્માઓએ સ્થિર કર્યું છે, શમાવ્યું – ક્ષય કર્યું એ ખરેખર આશ્ચર્યકારક છે." પરમકૃપાળુદેવની અખિલાઈપૂર્ણ સરસ્વતીના આશય સમજવા સદ્ગુરુ બોધની આવશ્યકતા રહે છે.

'સમાધિતંત્ર' ગ્રંથની ગરિમા અનન્ય છે. અનેક શાસ્ત્રોનો સાર આ ગ્રંથમાં સમાય છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માના ગહન, ગંભીર ભાવોને દશાની દૃષ્ટિથી પ્રગટ કર્યા છે. સમાધિતંત્રના પાંત્રીસ શ્લોકનો અભ્યાસ કર્યો. આત્મા અને દેહના ભેદજ્ઞાનથી ઉત્પન્ન થયેલા આહ્લાદથી જે આનંદિત થયા છે તે ઘોર દુષ્કર્મને ભોગવતો હોવા છતાં ખેદ પામતો નથી. માટે ભેદજ્ઞાનની શ્રેષ્ઠતા છે પણ જે ખેદ પામે છે તેને આત્મસ્વરૂપની અનુભૂતિ થતી નથી. આ વિષયને વધુ સ્પષ્ટ કરતાં શ્લોક ૩૫માં કહે છે કે –

**रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलम् ।**

**स पश्यत्यात्मनस्तत्वं स तत्त्वं नेतरो जनः ॥३५॥**

**અન્વય :**

**यन्मनोजलं रागद्वेषादिकल्लोलैः अलोलं**

**सः आत्मनः तत्त्वं पश्यति तत्तत्वं इतरः जनः न पश्यति ।**

**શબ્દાર્થ :** यन्मनोजलं - જેનું મન રૂપી જળ, रागद्वेषादि कल्लोलैः - રાગદ્વેષ આદિ તરંગોથી, अलोलं - ચંચળ થતું નથી, सः - તે, आत्मनः तत्त्वं - (તે) આત્માના યથાર્થ સ્વરૂપને, पश्यति - દેખે છે - અનુભવે છે, तत् तत्त्वं - તે તત્ત્વને, इतरः जनः - બીજો માણસ, न पश्यति - દેખી શકતો નથી, અનુભવી શકતો નથી. બીજો માણસ રાગદ્વેષથી આકુલિત ચિત્તવાળો છે.

**ભાષાંતર :** જેનું મન રૂપી જલ રાગદ્વેષ આદિ તરંગોથી ચંચળ થતું નથી તે આત્માના યથાર્થ સ્વરૂપને અનુભવે છે. બીજો માણસ જે રાગદ્વેષથી આકુલિત ચિત્તવાળો છે તે યથાર્થ આત્મસ્વરૂપને ઓળખી શકતો નથી.

**ભાવાર્થ :** રાગદ્વેષના ભાવોનો વિકલ્પ મન રૂપી જળને ચલિત કરે છે. રાગ-દ્વેષના તરંગો થયા જ કરે છે. સંસારનું આવું જ સ્વરૂપ છે. કોઈ વ્યક્તિ તરંગોથી રહિત મહાસાગરને જોવાનું ઇચ્છે તો તે સંભવ નથી. વાયુ, ભરતી, ઓટ વગેરેથી મહાસાગર તો ઘૂઘવાતો હોય છે, શાંત નથી થતો.

સંસારી જીવોની પણ આ સ્થિતિ છે. રાગદ્વેષના ભાવોના તરંગો મનમાં ચાલ્યા જ કરે છે. શાંતિ વેદી શકાતી નથી. પણ જેણે રાગદ્વેષના ભાવો જીત્યા છે તેવા જ્ઞાનીપુરુષના સંગથી તેઓની આજ્ઞા ગ્રહણ કરવાથી મનજળ શાંત થાય છે. અનુક્રમે રાગ-દ્વેષ રહિત થવાય છે.

દૃશ્ય જગતમાં રુચિ અને રસ રહ્યા છે તેને રાગદ્વેષના ભાવો થયા જ કરે છે. ઇષ્ટ-અનિષ્ટપણું, હર્ષ-શોકના ભાવો થયા કરે છે. રાગદ્વેષના ભાવોથી કર્મબંધનની શૃંખલા ચાલ્યા જ કરે છે. જેને જગતની રચના જોવામાં રસ છે, તે આત્મ અનુભવ પામી શકતો નથી.

જેને આત્મદર્શનની પ્રબળ ભાવના હોય, સ્વ રસ, સ્વ રુચિ તથા આ વિષમ સંસારથી મુક્ત થવું જ છે એવી ખટક રહ્યા કરતી હોય તેને સત્ માર્ગ મળ્યે જ છૂટકો છે. વિશ્વાસ, હિંમત અને દૃઢ શ્રદ્ધાથી માર્ગ મળે છે. લૌકિક માહાત્મ્ય ઘટી જાય છે. સદ્‌ગુરુ શોધમાં વૃત્તિ લાવ્યા કરે છે. જગતનો રસ ધીમે ધીમે મંદ પડવા લાગે છે. કોઈ મંગળ વેળાએ સદ્‌ગુરુના દર્શન થાય છે. સત્સંગનો જોગ બને છે. સદ્‌ગુરુના આશયને, બોધની ધારાના રહસ્યને પામતો જાય છે. રાગ-દ્વેષના વિભાવભાવો ઘટતાં જાય છે. મટતાં જાય છે. તેનું મનોજળ - મનરૂપી તરંગો, વમળો શમતા જાય છે. આત્મા અને આ દેહ એનું ભેદજ્ઞાન સદ્‌ગુરુબોધે થતું જાય છે.

જેમ પાણી ઉપર શેવાળનો પટ આવી ગયો હોય અને પાણીની ખબર ન પડે પણ સદ્‌ગુરુબોધનો આશય સમજતા શેવાળને દૂર કરી પાણી મેળવી શકાય છે તેમ ભેદજ્ઞાનથી રાગ-દ્વેષ રૂપી શેવાળને દૂર કરતાં શુદ્ધ આત્માનો આદર થતાં સ્વમાં નિમજ્જન થાય છે. જીવને આ સરળ, સુગમ, સુલભ, સુદૃષ્ટિમય માર્ગ મળ્યો છે તેનું બહુમાન આવતાં અંતરમાં-અધ્યાત્મમાં રહી શકાય છે.

**દૃષ્ટાન્ત :**

શાંત, પવિત્ર, સ્વચ્છ આશ્રમમાં સદ્‌ગુરુ અને શિષ્યો નિવાસ કરતા હતા. સદ્‌ગુરુના બોધને ભૂમિકા અનુસાર અનુસરતા હતા. એકવાર સદ્‌ગુરુએ ત્રીસ શિષ્યોને બોલાવ્યા. સદ્‌ગુરુએ કહ્યું કે જે બોધ મળ્યો છે તેનો પ્રયોગ કરવા તમને બોલાવ્યા છે. ત્રીસ શિષ્યોને સ્વતંત્ર ઓરડી આપવામાં આવશે. ત્રીસ દિવસ તેમાં રહેવાનું, બોધનું ચિંતન, મનન નિધ્યાસન સાથે મૌન ચિંતવન અને પછી નિજ વૈભવને નિહાળવાનો છે. સહુને જીવન જરૂરિયાતની વસ્તુઓ ભોજન વગેરે મળી રહેશે. શિષ્યોએ આ વાતનો સ્વીકાર કર્યો.

ભૂમિકા ભિન્ન ભિન્ન છે. સહુને અલગ અલગ વિચાર આવ્યા. બધા સહમત થયા. સદ્‌ગુરુએ દરેકને સ્વતંત્ર કુટિર આપી દીધી. ભિન્ન ભૂમિકા હોવાથી કોઈ દસ દિવસ રહ્યા, કોઈ વીસ દિવસ રહ્યા, કોઈ પચ્ચીસ દિવસ રહ્યા, કોઈ ઓગત્રીસ દિવસ રહ્યા. ત્રીસ દિવસ પછી સદ્‌ગુરુએ જોયું. ઘણા કુટિરમાંથી ચાલ્યા ગયા છે. સહજ સ્વીકાર કરનાર સદ્‌ગુરુ સમભાવે આગળ જુએ છે. પાંચ રૂમ બંધ હતી. પાંચ શિષ્યો કુટિરમાં પોતાના આત્મ-મહિમામાં આનંદમાં હતા. સદ્‌ગુરુએ એ કુટિરો ઉઘાડી. બહાર આવતાં દરેક શિષ્ય સદ્‌ગુરુશ્રીના ચરણે દંડવત્ કરી કૃપાનો સદ્‌ભાવ દર્શાવે છે. સદ્‌ગુરુનો રાજીપો એ જ છે કે શિષ્ય મારા જેવો બને, હું જેમાં જીવી રહ્યો છું તેવા પરમાનંદની મોજને માણે. સદ્‌ગુરુ પાંચેયને ભેટી પડે છે.

જેના રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભના મનના તરંગો શાંત થાય છે પછી સન્માર્ગ હાથ લાગે છે. આ પાંચ શિષ્યોના મનના તરંગો શાંત થયા, અંતરમાં બિરાજેલ શાશ્વત પદાર્થ સચ્ચિદાનંદ ઘનનો ભેટો થયો. બહારમાં સદ્‌ગુરુનું ભેટવું થયું. સમાધિ તે જ છે કે તેમાં આત્મા સમભાવમાં જીવતો

થાય. ત્રિકાળસત્ તો સહુમાં જીવતું જાગતું છે તે સ્વપર્યાયમાં વેદાય છે. અહીં આનંદ નિરવધિ અનુભવાય છે. દેહથી આત્મા ભિન્ન છે. પુત્ર, પરિવાર, ધનાદિક સંપત્તિ, બાહ્ય યશ, સત્તા, લાલસા મારા આત્મામાં નથી. તે સર્વથી ભિન્ન અનંત અનંત ગુણ-શક્તિથી ભરપૂર જ્ઞાન, દર્શન, સુખ, આનંદ, પ્રકાશથી પૂર્ણ છું. આવી અનુભૂતિ મનજળ શાંત થતાં, બાહ્ય તરંગો શાંત થતાં પોતાનો યથાર્થ મહિમા આવતા જીવ અનુભવી શકે છે. બહિરાત્મામાંથી મુક્ત થઈ અંતરાત્મામાં નિમજ્જિત થાય છે. અપાર આનંદ, અપૂર્વ સુખ અનુભવે છે.

(૧) **વિશેષાર્થ :** હવે વિશેષાર્થનો અભ્યાસ કરીએ.

यन्मनोजलम् - જેનું મનરૂપી જળ, મનરૂપી સરોવર, મનરૂપી તળાવ, મનરૂપી મહાસાગર. જ્યાં સુધી મન ચંચળ છે ત્યાં સુધી આત્મસંવેદન શક્ય નથી.

શ્રીમદ્ ભગવદ્ગીતાના છઠ્ઠા અધ્યાયમાં અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે :

**चञ्चलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम् ॥**
**तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥ ६-३४**

અર્થાત્ હે કૃષ્ણ ! મન અત્યંત ચંચળ છે. તથા પ્રમથન સ્વભાવવાળું છે.

મન અત્યંત દઢ અને બળવાન છે. જેમ વાયુને સ્થિર કરવું મુશ્કેલ છે, વાયુ રોકી શકાતો નથી તેમ મનને વશ કરવું દુષ્કર છે. તો હે કૃષ્ણ ! મનને કેવી રીતે વશ કરવું ?

તેનો પ્રત્યુત્તર પછીના શ્લોક - ૩૫માં આપ્યો છે.

**असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।**
**अभ्यासेन तु कौन्तेय वैराग्येण च गृह्यते ॥ ६-३५**

હે મહાબાહુ અર્જુન ! તું સાચું કહે છે. નિઃસંશય મન ચંચળ છે. દઢ છે. બળવાન છે. મુશ્કેલીથી વશ થઈ શકે તેવું છે તો પણ હે કુન્તીપુત્ર ! અભ્યાસ અને વૈરાગ્યના પ્રયોગથી મન પણ વશ થાય છે.

**(ક્રમશઃ)**

• • •

## પરમનો સ્પર્શ - ૯૯
## બહાર સુખબોધ, ભીતર આત્મબોધ...

**(પાના નં. ૯ પરથી ચાલુ...)**

કરવા જનાર તો આત્મદેવને ઓળખી શકતો નથી અને આત્મલીનતા પામી શકતો નથી.

સંત કબીર પાસે સાંપ્રદાયિકતા જ નષ્ટ થઈ જાય છે એવું નથી, બલ્કે ધર્મો ધર્મો વચ્ચેના ભેદ પણ ઓગળી જાય છે. એમણે સાંપ્રદાયિકતાની સંકીર્ણતાનો તો ત્યાગ કર્યો જ હતો, પણ એથીય વિશેષ જુદા જુદા ધર્મની દીવાલો ભાંગી નાખી હતી.

બાળપણથી જ એ રામભક્તિમાં ડૂબેલા હતા. એ વાત સાચી છે કે સંત કબીરના રામ એ વાલ્મીકિ કે તુલસીદાસના રામ નથી. તેઓ નાની વયથી જ રામભક્તિના નશામાં ડૂબેલા હતા. ક્યારેક તો કાંતણ-વણાટ કામ કરતા કબીર રામમાં એટલા લીન બની જતાં કે કામ કરવાનું ભૂલી જતા હતા. એમણે પદોમાં હિંદુ દેવતાઓનાં નામ લીધા હોવાથી મુસલમાન લોકો એમના પર ચિડાયેલા રહેતા હતા. બીજી બાજુ હિંદુઓ પણ સંત કબીરથી નારાજ હતા. હિંદુઓની મૂર્તિપૂજા, અસ્પૃશ્યતા જેવી બાબતો અંગે કબીર આકરા સવાલો પૂછતા. વળી, મુસલમાન કુળમાં જન્મેલા કબીરસાહેબ મોટે ભાગે હિંદુ વૈષ્ણવ ભક્તની જેમ રહેતા હતા. આ રીતે સંત કબીરે ધર્મના અનિષ્ટો દર્શાવવાની સાથોસાથ ધર્મો-ધર્મો વચ્ચેની દીવાલ ભાંગી નાખી અને આ એમનું સૌથી વિરલ કાર્ય કહેવાય.

• • •

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ)

## ૮મા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુ ભગવાન સ્તવન

ગણિશ્રી દેવચંદ્રજી મહારાજ આ સ્તવનમાં શ્રી ચંદ્રપ્રભુ તીર્થંકરની સેવાનું સ્વરૂપ સાત નય વડે સમજાવી રહ્યાં છે અને તે દ્વારા જિનપદસેવાથી નિજપદ સેવા સુધીનો સમસ્ત મોક્ષમાર્ગ કંડારી આપે છે. દ્રવ્યસેવા અને અપવાદ ભાવસેવાનું સ્વરૂપ ગણિશ્રીએ સમજાવ્યું. હવે ઉત્સર્ગ ભાવસેવાને પણ સાત નય દ્વારા સમજાવતાં ગણિશ્રી આપણને છેક સિદ્ધપદ સુધીની યાત્રા કરાવશે ! આ સર્વે અવસ્થાને 'પ્રભુસેવા'ના રૂપમાં મૂકવાનું કારણ એ છે કે આ સમસ્ત યાત્રાની શુભ શરૂઆત તો પ્રભુ સાથે ''ભાવ અભેદ થવાની ઇહા''થી થતી દ્રવ્યસેવાથી જ થઈ હતી. તે દ્રવ્યસેવાથી જેમ જેમ સાધકના આત્માના પરિણામ નિર્મળ થતાં જાય તેમ તેમ તે ભાવસેવામાં પલટાતી જાય છે. તે નિર્મળ તાત્ત્વિક પરિણામ કારણરૂપ અપવાદ ભાવસેવા બની પોતાના આત્માને જ પરમાત્મા બનવાની આત્યંતિક કર્મક્ષયરૂપ શ્રેણીએ ચઢાવે છે ત્યાં 'હું સેવક ને હું છું સ્વામ' જેવી અદ્‌ભુત સ્વરૂપલીનતારૂપ કાર્યસિદ્ધિ હોવાથી તે જ નિજાત્માની સેવા થઈ કહેવાય ! તેને ઉત્સર્ગ ભાવસેવા કહીને શ્રી દેવચંદ્રજી તેને પણ સાત નય દ્વારા ઉત્તરોત્તર ચઢતા ગુણસ્થાનરૂપે રજૂ કરે છે તે હવે જોઈએ :

**ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટ્યો, નૈગમ પ્રભુતા અંશેજી;**
**સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી.**
**શ્રી૦ ૬**

**શબ્દાર્થ :** નૈગમનયથી ઉત્સર્ગ ભાવસેવા ત્યારે કહેવાય કે જ્યારે પ્રભુતાના અંશરૂપ સમકિત ગુણ પ્રગટે છે. આત્મા જ્યારે સ્વ-સત્તાનું આલંબન લ્યે છે ત્યારે સંગ્રહનયથી ઉત્સર્ગ ભાવસેવા છે અને પ્રશંસનીય ભાવ-મુનિપદને પામે તે વ્યવહારનયથી ઉત્સર્ગ ભાવસેવા છે.

**વિશેષાર્થ :** નૈગમનયથી જે કારણરૂપ અપવાદ ભાવસેવા હતી કે જેમાં પ્રભુ પ્રત્યે પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાના ભાવ હતા અને પ્રભુ જેવા બનવાનો સંકલ્પ હતો, તે સુયોગ્ય કારણ વડે સાધકને હવે ક્ષાયિક સમકિત પ્રગટે છે. અહીં દર્શનમોહનો સંપૂર્ણ ક્ષય થતાં તત્ત્વનિર્ધારરૂપ **''સમકિત ગુણ પ્રગટ્યો''**. શ્રદ્ધા ગુણ અહીં પૂર્ણપણે પ્રગટતાં હવે શ્રદ્ધા ગુણમાં કંઈ વિશેષ કરવાનું બાકી ન રહેતું હોવાથી અને તે ક્ષાયિક સમકિતના બળે આ સત્પુરુષ એક, બે કે ત્રણ ભવે નિર્વાણ પામશે, એવી પ્રભુતાના અંશરૂપી અભૂતપૂર્વ 'કાર્યસિદ્ધિ' થઈ હોવાથી તેને ઉત્સર્ગ ભાવસેવા કહી અને **''પ્રભુતા અંશેજી''** — પ્રભુના અંશને વર્તમાનમાં જ પ્રભુ કહેવાની ઉદારતા તે નૈગમનય. આમ, પ્રભુતાના અંશરૂપ ક્ષાયિક સમકિત ગુણ પ્રગટ્યો તે છે નૈગમનયથી ઉત્સર્ગ ભાવસેવા.

આ ક્ષાયિક સમકિતી પુરુષ પછી જ્યારે ચારિત્રમોહને ક્ષય કરવાના સોપાનો ચઢતો જાય છે ત્યારે **''સંગ્રહ આતમ-સત્તાલંબી''** - સંગ્રહનયથી પહેલા અપવાદ ભાવસેવામાં 'હું પ્રભુ જેવો' - એવા ભાવનું ચિંતન હતું તે હવે પ્રભુનું પણ અવલંબન છોડી નિજ આત્મસત્તાનું અવલંબન લઈ તેનું ભાવભાસન અને તેમાં રમણતા, તન્મયતા થતાં પ્રભુ જેવા બનવાનું કાર્ય સિદ્ધ થવા માંડ્યું છે, તેથી તે સંગ્રહનયથી ઉત્સર્ગ ભાવસેવા છે. જેમ કોઈ પિતા-પુત્રની જોડી જોઈને ઘણીવાર આપણે કહીએ

છીએ કે આ પુત્ર તેના પિતા જેવો જ લાગે છે તેમ આ આત્માલંબી નિર્ગ્રંથ મુનિ છે જે જિનેશ્વરના લઘુનંદન, 'કેવળ લગભગ ભૂમિકા' જેવી, લગભગ પ્રભુ જેવી પરમ શાંત દશામાં હોવાથી તેમના શુભ આત્મપરિણામને સંગ્રહનયથી ઉત્સર્ગ ભાવસેવા કહી. **"મુનિપદ ભાવ પ્રશંસેજી"** - આ પ્રશંસનીય મુનિની ભાવદશાને શ્રી દેવચંદ્રજીએ વ્યવહારનયથી (નૈગમ, સંગ્રહ અને ત્યારપછી ત્રીજો વ્યવહારનય) ઉત્સર્ગ ભાવસેવા અહીં ગર્ભિતપણે કહી છે કારણ કે આ નિર્ગ્રંથ મુનિ ૨૮ મૂળગુણ રૂપી દ્રવ્યસંયમનો વ્યવહાર પણ પ્રભુઆજ્ઞા મુજબ યથાર્થ રીતે પાળે છે અને હજુ શ્રેણી ચઢયા ન હોવાથી ૬-૭માં ગુણસ્થાન સુધીનું જ કાર્ય સિદ્ધ થયું હોવાથી 'વ્યવહાર'માં મૂક્યું. અને ઉત્સર્ગ એટલા માટે કે સમકિત ક્ષાયિક હોવાથી ચારિત્રમોહના કર્મોનો પણ ઉપશમ નહીં પરંતુ ક્ષય થવારૂપ કાર્યસિદ્ધિ થઈ રહી છે. આવા 'દ્રવ્ય-ભાવ સંયમમય નિર્ગ્રંથ' ની આગળની શ્રેણીની ભાવદશા બીજા બે નયથી ઉત્સર્ગ ભાવસેવારૂપે રજૂ કરતાં શ્રી દેવચંદ્રજી કહે છે :

**ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આતમશક્તિ પ્રકાશેજી;**
**યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી.**
**શ્રી૦ ૭**

**શબ્દાર્થ :** ક્ષપકશ્રેણીના પદે આવતાં જે આત્મશક્તિઓ પ્રકાશે છે તે ઋજુસૂત્રનયે ઉત્સર્ગ ભાવસેવા છે અને યથાખ્યાત ક્ષાયિક ચારિત્રનું પદ જ્યાં શુદ્ધ આત્મધર્મ ઉલ્લસિત થાય છે તે શબ્દનયે ઉત્સર્ગ ભાવસેવા છે. (શ્રેણી પદસ્થે = ક્ષપકશ્રેણીની દશા પામતાં; યથાખ્યાત પદ = યથાખ્યાત ચારિત્રરૂપી દશા; શબ્દસ્વરૂપે = શબ્દનયથી)

**વિશેષાર્થ :** નિર્ગ્રંથ મુનિરાજ કોઈ યથાયોગ્ય સમયે ઘનિષ્ઠ સ્વાત્માલંબનરૂપ સમાધિમાં ક્ષપક શ્રેણીએ ચઢે છે ત્યારે આઠમા 'અપૂર્વકરણ' ગુણસ્થાને ત્રણ વેદ આદિ નોકષાયનો ક્ષય; નવમાં 'અનિવૃત્તિકરણ' ગુણસ્થાને સંજ્વલન ક્રોધ, માન, માયા કષાયનો ક્ષય અને દશમા સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનના અંતે સંજ્વલન લોભ કષાયનો ક્ષય કરે છે. અહીં ક્ષપકશ્રેણીરૂપ વર્તમાન પર્યાયને જ લક્ષમાં રાખી, ભૂત-ભાવિની પર્યાયને ગૌણ કરી હોવાથી 'ઋજુસૂત્રનય' અને સર્વ કર્મોના સંપૂર્ણ ક્ષયથી કદી પાછા ન પડવારૂપ 'કાર્યસિદ્ધિ' થતી હોવાથી તેને 'ઉત્સર્ગ ભાવસેવા' કહી. વળી, જેટલા કર્મોનો ક્ષય તે પ્રમાણેની અવિનાભાવી **"આતમશક્તિ પ્રકાશેજી !"** – એ પણ સ્વાભાવિક છે. બસ, પછી તો ક્ષપકશ્રેણીએ આરોહિત આ મહાપુરુષ ૧૧મા ગુણસ્થાનનું ઉલ્લંઘન કરી સીધા બારમા 'ક્ષીણમોહ' ગુણસ્થાને પહોંચી જાય છે, જ્યાં મોહ સંપૂર્ણપણે ક્ષીણ થતાં, નાશ થતાં 'યથાખ્યાત ચારિત્ર' પ્રગટે છે. **"યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે"** – યથાખ્યાત એટલે જેવું હોવું જોઈએ તેવું યથાર્થ; એમ યથાખ્યાત શબ્દ જે ભાવ પ્રગટ કરે છે તેવો જ શબ્દ પ્રમાણેનો ભાવ અર્થાત્ જેવું હોવું જોઈએ તેવું પરિપૂર્ણ ચારિત્ર પ્રગટવારૂપ કાર્ય આ ગુણસ્થાનના અંતે સંપન્ન થતું હોવાથી ત્યાં 'શબ્દનયે ઉત્સર્ગ ભાવસેવા' છે. અને ત્યાં **"શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી"** - મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી આત્માનો સંપૂર્ણ શુદ્ધ ધર્મ અહીં ઉલ્લસે છે, પ્રગટે છે.

અહીં પ્રશ્ન થાય કે અપવાદ ભાવસેવામાં પણ બારમા ગુણસ્થાનકની વાત હતી (જુઓ ગાથા-૫ વિવેચન) અને અહીં બારમા ગુણસ્થાનકને ઉત્સર્ગ ભાવસેવામાં મૂક્યું. તો બંને વચ્ચ શું ફરક ? તો તે બંને વચ્ચે જે ઘણો સૂક્ષ્મ ભેદ છે તે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક- ૭૫૧માં જે વાત પ્રકાશી છે તેના પરથી સ્પષ્ટ થશે. તેઓશ્રી ફરમાવે છે કે : *"કેવળજ્ઞાન ઉપજવાના છેલ્લા સમય સુધી સત્પુરુષના વચનનું અવલંબન વીતરાગે કહ્યું છે; અર્થાત્ બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક પર્યંત*

*શ્રુતજ્ઞાનથી આત્માના અનુભવને નિર્મળ કરતાં કરતાં તે નિર્મળતા સંપૂર્ણતા પામ્યે 'કેવળજ્ઞાન' ઉત્પન્ન થાય છે."* તો ઉપરોક્ત વચનામૃતમાં બારમે ગુણ-સ્થાને જ્યાં સુધી 'અવલંબન' રહ્યું છે ત્યાં સુધી તે 'કારણરૂપ' હોવાથી અપવાદ ભાવસેવા અને જ્યાં એમ કહ્યું કે "... અનુભવને નિર્મળ કરતાં કરતાં તે નિર્મળતા સંપૂર્ણતા પામ્યે..." આ ભાવદશામાં બારમા ગુણસ્થાનકના અંતે સર્વ પર-અવલંબન છૂટી માત્ર ને માત્ર સ્વાવલંબન રહે તેવી 'કાર્યસિદ્ધિ' થતી હોવાથી તે ઉત્સર્ગ ભાવસેવા છે. વધુ સ્પષ્ટતા તો આપણે જ્યારે, જે ભવે, બારમા ગુણસ્થાનકે પહોંચશું ત્યારે જ થઈ શકશે !! કારણ કે, *"અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો !"* હવે છેલ્લા બે નય દ્વારા ઉત્સર્ગ ભાવસેવાની પરાકાષ્ઠાએ શ્રી દેવચંદ્રજી પહોંચાડે છે, તે જોઈએ :

**ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;**
**સાધનતાએ નિજ ગુણવ્યક્તિ, તેહ સેવના વખાણોજી.**

શ્રી૦ ૮

**શબ્દાર્થ :** સયોગી ગુણસ્થાનક અને શૈલેશીકરણથી પ્રાપ્ત અયોગી ગુણસ્થાનક તે અંતિમ બે નય પ્રમાણે ઉત્સર્ગ ભાવસેવા છે. પ્રભુની સેવારૂપ સાધનતા વડે આત્માના નિજગુણો આમ વ્યક્ત થાય તે જ વખાણવા લાયક સેવા છે. (સયોગી =મન, વચન, કાયાના યોગ સહિત અરિહંત પરમાત્મા; અયોગી = સિદ્ધ પરમાત્મા; દુગ નય = બે નય; વ્યક્તિ = વ્યક્ત થવું, પ્રગટ થવું.)

**વિશેષાર્થ :** હવે ઉત્સર્ગ ભાવસેવાનું સર્વોત્કૃષ્ટ સ્વરૂપ અંતિમ બે નય - સમભિરૂઢ નય અને એવંભૂત નયથી પ્રરૂપે છે. ૧૨માં ગુણસ્થાનના અંતે સર્વ ઘાતીકર્મોનો નાશ તથાં આ સત્પુરુષને કેવળજ્ઞાન પ્રગટે છે. તેઓ ૧૩મા સયોગી કેવળી ગુણસ્થાનમાં આવતાં અરિહંત પરમાત્મા બને છે. અહીં હવે 'પરમાત્માનો અંશ' આદિ ભાવ ન રહેતાં, સ્પષ્ટપણે અનંત ચતુષ્ટયરૂપ પરમાત્માપણું હોવાથી તે સમભિરૂઢ નયથી ઉત્સર્ગ ભાવસેવા છે. તેમ છતાં અરિહંત તે સિદ્ધ તો નથી જ. તેથી એવંભૂત નય તેઓ સિદ્ધપણું પામે ત્યારે જ સિદ્ધ કહેશે (જેમ આગળ દૃષ્ટાંતમાં આવ્યું હતું કે પૂજા કરતો હોય ત્યારે જ તે પૂજારી એમ એવંભૂત નય કહેશે.) તેથી અરિહંત પરમાત્મા જ્યારે ચોથા પ્રકારના શુક્લધ્યાન વડે શૈલેશીકરણ કરે અર્થાત્ યોગનું રુંધન કરી શૈલેષ, અર્થાત્ મેરુ સમાન નિષ્કંપ, અડોલ ચૌદમા અયોગી ગુણસ્થાનને પ્રાપ્ત કરે ત્યારે તે એવંભૂતનયથી ઉત્સર્ગ ભાવસેવા કહેવાય. (આ ગુણસ્થાન અને સિદ્ધપદનું સુંદર ભાવવાહી પદ્યમય વર્ણન પરમકૃપાળુદેવે 'અપૂર્વ અવસર' કાવ્યમાં ગાથા ૧૭-૧૮માં કર્યું છે. ખરેખર તો જેમ શ્રી દેવચંદ્રજીએ સાત નય અને ભાવસેવાના સંદર્ભમાં ગુણસ્થાન આરોહણ ક્રમ દર્શાવ્યો તેમ ઉપરોક્ત કાવ્યમાં પણ પરમકૃપાળુદેવે પોતાની આગવી શૈલીમાં સમસ્ત મોક્ષમાર્ગ ગુણસ્થાન આરોહણ ક્રમ દ્વારા દર્શાવ્યો છે.)

**"સાધનતાએ નિજગુણ વ્યક્તિ"** - આમ અપવાદ ભાવસેવારૂપી સાધનદશા- તે કારણનું અવલંબન લઈ પોતાના આત્માના ગુણો સિદ્ધપદે પૂર્ણપણે વ્યક્ત થયા તે ઉત્સર્ગ ભાવસેવારૂપ કાર્યસિદ્ધિ થઈ. તેવી **"સેવના વખાણોજી"** - આવી ઉત્તરોત્તર વધતી જતી આત્મશુદ્ધિરૂપ સેવના વખાણવા લાયક છે; સર્વ નર, નારી, ઈન્દ્ર, નરેન્દ્ર, મુનીન્દ્ર દ્વારા પૂજનીય છે. તેવી સેવનાના વખાણ અને અનુમોદના કરતાં પણ આપણા અનંતા કર્મો ખપે છે. હવે શ્રી દેવચંદ્રજી ફરીથી આ બંને ભાવસેવાના કારણ-કાર્ય સંબંધને વધુ દૃઢ કરાવે છે :

**કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી;**
**આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી.**

શ્રી૦ ૯

**શબ્દાર્થ :** જે કારણરૂપ ભાવ છે તે અપવાદ ભાવસેવા અને જે કાર્યરૂપે પરિણમે છે તે ઉત્સર્ગ ભાવસેવા છે. તેનાથી જે આત્મભાવ ઉત્પન્ન થયો

તેમાં પ્રભુની દ્રવ્યસેવારૂપ બાહ્ય પ્રવૃત્તિ તે નિસર્ગરૂપે, કુદરતી રીતે જ, સહજપણે હોય છે.

**વિશેષાર્થ :** આત્મસ્વરૂપની સિદ્ધિ માટે સૌ પ્રથમ મહત્ત્વનું એ છે કે આપણા મન, વચન, કાયાના યોગ પ્રભુની સેવા અર્થાત્ તેમના ગુણગાન, કીર્તન આદિ દ્રવ્યસેવામાં લગાડી દઈએ, જેનું વિશેષ સ્વરૂપ આપણે ગાથા-૨માં જોયું. જે નિજાત્મપ્રેમી હોય તે પ્રભુપ્રેમી હોય જ. તેથી તે નિસર્ગપણે, સ્વાભાવિકપણે જ દ્રવ્યસેવારૂપી બાહ્ય પ્રવૃત્તિમાં જોડાય છે. પ્રભુના ગુણગાન તેને ગુણ-ચિંતન તરફ દોરે છે, જેનાથી પોતાના પરિણામોની શુદ્ધિ કરતો જાય છે, તે છે અપવાદ ભાવસેવા, જે આગળની વધુ નિર્મળ આત્મદશા માટે કારણરૂપ છે. તેનાથી આત્માના શ્રદ્ધા, ચારિત્ર આદિ ગુણો ક્ષાયિકપણે શુદ્ધ થવા રૂપ કાર્યસિદ્ધિ તે છે ઉત્સર્ગ ભાવસેવા. કારણ-કાર્ય સંબંધ ઉપર વધુ પ્રકાશ પાડતાં શ્રી દેવચંદ્રજી હવે કહે છે :

**કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;**
**કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામીક ભાવોજી.**
**શ્રી૦ ૧૦**

**શબ્દાર્થ :** પરંપરાગત કારણભાવનું સેવન કરતા કાર્યરૂપ ભાવ પ્રગટે છે. કાર્ય સિદ્ધ થતાં કારણતા નાશ પામે છે અને માત્ર શુદ્ધ પારિણામીક ભાવ જ શેષ રહે છે. (પરંપર = ક્રમપૂર્વક; વ્યય = નાશ પામવું, શુચિ = શુદ્ધ; પરિણામીક ભાવ = આત્માનો મૂળભૂત સ્વભાવ)

**વિશેષાર્થ :** મોક્ષમાર્ગની સાધનાની એક યોગ્ય પરંપરા છે, માર્ગનો એક સુયોગ્ય ક્રમ છે. દ્રવ્યસેવાથી શરૂ કરીને ઉત્સર્ગ ભાવસેવાની પરંપરા જિનેશ્વરદેવે પ્રરૂપી છે. ઉપરોક્ત દ્રવ્યસેવા અને અપવાદ ભાવસેવારૂપ કારણનું ઉલ્લંઘન કરી, તે પરંપરાનો ક્રમ સેવ્યા વિના કોઈ સીધો ઉત્સર્ગ ભાવસેવારૂપ નિર્વિકલ્પ સમાધિમાં ન આવી શકે. જિનેશ્વર તથા સદ્‌ગુરુની આજ્ઞારૂપ પરંપરાનું પ્રામાણિકપણે, નિજછંદનને છોડીને સેવન કરી આત્માને નિર્મળ કરતાં **"પ્રગટે કારજ ભાવોજી"** - શુદ્ધ આત્મજ્ઞાનરૂપી કાર્ય પ્રગટે છે. ઉત્તરોત્તર ગુણસ્થાન ચઢતાં જ્યારે સાધક સિદ્ધપદને પામી લોકાગ્રે બીરાજે છે ત્યારે સર્વ કાર્ય સંપન્ન થયું હોવાથી **"કારણતા વ્યય"** પામે છે - સર્વ કારણરૂપ આલંબન છૂટી જાય છે. ત્યાં હવે ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક એવા કોઈ ભાવ ન રહેતાં, માત્ર પોતાના શુદ્ધ ત્રિકાળી ધ્રુવ સ્વભાવગત પરમ પારિણામીક ભાવ શેષ રહે છે. "સાદિ અનંત અનંત સમાધિસુખ" - એવી કૃતકૃત્યતારૂપ સિદ્ધપદ પામતાં પછી કોઈ દ્રવ્યસેવા, ભાવસેવા જેવા કારણો આપવાની આવશ્યકતા જ ન રહેતાં તે કારણો સહજપણે વિલીન થઈ જાય છે. અહીં એવી શીખ પણ મળે છે કે કાર્ય સંપન્ન ન થાય ત્યાં સુધી કારણનું સેવન નિષ્ઠાપૂર્વક કરવું પરંતુ કાર્ય સંપન્ન થતાં તે કારણને પકડી ન રાખવું; તો જ આગળની આત્મદશાએ પહોંચી શકાય છે. અંતમાં, શ્રી દેવચંદ્રજી શું ઉપદેશ અને આશીર્વચનો કહે છે તે જોઈને સ્તવનની સમાપ્તિ કરીએ.

**પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;**
**શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી.**
**શ્રી૦ ૧૧**

**શબ્દાર્થ :** પરમ ગુણી એવા શ્રી ચંદ્રપ્રભુની તન્મયતાપૂર્વક સેવા કરવાથી સાધક નિશ્ચય ધ્યાન - આત્મધ્યાન ધ્યાવે છે, જેનાથી શુદ્ધાત્માના અનુભવનો આસ્વાદ માણી તે દેવચંદ્રપદને પામે છે.

**વિશેષાર્થ :** પરમગુણી એટલે સર્વોત્કૃષ્ટ શુદ્ધ અને અનંત ગુણોના ધારક એવા શ્રી ચંદ્રપ્રભુ ભગવાનની જો તન્મયતાપૂર્વક સેવા કરીએ, અર્થાત્ તેમની આજ્ઞાનું આરાધન, તેમના ગુણોનું ગુંજન

અને ચિંતન કરતાં કરતાં જો તેમાં તન્મય થવાય તો ધીમે ધીમે સાધક તે પ્રભુભક્તિ દ્વારા પરાભક્તિ તરફ સરકતો જશે અને ''નિશ્ચય ધ્યાન'' અર્થાત્ નિર્વિકલ્પ સમાધિમાં લીન થશે. તે સમાધિમાં તે શુદ્ધ આત્માના અનુભવનો અને સ્વભાવમાંથી જ ઉત્પન્ન એવા સહજ સુખનો આસ્વાદ માણશે. એકવાર તે અનુભવનો સ્વાદ ચાખ્યા બાદ તેને જગતના સર્વ માની લીધેલા સુખ તુચ્છ લાગશે અને તેનો પુરુષાર્થ જ્યાં અનંત સુખ રહેલું છે એવા પરમપદને પામવામાં લાગી જશે. દ્રવ્યસેવાથી માંડીને ઉત્કૃષ્ટ ભાવસેવાના બધા સોપાનો ચઢીને તે દેવોમાં ચંદ્ર સમાન પરમાત્મપદને થોડા જ ભવોમાં પામશે. જુઓ ! કેવું સામર્થ્ય છે પ્રભુસેવાનું કે જ્યાં સેવક સ્વયં સેવ્ય એવા પ્રભુપદને પામતાં સેવક-સેવ્યનો ભેદ મટી જાય છે.

**ઉપસંહાર :**

આ સ્તવનથી આપણને એક સુંદર સમજણ મળી કે પ્રભુની દ્રવ્યસેવા જ્યારે અત્યંત ઉલ્લાસપૂર્વક અને પ્રભુ સાથે ભાવ-અભેદતા સાધવાના લક્ષથી થાય ત્યારે આપણા આત્મપરિણામની વિશુદ્ધિ થતાં થતાં આપણે સ્વયં પ્રભુ જેવા બનતા જઈએ - *''પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ''* - એ જ તો છે ખરેખર પ્રભુની ભાવસેવા. ચંદ્રપ્રભુ તો વીતરાગી થઈ સિદ્ધપદે બિરાજે છે. તેથી તેમને એવી કોઈ અપેક્ષા ન જ હોય ને કે *''આ મારો શિષ્ય છે. અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે !''* પરંતુ ભાવસેવા તે ભક્તનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ, શ્રદ્ધા અને અર્પણતાનો અંતરંગ ભાવ છે, જેનાથી તે સ્તવનમાં બતાવ્યા પ્રમાણે ઉત્તરોત્તર ગુણસ્થાનો ચઢતો અંતે સિદ્ધપદને પામે છે. દ્રવ્યસેવા અને નૈગમનયથી પ્રભુ જેવા બનવાના સંકલ્પવાળી અપવાદ ભાવસેવાથી શરૂ થયેલ આ ભાવયાત્રા આમ એવંભૂતનયથી ઉત્સર્ગ ભાવસેવામાં પૂરી થાય છે. પ્રભુસેવાના દરેક પાસાને એક મૌલિક દૃષ્ટિકોણથી રજૂ કરી આપણને આ રીતે સાધ્યલક્ષી પ્રભુસેવાની પ્રેરણા કરી *''શ્રી ચંદ્રપ્રભુ જિનપદ-સેવાના જે હેવા પાડ્યા''*, ટેવ પડાવી, તે માટે શ્રી દેવચંદ્રજી મહારાજને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણા અહીં વિરામ પામે છે. નયવિવક્ષાના ગંભીર અને સૈદ્ધાંતિક વિષયમાં આ લેખકની ભૂલ થવાની સંભાવના છે. તેથી કોઈ રીતે ઉત્સૂત્ર લખાયું હોય તો સર્વ સત્પુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

- ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ -

## વિદ્યાર્થીઓમાં ચિંતાજનક રીતે વધતું જતું ગુનાખોરીનું પ્રમાણ

**(પાના નં. ૩૩ પરથી ચાલુ...)**

જો સંયમની પાળ તોડી, તો બની જશે કલંકિત !

યૌવન છે એક એવો અશ્વ, જેની પાસે છે સઘળું, નથી માત્ર લગામ.

તરવરિયા તોખારને, થનગનતા અશ્વને આગળ વધવા ધારે તો કોઈ રોકી શકે તેમ નથી, જરૂર છે માત્ર લગામની કે જેથી તે ક્યાંય ભટકી ન જાય. માવતરો જાગો ! આ થનગનતા યૌવનને એક એવું મેદાન આપો કે જ્યાં થઈને તે આગળ વધી શકે. તેને સ્વતંત્રતા આપો પણ સ્વચ્છંદી ન બનવા દો. તેનામાં સ્વયંશિસ્ત આવે, એવા સંસ્કારો આપો, જેથી શિસ્તને તેના પર લાદવી ન પડે. અનીતિ, અવિવેક અને અનાચારના પડછાયાથી પણ યુવાનોને દૂર રાખવા, તો આ યૌવનને આગળ વધતા કોઈ નહિ રોકી શકે. તેના માટે લગામનું કામ કરો કે જેથી તે સુંદર રીતે આગળ વધી શકે. ગુનાખોરી સંસ્કારોના સિંચનથી જ અટકી શકશે, તે સિવાય નહિ.

ગર્ભાવસ્થાથી જ બાળકમાં એવું સિંચન કરો કે તે રામ પેદા થાય, રાવણ નહિ. કૃષ્ણ પેદા થાય, કંસ નહિ. બસ, જાગ્યા ત્યારથી સવાર. વિદ્યાર્થીકાળને અનુરૂપ કાર્યો વિકસાવવાથી સુંદર વિકાસ સાધી શકાશે. ■ ■ ■

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૧૭)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## સંલ્લેખનાવ્રતના અતિચાર

જે ભાવોથી સંલ્લેખનાવ્રતનો એકદેશ ભંગ થઇ જાય છે તેને સંલ્લેખનાના અતિચાર કહે છે. પ્રધાનરૂપે એવા પાંચ ભાવ છે, જેનાથી સંલ્લેખનાવ્રતનો ભંગ થઇ શકે છે.

**''जीवितमरणाशंसामित्रानुरागसुखानुबंधनिदानानि''** (ત.સૂ., ૭-૩૭) જીવિતાશંસા, મરણાશંસા, મિત્રાનુરાગ, સુખાનુબંધ અને નિદાન, આ પાંચ સંલ્લેખનાવ્રતના અતિચાર છે.

**(૧) જીવિતાશંસા :-** જીવવાની ઇચ્છાને જીવિતાશંસા કહે છે. સંલ્લેખના લીધા પછી જીવિત રહેવાની ઇચ્છા કરવી જીવિતાશંસા નામક અતિચાર છે. **''હજુ તો હું વધારે જીવી શકત, વ્યર્થ જ મેં સંલ્લેખના લઇ લીધી, હવે જલ્દી મૃત્યુ ન આવે તો સારું''** આ પ્રકારના ભાવોથી જીવવાની ઇચ્છા રહેવી તે જીવિતાશંસા કહેવાય છે. મરવાનો સંકલ્પ કરીને જીવવાની ઇચ્છા કરવી તે વ્રતથી વિપરીતભાવ હોવાને લીધે વ્રતભંગ થઇ જાય છે.

**(૨) મરણાશંસા :-** વેદનાથી વ્યાકુળ થઇને શીઘ્ર મરવાની ઇચ્છા કરવી તે મરણાશંસા નામક અતિચાર છે. **''હે ભગવાન ! હવે તો મોત આવી જાય તો સારું, આ વેદના હવે સહન થતી નથી, શું ખબર ક્યારે પ્રાણ છૂટશે''** આ પ્રકારના ભાવોથી જલ્દી મરવાની ઇચ્છા કરવી તે મરણાશંસા કહેવાય છે. વેદના પ્રત્યે દ્વેષભાવના હોવાથી આને અતિચાર ગણવામાં આવ્યો છે. આવા દ્વેષ તથા આકુળતાથી દેહ છૂટવાથી અસમાધિમરણ થઇ શકે છે.

**(૩) મિત્રાનુરાગ :- ''હવે મારા પ્રિય મિત્રોનો સંગ છૂટી જશે, શું ખબર આગલા ભવમાં આ બધા મિત્રો ફરી મળશે કે નહીં. આવા મિત્રો તો ઘણા સૌભાગ્યથી કોઇ-કોઇને જ મળે છે. એમની સાથે હજુ થોડો વધારે સમય ગાળતો તો સારું થાત અથવા આગલા ભવમાં પણ મને આ બધા મિત્રોનો સંગ મળો.''** આ પ્રકારે પોતાના ઇષ્ટ મિત્રો પ્રત્યે અત્યંત અનુરાગભાવ રાખવો તે મિત્રાનુરાગ નામનો અતિચાર કહેવાય છે. અતિરાગભાવથી દેહ છૂટવાથી અસમાધિમરણની સંભાવના રહે છે માટે આને અતિચાર માન્યો છે.

**(૪) સુખાનુબંધ :-** પૂર્વકાળમાં જે ઇન્દ્રિયસુખોનો ભોગ કર્યો હતો તેને વારંવાર સ્મરણ કરવા તે સુખાનુબંધ અતિચાર છે. ભોગોના સ્મરણથી તેમાં વાસના રહી જવાથી દુર્ગતિ થઇ શકે છે. આ કારણે તેને અતિચાર કહ્યો છે.

**(૫) નિદાન :-** સંલ્લેખનાના ફળસ્વરૂપે આગામી ભવમાં દિવ્ય ઇન્દ્રિય સુખોની અભિલાષા રાખવી તે નિદાન કહેવાય છે. **''આ શરીર તો આમ પણ થોડા દિવસો પછી છૂટવાનું જ છે, જો આ સમયે હું સંલ્લેખના લઇ લઇશ તો આ શરીર છૂટે ત્યાં સુધી થોડા દિવસ ભલે કષ્ટ પડે પરંતુ સંલ્લેખનાપૂર્વક મરવાથી નિશ્ચયથી દેવગતિ પ્રાપ્ત થશે એવું આગમમાં લખ્યું છે માટે સંલ્લેખનાથી મને દિવ્ય ઇન્દ્રિય સુખોની પ્રાપ્તિ અસંખ્યાત વર્ષો સુધી થશે.''** એવી નિદાનબુદ્ધિપૂર્વક સંલ્લેખનાવ્રત ધારણ કરવું તે નિદાન નામનો અતિચાર છે.

આશય એ છે કે ઉપરોક્ત પાંચે અતિચારથી રહિત થઇને સંલ્લેખનાવ્રતનું પાલન કરવાથી નિશ્ચયથી સમાધિમરણ થાય છે, જેનું ફળ નિકટ

કાળમાં મોક્ષ છે. એવું જાણીને શું કરવું જોઇએ ? અંતિમ સમયમાં સહજ સમાધિ થાય એવું જીવન બનાવવું જોઇએ કારણ કે જેનું જીવન સમાધિમય હોય છે તેનું જ મરણ સમાધિમય થાય છે. સમાધિજીવનનું જ ફળ સમાધિમરણ છે. આપણું જીવન કેવું બનાવીએ કે અંત સમયમાં પ્રસન્નતાપૂર્વક શાંતભાવથી, પરિતૃપ્તભાવથી મૃત્યુ થઇ શકે ? પ્રસંગવશ આ બહુઉપયોગી વિષય પર થોડી વિચારણા કરવી લાભદાયી રહેશે. તેના માટે થોડીક વિશિષ્ટ વ્યવહારિક વાતોની સંક્ષિપ્ત વિચારણા કરીએ છીએ.

**(૧) સરળ અને પારદર્શી જીવન બનાવવું :-** અંત સમયમાં નિઃશલ્ય થઇને, પ્રસન્નતા અને નિશ્ચિતતાપૂર્વક દેહત્યાગ કરવા માટે સર્વ પ્રથમ આપણે પોતાના સંપૂર્ણ જીવનને સ્વચ્છ અને પારદર્શી બનાવવું પડશે. જેના જીવનમાં સ્પષ્ટતા, સ્વચ્છતા અને પારદર્શીપણું ન હોય તેનું સંપૂર્ણ જીવન બનાવટી થઇ જાય છે, જેને કપટભરેલું જીવન કહે છે. આ માયાચારથી યુક્ત જીવનમાં ક્યારેય પણ શાંતિ અને પ્રસન્નતા રહી શકતી નથી. ખોટા વિચારો અને ખોટા કાર્યોને સંતાડવા અને બહારથી સારા દેખાવાનો સ્વાંગ કરવો તે માયાચાર કહેવાય છે. માયાચારીનું મન સદૈવ અંતર્દ્વન્દ્વો અને ભયથી વ્યાકુળ રહે છે. માટે નિર્દ્વન્દ્વ અને નિર્ભય થઇને મરવા માટે સરળ અને પારદર્શી જીવન બનાવવું જોઇએ.

**(૨) નીતિયુક્ત જીવન બનાવવું :-** જે સર્વ કાર્ય નીતિસંપન્ન થઇને કરે છે તેને ક્યારેય પણ પશ્ચાત્તાપનો અવસર આવતો નથી. તેનાથી વિપરીત, જેનું જીવન અનૈતિક આચરણવાળું હોય છે તે અંદર-અંદર ભય અને પશ્ચાત્તાપથી આકુળ-વ્યાકુળ રહે છે. મૃત્યુવેળાએ આવા વ્યક્તિને તે બધા ખોટા આચરણ યાદ આવતા જાય છે, જેથી તે "હવે મારું શું થશે ? શું ખબર કઇ ગતિમાં જઇશ ? આ પ્રકારની આશંકાઓથી ભયાન્વિત રહે છે. તેને આર્ત્તધ્યાન કરીને દુર્ગતિમાં જવાનો અવસર આવે છે; માટે પ્રથમથી જ આપણું જીવન નીતિસંપન્ન બનાવવું કે જેથી પશ્ચાતાપનો વારો જ ન આવે. એવું કોઇ કાર્ય આપણે ન કરવું કે જેથી અંત સમયમાં પસ્તાવું પડે અને જો કદાચ પ્રબળ મોહવશ થઇ એવું કાર્ય થઇ જાય તો તરત જ તેની આલોચના અને પ્રાયશ્ચિત્ત કરીને મનને નિઃશલ્ય કરી લેવું જોઇએ પરંતુ તેને અંતસમય સુધી છુપાવી રાખવું જોઇએ નહીં. યોગ્ય પાત્ર સામે નિવેદન કરીને કે ભગવાન સામે દિલ ખોલીને નિવેદન કરવાથી આપણે નિઃશલ્ય થઇ શકીએ છીએ. સંપૂર્ણ નિઃશલ્ય તો ગુરુ તથા જેની સાથે અનૈતિક આચરણ કર્યુ છે તેમની આગળ ક્ષમાયાચના કરવાથી જ થઇ શકીએ છીએ.

**(૩) સતત સ્મરણ(જાગૃતિ)નો અભ્યાસ :-** સામાન્ય રીતે હવે પછીના આયુનો બંધ વર્તમાન આયુના અંતિમ મુહૂર્તમાં થાય છે. આ સમયે જેવી ભાવદશા હોય છે તે રૂપ જ નવીન આયુ અને ગતિનું નિર્ધારણ થાય છે. ભાવ અને વિચારનો ઊંડો સંબંધ છે. ઘણું કરીને વિચાર (ચિંતન) ને અનુરૂપ જ આત્માની ભાવદશા હોય છે તેથી નવીન આયુના બંધ સમયે જે પ્રકારની આપણી વિચારદશા હશે સામાન્યતયા તેને અનુરૂપ આપણા પરિણામ (આત્મદશા) થાય છે અને તે પરિણામોના આધારે જ નવીન આયુનો બંધ પડે છે. મૃત્યુનો સમય નિશ્ચિત નથી તેથી આખું જીવન ખરાબ વિચારો અને ભાવ થયા હોય અને અંત સમયે અકસ્માત્ ઊંચા ભાવ થાય એવી સંભાવના ઘણી ઓછી છે, માટે પ્રારંભથી જ આપણે આત્મપરિણામોને નિર્મળ રાખવાનો પ્રયત્ન કરતા રહેવું જોઇએ. તે માટે આપણી વિચારશ્રેણી તરફ સતત ધ્યાન આપવું જોઇએ. સદૈવ શુભ ચિંતનનો અભ્યાસ કરવો જોઇએ. તેના માટે સદાય શુભ નિમિત્તો જેમકે સત્સંગ, સાધુઓની સેવા, વૃદ્ધોની સેવા આદિમાં રહેવું, સ્વાધ્યાય અને ચિંતનશીલ સ્વભાવ બનાવવો,

મનમાં સત્શ્રુતનું ચિંતન કરતા રહેવાની આદત પાડવી તથા કોઇ મંત્ર વિશેષનો સતત અભ્યંતર જાપ કરતા રહેવું એ ઉપાય ઘણા ઉપયોગી સિદ્ધ થઇ શકે છે. આવું કરવાથી અંતસમયમાં ગમે તેવી વિપરીત પરિસ્થિતિ આવી જાય તોપણ આપણા ભાવોનું પતન થશે નહીં. સતત સ્મરણના અભ્યાસથી અભ્યંતર પરિણામ સદાય એક હદ સુધી નિર્મળ જ બનેલા રહે છે. આ કારણે જો ક્યારેક મૃત્યુ સમયે બેભાન, કૉમા આદિમાં જાય તો પણ અભ્યંતર સુમિરનના પ્રભાવથી પરિણામ નિર્મળ હોવાથી સદ્‌ગતિ થાય છે.

(૪) **પોતે જ પોતાનું સ્થિતિકરણ કરવાનો સ્વભાવ બનાવવો :-** જ્યારે આપણા ભાવ બગડવા લાગે ત્યારે એવા સમયે આપણે કોઇ અન્યની પ્રેરણા લેવી પડે છે, જેથી પોતાની સ્વસ્થ આત્મદશા માટે અન્ય ઉપર નિર્ભર થવા લાગીએ છીએ અર્થાત્ જ્યારે ગુરુ, નિવૃત્તિક્ષેત્ર, સત્સંગી, ધર્મશ્રવણ કરાવનાર ન મળે ત્યારે ભાવોને સ્થિર અને નિર્મળ રાખવાનું કામ અઘરું થઇ જાય છે. આ બધા બાહ્ય નિમિત્તોનું હોવું આપણા માટે ઘણા સૌભાગ્યની વાત છે પરંતુ સૌભાગ્ય તો કર્માધીન જ છે, ક્યારેક એવું થાય કે આપણા પ્રાણ છૂટે તે સમયે આપણી પાસે કોઇપણ ન હોય, ત્યારે આપણે શું કરીશું ? એવી સ્થિતિમાં જેણે પહેલાથી જ પોતાનો પ્રેરક પોતાને જ બનાવવાનો અભ્યાસ કર્યો હશે તે નિશ્ચયથી જ પોતાના ભાવોને સંભાળીને શાંતભાવથી દેહત્યાગ કરી શકશે. માટે આપણે ભાવોને સદાય નિર્મળ રાખવા માટે આત્મનિર્ભર બનવું જોઇએ.

આશય એ છે કે સફળ જીવનનો માપદંડ શાંત-સમાધિયુક્ત મૃત્યુ છે. તેનું કારણ નિર્મળ - જાગ્રત ઉપયોગ છે. તેનું કારણ નિરંતર સત્સંગ, સ્વાધ્યાય, સદાચાર અને તત્ત્વચિંતન છે. એવું જાણીને દિવ્ય જીવન અને દિવ્ય મૃત્યુની પ્રાપ્તિ અર્થે ઉપરોક્ત ચારે સાધનોને નિયમિત અથવા નિરંતર સેવન કરતા રહેવું જોઇએ એવી આપ્ત પુરુષોની આજ્ઞા છે.

અત્રે દેશચારિત્રનું કથન પૂર્ણ કરીએ છીએ. હવે પછી સકળચારિત્રનું મધ્યમ વિસ્તારથી કથન કરીશું.

• • •

## શ્રી ભક્તામર સ્તોત્ર

**(પાના નં. ૨૬ પરથી ચાલુ...)**

ચુંગાલમાંથી છૂટવા માટે ભક્તિ એ અમોઘ ઉપાય છે. જ્ઞાન, સેવા, તપ, દાન કે અન્ય ઉપાયો સામાન્ય રીતે અહંકારજન્ય છે (દા.ત. બાહુબલી). સમગ્ર ભક્તામર સ્તોત્ર બધા શ્લોકમાં પ્રભુ (ઉપલક્ષ્યથી સદ્‌ગુરુ) ચરણની ભક્તિ કરવાની પ્રેરણા આપે છે.

આ શ્લોકમાં દ્રવ્ય અને ભાવ, એમ બન્ને રીતે કારાગૃહમાંથી છૂટવાની વાત છે. ખરું પૂછો તો કારાગૃહ ત્રણ પ્રકારના છે : (૧) કર્મોનું કારાગૃહ, (૨) સંસાર અને પરિવારનું કારાગૃહ, અને (૩) રાજકીય કારાગૃહ. બધા કારાગૃહનું મૂળ તો પોતે જ ભૂતકાળમાં ઉપાર્જિત કરેલ પાપકર્મો છે. પ્રસ્તુત શ્લોકમાં ઉપાયરૂપે ભાવપૂર્વક નિરંતર નામસ્મરણનો મંત્ર પ્રગટ કર્યો છે. તેનાથી કર્મોનો ક્ષય થાય છે, સ્થૂળ કારાગૃહથી મુક્તિ મળે છે અને મંત્રનો દિવ્યપ્રભાવ પ્રગટ થાય (આપણી આત્મવિશુદ્ધિના બળે) તો, મનુષ્ય મહાવ્રત ધારણ કરી અણગાર બની જાય છે. આ છે શ્લોકનું માહાત્મ્ય.

અંતમાં સર્વ જીવો પ્રભુ (અને ગુરુ) નામ-સ્મરણ-ભક્તિથી ત્વરાએ મોક્ષમાર્ગમાં આગળ વધે તેવી મંગલભાવના સાથે, જિનાજ્ઞાથી વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૪૧)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## ભયભંજક પ્રભુ આશ્રય

## ૯. બંધન ભયભંજક

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**आपादकंठमुरुश्रृंखलवेष्टितांगा,**

**गाढं बृहन्निगडकोटिनिघृष्टजंघाः ।**

**त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः,**

**सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥४६॥**

● **શબ્દાર્થ :** आ - થી, સુધી (મર્યાદા, હદ), पाद - પગ, कंठम् - કંઠ, ગળું, आपादकंठ - પગથી ગળા સુધી, उरु - મોટી, श्रृंखल - સાંકળ (થી), वेष्टित - બાંધેલું છે, अंग - (જેના) અંગો, गाढम् - મજબૂત, ગાઢ, बृहत् - મોટી એવી, निगड - લોખંડની બેડીઓ, कोटि - અગ્રભાગ, निघृष्ट - અત્યંત ઘસાઈ રહેલી છે જેની, जंघा - જાંઘ, સાથળ, त्वम् - (હે પ્રભુ !) તમારા, नाममंत्रं - નામરૂપી મંત્રને, अनिशम् - નિરંતર, मनुजाः - મનુષ્યો, स्मरन्तः - સ્મરી રહેલા, सद्यः - શીઘ્ર, स्वयं - પોતાની મેળે, विगत - ગયેલો છે જેનો, बंध - બંધન (નો), भय - ભય, भवन्ति - થઈ જાય છે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**જે કેદીનાં પગમહીં અરે ! બેડીઓ તો પડી છે,**
**માથાથી તે જકડી લઈને, જાંઘ સુધી જડી છે;**
**એવા કેદી મનુજ પ્રભુજી ! આપને જો સ્મરે છે,**
**સર્વે બંધો ઝટપટ છૂટી, છૂટથી તે ફરે છે. (૪૬)**

● **ભાવાર્થ :** જેમના પગથી માંડીને ગળા સુધીનાં અંગો મોટી સાંકળો વડે મજબૂત રીતે બંધાયેલા છે અને જેમની જંઘાઓ મોટી લોખંડની બેડીઓના અગ્રભાગથી (અણીઓથી, ધારથી) અત્યંત ઘસાઈ રહી છે એવા મનુષ્યો જો નિરંતર (હે પ્રભુ !) તમારા નામનું (ભાવથી) સ્મરણ કરે તો પોતાની મેળે (બંધન અને) બંધનના ભયથી તુરત જ (તત્કાળ, શીઘ્ર) મુક્ત થઈ જાય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** ૮ પ્રકારના ભયોનો (સંગ્રામ-યુદ્ધના બે ભેગા કરીએ તો ૭) ઉલ્લેખ આગળ આવી ગયો (શ્લોક ૩૮-૪૫). હવે ૯મા બંધનભય સંબંધી સ્તોત્રકાર સૂરિજી કહે છે કે કોઈને ગમે તે ગુના માટે અથવા રાજાની અવકૃપા ઉતરવાથી જેલમાં પૂર્યો હોય અને તેના હાથે-પગે લોખંડની બેડીઓ નાખી હોય તથા તેના આખા શરીરને લોખંડની જંજીરોથી જકડી લીધું હોય, તે મનુષ્ય પણ જો જિનેશ્વરના નામરૂપી મંત્રનો સતત જાપ કરે તો જલ્દી બંધનમાંથી મુક્ત થાય છે.

સામાન્ય માન્યતા એવી છે કે સ્તોત્રકાર માનતુંગાચાર્ય એક પછી એક શ્લોક રચતા ગયા અને સાંકળ-બેડીનું એક-એક બંધન ઓછું થતું ગયું. એ રીતે તેઓ ૪૮ (આમ્નાય ભેદે ૪૪) બંધનમાંથી મુક્ત થયા. કેટલાક આચાર્યનું એવું માનવું છે કે તેમને ૪૬ બંધનોથી જ જકડવામાં આવ્યા હતા, કારણકે આ શ્લોક ૪૬માં જ ભક્તામર સ્તોત્રની ભાવ પૂર્ણાહુતિ છે. પછીના છેલ્લા બે શ્લોકમાં સાર (૪૭) અને આશીર્વચન (૪૮) છે. આ માન્યતા અનુસાર, આચાર્યશ્રીએ જેવો આ શ્લોક (૪૬) રચ્યો કે તે ૪૬ બંધનો (બેડીઓ, તાળાઓ) સામટા એક સાથે તૂટી ગયા અને તેઓ મુક્ત થયા. તાત્પર્ય કે આ શ્લોક ઘણો મહિમાશાળી છે.

માનતુંગાચાર્ય કહે છે કે હે પ્રભુ ! દ્રવ્યથી તો બેડી-તાળા તૂટે જ છે, પરંતુ ભાવથી આત્માના

અસંખ્ય પ્રદેશો પર રહેલી ૮ કર્મની વર્ગણાઓ તથા એકેક આત્મપ્રદેશ પર રહેલ અનંત કર્મ પુદ્‌ગલોનો જથ્થો પણ આપના નામસ્મરણ અને ગુણસ્તવનથી ખરી જાય છે. બંધન તૂટે અને આત્મા હળવો બને. જેમ તુંબડા (આત્મા) ઉપર ૮ વખત કરેલા માટીના (કર્મના) લેપથી તુંબડું પાણીમાં (ભવસાગરમાં) ડૂબી જાય છે, પરંતુ પાણી (સદ્‌ગુરુ, સત્સંગ)થી લેપ (કર્મો) ધીમે ધીમે (આ ભવે કે ૩-૫-૧૫ ભવે) ઓગળી જતા (નિર્જરા) નીચે ડૂબેલ તુંબડી જળસપાટી ઉપર આવીને તરવા લાગે છે તે રીતે આત્મા પર લાગેલ કર્મના લેપ ભક્તિરૂપ જળથી ધોવાતા આત્મા પણ કર્મના બોજથી હળવો બની ઊર્ધ્વગામી થાય છે. જેમ ચંદનના વનમાં ચંદનના વૃક્ષોના થડને સર્પો ભરડો લઈને પડેલા હોય છે, પણ જ્યાં મયૂરનો ટહૂકાર સંભળાય કે તરત જ તે બધા ચંદનના વૃક્ષોને છોડીને ભાગવા લાગે છે. તેમ હે પ્રભુ ! આપના નામરૂપી મંત્રનો નાદ સંભળાય કે કર્મોરૂપી સર્પો આત્મરૂપી ચંદનવૃક્ષથી તરત જ દૂર થવા માંડે છે.

પરમાર્થથી સંસારી જીવ માત્ર, નિગોદથી માંડીને દેવો સુધી બધા, કર્મરાજાના સંસારચક્રરૂપી કારાગૃહમાં ૧૪૮ (આમ્નાય ભેદે ૧૫૮) કર્મપ્રકૃતિની બેડીથી બંધાઈને જુદી જુદી બંધન અવસ્થામાં પડેલ છે. તેમ છતાં કર્મરાજાના કેદી છે તેવું ભાન પણ મોહરાજા જીવાત્માને થવા દેતા નથી. લીલી-પીળી ગોળીઓ આપીને જેમ બાળકને આપણે ફોસલાવીને છીએ, તેમ જ લાલ-પીળા અર્થલાભ-કામભોગો બતાવીને મોહરાજા જીવમાત્રને ભ્રમણામાં નાખીને પોતાને વશ રાખે છે. તે ભ્રમણા (આત્મભ્રાંતિ)માંથી છૂટવાનો, પોતાના સઘળા બંધનોને પોતાની જાતે તોડીને પોતાનું શુદ્ધ સ્વરૂપ - પરમાત્મ પદ પામવાનો સરળ અને સચોટ ઉપાય વીતરાગ પરમાત્માના નામનું નિરંતર સ્મરણ કરવું તે છે.

આચાર્યશ્રીના શરીરના બધા અંગો બાંધી શકાયા છે પણ મસ્તક ખુલ્લું રહ્યું છે. તે પરમાર્થથી આત્માના જ્ઞાનગુણનું સ્વરૂપ છે. આત્મા સ્વયં જ્ઞાન સ્વરૂપ છે. અમૃતચંદ્રાચાર્ય 'સમયસાર કળશ'માં કહે છે કે,

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥६२॥**

**અર્થ :** આત્મા જ્ઞાન છે, સ્વયં જ્ઞાન સ્વરૂપ છે, જ્ઞાન સિવાય બીજું શું કરે (કરી શકે) ? પરભાવનો (અને પરદ્રવ્યનો) આત્મા કર્તા છે તેમ કહેવું તે મોહજનિત વહેવાર છે.

'સમયસાર'માં કુંદકુંદાચાર્યદેવ કહે છે કે આત્મા એક માત્ર જ્ઞાયક ભાવ છે. એક અપેક્ષાએ આત્મા અને જ્ઞાન અવિનાભાવી સહચારી છે. રાજા જેમ મસ્તકના ભાગને જકડી ન શક્યો અને તેથી માનતુંગાચાર્ય સ્તુતિ-ભક્તિ (ભક્તામર સ્તોત્ર) કરીને બંધનમુક્ત થઈ શક્યા. તે જ પ્રમાણે કર્મરાજા પણ આ જ્ઞાનગુણને સંપૂર્ણપણે કર્મપુદ્‌ગલથી આવરી શકતો નથી. તેથી તો નિગોદના જીવોને અક્ષરના અનંતમાં ભાગે પણ જ્ઞાન ઉઘાડું રહે છે, અને તેટલા જ્ઞાનના ઉઘાડને લીધે જ ધીરે ધીરે અકામ અને સકામ નિર્જરા કરી ભવી જીવાત્મા પોતાના સંપૂર્ણ જ્ઞાનનો ઉઘાડ કરીને કેવળજ્ઞાન પ્રગટાવી શકે છે.

આ શ્લોકમાં આપણને ખ્યાલ આવે છે કે માનતુંગાચાર્યે તેમની પોતાની અવસ્થા જ અહીં વર્ણવી છે. રાજાની આજ્ઞાથી તેમને પગથી તે માથા સુધી જંજીરોમાં જકડી લેવામાં આવ્યા હતા અને શરીર અકડાઈ જાય તથા બેડીની લોખંડની અણીઓ વાગ્યા કરે એવી દુઃખદ્ સ્થિતિમાં આવી પડ્યા હતા. તે આકરી અવસ્થાને વિસ્મૃત કરીને તેઓ તો (ઋષભદેવ) પ્રભુસ્મરણમાં અત્યંત લીન બની પ્રભુના ગુણગાન કરતા હતા - જેનો પુરાવો આ

ભક્તામર સ્તોત્ર છે. ત્યારે તેમના એ બંધનો એક પછી એક છૂટવા લાગ્યાં હતા અને તેઓ જંજીરોથી મુક્ત થતા જતા હતાં. તેના સાક્ષી નગરજનો અને રાજા પોતે પણ હતા. આમ, પ્રભુસ્મરણનો પ્રત્યક્ષ મહિમા આચાર્યશ્રીએ પોતે અનુભવ્યો હતો અને એ ચમત્કાર અનેક શ્રદ્ધાળુઓએ પ્રત્યક્ષ નિહાળ્યો પણ હતો.

આ જ પ્રસંગને હવે પરમાર્થથી સમજીએ. માથાથી તે પગ સુધી જકડાયેલો જીવ એટલે ૮ રૂચક પ્રદેશ સિવાયના સર્વ પ્રદેશે કર્મની જંજીરોથી બંધાયેલો આત્મા. કેદી એટલે ઘાતી અને અઘાતી કર્મોની જાળમાં ફસાયેલો જીવ. આત્માના પ્રદેશે પ્રદેશે ઘાતી અને અઘાતી કર્મોની બેડીઓથી જકડાયેલો જીવ પ્રભુભક્તિથી બંધનમુક્ત થઈને નિરાવરણ બને છે.

નવ ભયનિવારક શ્લોકોમાં માનતુંગાચાર્યે અદ્ભુત રહસ્ય પ્રસ્ફુટ કર્યું છે. તે પરમ પવિત્ર આત્માને કોટિ કોટિ વંદન હો !

(૧) ગાંડો હાથી, (૨) ખુંખાર સિંહ, (૩) ભયંકર દાવાનળ, (૪) ફુંફાડા મારતો ફણીધર સર્પ, (૫) બળવાન શત્રુસમુહ, (૬) લોહિયાળ ભયાનક યુદ્ધ, (૭) ઝંઝાવાતી સમુદ્ર, (૮) જીવલેણ મહારોગ અને (૯) અસહ્ય દુઃખદ્ બંધન. એ ૯ (અથવા સંગ્રામ - યુદ્ધને સાથે ગણતા ૮) પ્રકારના ઉપસર્ગમાં પહેલા ૪ ઉપસર્ગ મોહનીય ઘાતીકર્મને અનુરૂપ છે અને પછીના ૫ વેદનીયાદિ અઘાતી કર્મોને અનુરૂપ છે. ઘાતી કર્મોનું પ્રતિનિધિત્વ જેમ મોહનીય કર્મ છે, તેમ અઘાતી કર્મોનું પ્રતિનિધિત્વ વેદનીય કર્મ છે.

પહેલા ૪ ઉપસર્ગમાં પ્રભુના નામ - સ્મરણ - કીર્તનના પ્રભાવથી એ ઉપસર્ગો અટકી જાય છે, જ્યારે બાકીના ૫ ઉપસર્ગ વખતે અમુક વેદન પછીથી પાર ઉતરી શકાય છે. આ જ ઘાતી અને અઘાતી કર્મો વચ્ચેનો ભેદ છે. ઘાતી કર્મ આત્મા ધારે (દઢ સંકલ્પ અને પ્રભુ-ગુરુઆજ્ઞા આધીન પ્રબળ પુરુષાર્થથી) ત્યારે છેદી શકે છે, તે અમુક વેદન પછી જ છૂટે એવો નિયમ નથી. એટલે કે આત્મપુરુષાર્થથી જીવ ઘાતીકર્મોનો ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમ કરી શકે છે. બીજી બાજુ અઘાતી કર્મ અમુક વેદન પછી જ છૂટે છે. તેમનો ઉપશમ-ક્ષય-ક્ષયોપશમ થઈ શકતો નથી. તેથી જ હાલ મહાવિદેહ ક્ષેત્રમાં સદેહે વિચરતા સીમંધર સ્વામી (આદિ ૨૦ તીર્થંકર ભગવાન) પ્રચંડ આત્મપુરુષાર્થથી ચાર ઘાતી કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહનીય)નો ક્ષય કરીને વીતરાગ - સર્વજ્ઞ પરમાત્મા અને જીવનમુક્ત (ક્ષીણમોહ અને પરિમિત સંસાર) બનવા છતા ચાર અઘાતી કર્મો (આયુષ્ય, નામ, ગોત્ર, વેદનીય) સમભાવે વેદી (નિર્જરી) રહ્યા છે. જ્યારે એ ચારે અઘાતી કર્મો ભોગવાઈ રહેશે (વેદન અને સમુદ્‌ઘાતથી) ત્યારે તેઓ દેહમુક્ત સિદ્ધ પરમાત્મા બનીને સાદિ અનંત સમાધિસુખમાં લોકાગ્રે અનંતકાળ સુધી બિરાજશે.

યુદ્ધસંગ્રામમાં થતી વેદના, સમુદ્રમાં ફસાતા થતી વેદના, રોગની પીડા વેદના અને જંજીરના બંધનની કાળી વેદના, એ સર્વ મુખ્યપણે શરીરને સ્પર્શે છે. જ્યારે આરંભના ૪ ઉપસર્ગમાં મુખ્યપણે ભયવિશેષ છે, ત્યાં શરીરને સ્પર્શ નથી પણ આત્માના ભાવને સ્પર્શે છે. એ રીતે વેદનમાં ભેદ પડે છે. આ ૯ શ્લોક દ્વારા આપણને કર્મના સ્વરૂપનો અને તેની બળવત્તરતાનો પરિચય થાય છે.

જિનસ્તુતિ કરતા પુણ્યયોગે કોઈને બહારના બંધન તૂટી જાય, કોઈને ન પણ તૂટે. છતા 'બંધનનો ભય' તો છૂટી જ જાય છે. (विगत बंधभया भवंति) તથા અંદરના મોહબંધન તો ચોક્કસ તૂટે જ છે. ધર્માત્મા જિનભક્ત જેલમાં બેઠા બેઠા પણ 'જિનગુણચિંતન' દ્વારા 'નિજગુણચિંતન' વડે પોતાને

'મુક્ત' અનુભવી શકે છે, ત્યાં તેને બંધનભય રહેતો નથી. સુવિશુદ્ધ પરિણામને લીધે તેને પૂર્વબદ્ધ કર્મો પણ ફટાક કરતા તૂટી જાય છે.

જિનદેવ પ્રત્યેના ભાવનમસ્કારને, (૧) પાપનો નાશક, (૨) પુણ્યનો વર્ધક અને (૩) પરંપરાએ મોક્ષફળ દેનાર કહ્યો છે (જુઓ 'ભગવતી આરાધના' ગુજરાતી ગાથા ૭૫૨, ૭૬૧). કુંદકુંદાચાર્યદેવે પણ 'પ્રવચનસાર' ગાથા - ૮૦માં કહ્યું કે,

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્યને પર્યયપણે;**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.**

શ્રીમદ્ રાજચંદ્રજી મોક્ષમાળા-શિક્ષાપાઠ ૧૩માં કહે છે, ''જિનગુણચિંતવનથી આત્મા સ્વસ્વરૂપાનંદની શ્રેણિએ ચઢતો જાય છે. દર્પણ હાથમા લેતાં જેમ મુખાકૃતિનું ભાન થાય છે તેમ સિદ્ધ કે જિનેશ્વર સ્વરૂપનાં ચિંતવનરૂપ દર્પણથી આત્મસ્વરૂપનું ભાન થાય છે.''

અર્હંત ભગવંતો દ્રવ્ય-ગુણ-પર્યાયથી સર્વ પ્રકારે શુદ્ધ ચેતનામય છે, રાગનો અનંતાંશ પણ તેમનામાં નથી. મારા આત્માનું શુદ્ધ સ્વરૂપ પણ અર્હંત જેવું જ શુદ્ધ ચેતનામય ને રાગ વગરનું છે. આમ, અંતર્મુખ અભ્યાસ કરતા, પોતાની ચેતના રાગથી જુદી પડીને, શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં લીન થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. એ રીતે સમ્યગ્દર્શન પામીને જીવ મિથ્યાત્વનો નાશ કરે છે. આ સાચી જિનભક્તિનું ફળ છે. એને જ સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ કહે છે (જુઓ 'સમયસાર' ગાથા - ૩૧).

'જિન જેવા નિજ' સ્વભાવમાં એકાગ્રતારૂપ પરમાર્થ જિન-ભક્તિથી મિથ્યાત્વથી માંડીને ૧૨મા ગુણસ્થાન સુધીના બધા કર્મબંધનની બેડી છેદાઈ જાય છે ને આત્મા પોતે મુક્ત - સર્વજ્ઞ પરમાત્મા બની જાય છે. 'અંતિમ સંદેશ' (વચનામૃતજી પત્રાંક - ૯૫૪, ગાથા - ૩)માં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પણ એ જ કહે છે. યથા :

**જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ;**
**લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.**

જિનદેવના ભક્તને એવો ભય કે શંકા નથી રહેતી કે, 'મારે હજી અનંતભવ સુધી બંધન રહેશે !' સ્વભાવ સન્મુખ થઈને મોક્ષના પંથે ચડ્યો ત્યાં હવે અનંત ભવ નથી અને અલ્પકાળમાં જ મુક્તિ થવાની છે એમ તે ધર્મી જીવ નિઃશંક હોય છે. ભવ વગરના ભગવાન જેના અંતરમાં હોય એને ભવ કેવા ? બંધનનો ભય કેવો ? ન જ હોય. પુણ્યયોગે બહારમાં બેડી-તાળા તૂટવાનો કે અન્ય કોઈ અતિશય (લૌકિક ભાષામાં ચમત્કાર) બને તો તેમાં મહત્ત્વ ધર્મની સાધનાનું અને ભગવાનના ગુણમહિમાનું છે, રાગનું કે પુણ્યનું નહીં. આમ સમજીને ભેદજ્ઞાનપૂર્વક ભક્તિ કરવી જોઈએ. વિશુદ્ધ પરિણામના બળે અશુભ કર્મોનો ઉદય દૂર થઈને શુભકર્મોનો ઉદય આવતા ઉપસર્ગ ટળે છે. વિશુદ્ધ ચૈતન્ય પાસે બહારના પુણ્યજન્ય અતિશયોનું તુચ્છપણું છે. આત્માની પવિત્રતા પાસે પુણ્ય તો પાણી ભરે છે !

આ જગતમાં પ્રકૃતિ સિવાય મનુષ્યકૃત ઉપાધિઓ પણ ઓછી નથી. મનુષ્યે માનવજાતિનો જેટલો સંહાર કર્યો છે (સાંપ્રતકાળમાં બન્ને વિશ્વયુદ્ધ, રશિયન ક્રાંતિ વગેરે) તેટલો બીજા કોઈ જીવો, પશુઓ કે દેવોએ પણ કર્યો નથી. અવિચારી સત્તાધારી (અહીં રાજા) પોતાના કારણે (સ્વાર્થે) નિર્દોષ માનવી (પરમ પૂજ્ય આચાર્યશ્રી)ને કારાગૃહમાં નાંખી દે છે ત્યારે એવી દુર્ગમ પરિસ્થિતિમાં પ્રભુના નામસ્મરણરૂપ ભક્તિથી વિકટ પરિસ્થિતિનું નિવારણ થઈ જાય છે.

કર્મસત્તા વિશ્વની સર્વોપરિ બળવાન સત્તા છે. તે વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર કે ભૂમંડળ બધા પર પોતાનો અધિકાર કોઈપણ પક્ષપાત વિના સ્થાપિત કરે છે. તેના મૂળ કારણમાં તો આપણું જ અજ્ઞાન

અને મોહ છે. જીવ જ્યારે તીવ્રરસથી કર્મો કરે છે ત્યારે તેને મહાબંધ થાય છે. આવો મહાબંધ જ્યારે ઉદયમાન થાય ત્યારે જીવને નખશિખ ઘેરી લે છે. અહીં આચાર્યશ્રી આપાદકંઠ થી કહે છે કે જીવ સંપૂર્ણ રીતે પાપથી ઘેરાયો છે, અંદર અને બાહ્ય એમ બન્ને રીતે બંધનથી જકડાયો છે. પ્રચંડ કર્મસત્તાથી બચવા, અકર્મ અવસ્થાને પ્રાપ્ત કરવા અને સિદ્ધદશાને વરવાનો એકમાત્ર ઉપાય જિનેશ્વર પ્રભુનું શરણ જ છે. વર્તમાન ક્ષેત્ર-કાળમાં ભક્તિયોગ સર્વશ્રેષ્ઠ સાધન છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે ભક્તિ એ સર્વોત્કૃષ્ટ માર્ગ છે (ઉપદેશ છાયા - ૪). તેથી જ સંતો કહે છે :

**જિનવર ચરણકમળે નમે, જે પરમભક્તિ રાગથી,**
**તે જન્મવેલી મૂળ છેદે, ભાવ ઉત્તમ શસ્ત્રથી.**

સાંપ્રત સમયમાં ભક્તિ સ્વરૂપ પૂ. આચાર્ય કલાપૂર્ણસૂરિજી અને પૂ.આચાર્ય યશોવિજયસૂરિજીના આજ્ઞાનુવર્તી અને ભક્ત પૂજ્ય સુનંદાબેન (વોહોરા) કહે છે કે સમજણ અને ભાવપૂર્વકની પ્રભુ-ગુરુ ભક્તિ એ જ આત્મસાધનાનો ધોરી (ધુરંધર), સરળ, સુગમ, સાર્વજનિક અને સ-ફળ (મોક્ષ) માર્ગ છે.

આ નામસ્મરણ જપ (પૌદ્ગલિક) તે આભ્યંતર પરિણામ (આત્મભાવ) સાથે જોડાઈને સૂક્ષ્મસ્વરમાં અંતર્નિહિત થવો જોઈએ. સામાન્ય રીતે જે બોલાય છે તે સ્થૂળ કે બાદર સ્વર છે પરંતુ જીભ કે હોઠને હલાવ્યા વિના એક અંતરસ્વર ચાલતો હોય છે જેને યોગશાસ્ત્રમાં આંતરનાદ કે આભ્યંતર સ્વર કહે છે. મધ્યરાત્રિએ અને બ્રાહ્મમુહૂર્તે જો મનુષ્ય મનને સ્થિર કરીને પ્રભુનું નામસ્મરણ કરે તો પુણ્યનો પરિપાક થતા બ્રહ્મનાદ સાંભળી શકાય છે. તે જ રીતે લબ્ધ્યક્ષરથી ઉત્પન્ન થતો આભ્યંતર સ્વર પણ પ્રભુના નામ સાથે જોડાય તો લયયોગ બની જાય છે. આ છે નામસ્મરણની સૂક્ષ્મવિધિ. પરંતુ આનો અર્થ એમ નથી કે સ્થૂળવિધિથી થતા જાપ વ્યર્થ છે. હકીકતમાં નામસ્મરણ અને જાપયજ્ઞમાં જોડાવાથી, પુણ્યનો પ્રભાવ મળતા અતિશય (ચમત્કાર) અને ઉચ્ચ સ્થિતિ પ્રગટ થાય છે.

કર્મના ઉદયકાળે જો સમભાવે કર્મ ભોગવે અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ નામસ્મરણ ભાવથી કરે તો વિગત બંધ એટલે આગામી કાળના નવા બંધનોથી વિગત (છૂટો) થઈ શકે છે અને બંધનમુક્તિથી ભયમુક્તિ પણ થાય છે. શ્લોકમાં વિગત બંધ અને વિગત ભય બન્ને શબ્દનો પ્રયોગ છે.

ચાર દૂષિત સંજ્ઞાઓમાં ભયસંજ્ઞા, આહારસંજ્ઞા પછીના બીજા ક્રમે છે. ભયભીત થવું તે કર્મબંધન છે (નોકષાય ચારિત્ર મોહનીય) અને નિર્ભય થવું તે વિગતબંધન છે. શ્લોક-૪૬ નું એ રહસ્ય છે કે મનુષ્ય અહર્નિશ પ્રભુના નામનું સ્મરણ કરે તો સ્થૂળ બંધનો તો દૂર થાય પરંતુ જન્મ-જન્માંતરના કર્મબંધનો પણ ટાળીને જીવાત્મા મોક્ષમાર્ગનો (અને મોક્ષનો) અધિકારી બને છે.

ચાલો હવે આપણે આ શ્લોકનું આભ્યંતર તત્ત્વ નિહાળીએ. આ મહાન સ્તુતિકારનું સ્તોત્ર સામાન્ય જેલમાં પડેલા મનુષ્યની મુક્તિ પૂરતું સીમિત ન હોય. જેલમાંથી છૂટવું, એ એક સામાન્ય કથા છે, સંસારી ઘટના છે. પરંતુ ભગવાન મહાવીર કે આપણા સ્તુતિકાર માનતુંગાચાર્ય આવી સામાન્ય જેલની વાત કરતા નથી. તેઓ તો તત્ત્વલક્ષે કર્મોથી મુક્તિની વાત કરે છે.

અશુભ નામકર્મ, અશાતા વેદનીય ઇત્યાદિ અઘાતી કર્મો તીવ્ર વેદના આપે છે. મોહનીય ઇત્યાદિ ઘાતી કર્મો આત્માના ગુણોને ઢાંકી અનંતકાળ સુધી જીવને જીવાયોનિની જેલમાં ફસાવી રાખે છે. શ્લોકમાં લખેલ ગાઢં નો અર્થ ગાઢા (તીવ્ર) રસે બંધાયેલા કર્મો છે કે જે છ ખંડના અધિપતિ ચક્રવર્તી જેવાને પણ નરકમાં ઘસડી જાય છે (દા.ત. બ્રહ્મદત્ત અને સુભૂમ ચક્રવર્તી). આ અશુભ કર્મની

**(અનુસંધાન પાના નં. ૨૦ પર...)**

# આત્માની એકત્વશક્તિ (૩૧) અનેકત્વશક્તિ (૩૨)

વલભજી હીરજી 'કેવલ'

જ્ઞાનસ્વરૂપ આત્માને દ્રવ્ય અપેક્ષાએ એકપણું ને ગુણપર્યાયોની અપેક્ષાએ અનેકપણું છે. અસંખ્યપ્રદેશી આત્મામાં ગુણ-પર્યાયો અનંત હોવા છતાં દ્રવ્યપણે આત્મા એક છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેને એકપણે- અભેદ રાખે એવી આત્માની એકત્વશક્તિ છે. અનંતમાં વ્યાપવા છતાં દ્રવ્યપણે એક રહ્યો છે ને એક હોવા છતાં અનંત ગુણ-પર્યાયમાં વ્યાપીને રહ્યો છે. પર સાથે કે વિકાર સાથે એકત્વ કરે એવો આત્માનો સ્વભાવ નથી. તેનાથી તો ભિન્નતા જ રાખે છે. પોતાના અનંત નિર્મળ ગુણ-પર્યાયો સાથે આત્માને એકતા છે. આત્મામાંથી ગુણ-પર્યાયોની અનેકતાને કોઈ કાઢી નાખવા માંગે તો તે નીકળી શકે નહિ. કેમ કે અનેકપણું તો આત્માનો સ્વભાવભૂત ધર્મ છે. તે ધર્મને કાઢી નાખતા આત્માનું સ્વરૂપ સિદ્ધ ન થાય. આત્મા એક દ્રવ્ય હોવા છતાં તેમાં ગુણો અનંત છે. આવો આત્મા હોવા છતાં તે ગુણભેદથી ખંડિત થતો નથી. સ્વાનુભૂતિમાં બધું એકરસ થઈને એકપણે અનુભવમાં આવે છે.

અનેકમાં એકપણું છે, ને એકમાં અનેકપણું છે. આવા બંને ભાવો આત્મામાં એક સાથે રહેલા છે. એકપણું કેવું ? કે અનેક ગુણ-પર્યાયોમાં જે વ્યાપ્ત છે એવું અને અનેકપણું કેવું ? કે દ્રવ્ય વડે જે વ્યાપ્ય છે એવું. આ રીતે બંને એકબીજાના અવિનાભાવી છે. અનેકતામાં એકતાને, તથા એકતામાં અનેકતાને અનેકાંત પ્રકાશે છે. એકપણાને અનેકપણાને વિકાર સાથે વ્યાપ્ય - વ્યાપકપણું નથી, જ્યારે આ એકપણુંને અનેકપણું તો આત્માના સ્વાભાવિક ભાવો છે. અનેકતા વગરનું એકપણું હોઈ શકે નહિ. એક આત્મામાં અનેકતા ન હોય તો જ્ઞાન-દર્શન-આનંદ વગેરે અનંત ધર્મો કઈ રીતે સિદ્ધ થાય ? જો એકપણું ન હોય તો અભેદ અનુભૂતિ ન થઈ શકે. આત્માનો મહિમા પોતાના સ્વગુણના વૈભવથી છે, બીજા વડે તેનો મહિમા નથી. એ જ રીતે બીજા આત્માઓનો મહિમા પણ તેમના પોતાના નિજવૈભવથી છે. દરેક જીવો પોતપોતાના આત્મવૈભવથી જ શોભે છે.

ધર્મીની પ્રીતિનો વિષય તો અનંત ચૈતન્યવૈભવથી ભરપૂર આત્મા જ છે. એમના સ્વાનુભવમાં આત્માનો સ્વીકાર છે. નિજગુણની સંપદાથી શોભતા આ આત્માના વૈભવનું આ વર્ણન છે. બધા ગુણો અભેદપણે આત્માના અનુભવમાં સમાઈ જાય છે. આવા સ્વભાવના સ્વસંવેદનમાં અનંત ગુણોની નિર્મળતાને આનંદ હોય છે. આ રીતે જ્ઞાનમાત્ર આત્માના અનુભવમાં 'એકપણું' તેમજ અનેકપણું એવા બંને ધર્મો ભેગા જ પરિણમી રહ્યા છે. અનેક ભેદના વિકલ્પમાં અટકવું તે આકુળતા છે, પણ સ્વભાવમાં અનેકગુણોનું હોવું તે કાંઈ આકુળતાનું કારણ નથી. અનંતગુણસહિત આત્મા અનુભવમાં આવતા ભેદનો વિકલ્પ તૂટીને અનંતગુણના સ્વરૂપ આત્માનું વેદન થાય છે. અનંત ગુણની નિર્મળતા સહિત આખો આત્મા જણાય છે.

આત્માને પર સાથે સંબંધ નથી. એટલે આત્માનું જે આ એકત્વ તથા અનેકત્વ એની ઓળખાણ પણ સ્વસન્મુખતાથી જ થાય છે. પરસન્મુતાથી તેની ઓળખાણ થતી નથી. એકતા કે અનેકતા તે બંને પોતાના સ્વભાવ છે. નિજ શક્તિ છે. જ્ઞાન પોતે એવા ધર્મો સહિત વર્તી રહ્યું છે.

(ક્રમશઃ)

• • •

# નારીનું આભૂષણ - શીલ

**પ્રિયમ્**

“પપ્પા પપ્પા જુઓ, બાયોલોજીમાં મારું લેટેસ્ટ રિસર્ચ. આ બે માખી નર છે અને આ બે માખી માદા છે.”

“તને કેમ ખબર પડી ?”

“It's very simple. આ બે માખી ખુરશી પર બેઠી અને આ બે માખી અરીસા પર બેઠી.”

Yes, This Happens. એ છોકરાએ એની આસપાસના લોકોમાં જે ખૂબ ખૂબ જોયું હતું, એ જ તત્ત્વ એણે માખીમાં પણ Apply કરી દીધું. Let's come to the point. Beautyનો કોઈ વિરોધ નથી. Beauty માટેની સભાનતાનો કે તેની સ્પૃહાનો પણ વિરોધ નથી. સવાલોનો સવાલ આ છે કે Beauty કહેવી કોને ? સૌંદર્યની વ્યાખ્યા શું ? સુંદરતા કોને કહી શકાય ?

You can say. જે ગમે એ સૌન્દર્ય. માણસને શું ગમે ? શું લિપ્સ્ટીક એ સૌન્દર્ય છે ? જો એવું જ હોત, તો લિપ્સ્ટીક લગાડવાથી દરેક વ્યક્તિ સુંદર બની જતી હોત. શું પફ પાઉડર, બ્યુટી ક્રીમ, ફેસિયલ કે આઈબ્રો ટ્રીટ સૌન્દર્ય છે ? ના, જો એવું જ હોત, તો રેગ્યુલર આ બધું યુઝ કરનાર સાથે કોઈ ડાયવોર્સ ન લેતું હોત. શું વેસ્ટર્ન ડ્રેસ એ બ્યુટી છે ? ના, જો એવું હોત, તો વેસ્ટર્ન કન્ટ્રીઝમાં આટલાં બધાં મર્ડર્સ અને આટલી બધી હૈયાહોળીઓ ન હોત.

આપણે ફરી ત્યાં જ આવીને ઊભા છીએ. એવું કયું તત્ત્વ છે, જેની ગેરહાજરી સુંદરને પણ અસુંદર બનાવી દે છે ? એવી કઈ વસ્તુ છે, જે નારીના સોળ શણગાર કરતાં પણ ચડિયાતી છે ? એવું શું હોઈ શકે કે જે નારીને ખરા અર્થમાં શણગારે ? આપણી મૂળભૂત સંસ્કૃતિ આવો જવાબ આપે છે –

ण भूसणं भूसयते सरीरं
विभूसणं सीले हिरी य इत्थिए ।

મેક-અપ, વસ્ત્રો કે અલંકારો શરીરને શણગારે છે, એ માત્ર આપણી ભ્રમણા છે. નારીનું ખરું આભૂષણ કોઈ હોય, તો એ છે શીલ અને લજ્જા.

મન, વચન અને દેહની પવિત્રતા એ શીલ છે. સહજ શરમ એ લજ્જા છે. જે ‘સ્ત્રી’ પાસે આ બે શણગાર નથી, એ દુનિયાભરના શણગારો કરે, તો ય ખરા અર્થમાં એ કદરૂપી જ રહેશે. આજે સંસ્કૃતિ ઉપર વિકૃતિનું આક્રમણ થયું છે. શીલ અને લજ્જાના ફૂરચે ફૂરચા ઉડાવી દેવાની જાણે સ્પર્ધા ચાલી છે, ને એની સાથે સાથે જ દુનિયા એના દુષ્પરિણામોને ભોગવી રહી છે.

I know, The world is not in your hand. But your home is in your hand. Remember, જયારે તમારા ઘરમાં ટી.વી. લાવ્યા, ત્યારે તમે એક આતંકવાદીને લાવ્યા હતા. જયારે તમે ડીશ એન્ટીના લગાડ્યું, ત્યારે તમે એક્ચ્યુલીમાં ટાઈમ-બોમ્બ ફિક્સ કર્યો હતો અને જયારે તમે ‘નેટ’ સિસ્ટમ લીધી, ત્યારે તમે ઘરમાં જ સુરંગ લગાડી હતી. વિશ્વાસ રાખજો, બ્લાસ્ટ થશે જ. જો એને હજી ય કાઢશો નહીં તો. I repeat, your home is in your hand.

તમારી દીકરી અઢાર વર્ષની થાય, ત્યારે તેનો જે ડ્રેસ તમારો ડાયાબિટીસ લાવી દેવાનો હોય, એ ડ્રેસ એને બે વર્ષની ઉંમરે પણ નહીં પહેરાવતાં. લજ્જા એ સ્ત્રીનો ખરો શણગાર છે. આથી પણ

(અનુસંધાન પાના નં. ૩૧ પર...)

# ત્રિવિધ તાપના શમનમાં મંત્રશક્તિનો પ્રભાવ

રવજીભાઈ કાચા (અમરેલી)

શાસ્ત્રોના મતાનુસાર દરેક માનવીના જીવનમાં ત્રણ પ્રકારનાં તાપ-ઉપાધિ આવતાં હોય છે. તે છે આધિ, વ્યાધિ અને ઉપાધિ. પછી તે શારીરિક હોય, માનસિક હોય કે પછી સાંસારિક હોય. જગતની કોઈ એવી વ્યક્તિ નહિ હોય કે જેણે વત્તાઓછા પ્રમાણમાં આધિ - વ્યાધિ ભોગવી નહિ હોય. આ તાપ સાર્વત્રિક છે. એ રાયથી રંક સુધીનાને ભોગવવી જ પડે છે. એની પાછળના કારણો અગણિત હોઈ શકે. કોઈ કહે છે કે પૂર્વજન્મનાં પાપ, દેહને ભોગવવાની પીડા, કે કુદરતના નિયમોની અવગણનાથી પણ ભોગવવાં પડે છે. એનાં ઉદાહરણ દેવા શક્ય એટલા માટે નથી કે આવી વ્યાધિમાંથી પસાર થનાર લગભગ કોઈ બાકી નહિ હોય.

વાત કરવી છે આવા ત્રિવિધ તાપનાં શમનની. એમાંથી ઉગરવાની. સામાન્ય રીતે શારીરિક પીડા ઊભી થતાં એલોપથી, આયુર્વેદ, હોમિયોપેથીક દવાઓનો આશરો લેવામાં આવે છે. એનાથી શમન ન થાય તો ભુવાભરાડી, દોરાધાગા, દેવદર્શન વગેરેને શરણે જઈએ છીએ. એમ છતાંય ન મટે તો પછી છેલ્લે કરમપીડા ગણાવીને ઈશ્વરના શરણે જઈએ છીએ. છેવટે ધીરજ ખૂટતાં, પીડા સહન ન થતાં આપઘાતનો રસ્તો લે છે. એ શું આખરી ઉપાય છે ? અપમૃત્યુ તો નામોશી છે. ઈશ્વરદત્ત જીવનની અવગણના છે. તો એના ઉપાય તરીકે આમ વિચારી શકાય.

(૧) સત્યુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગમાં સાધના, તપને પ્રાધાન્ય હતું. એ તપના બળથી માનવ શક્તિશાળી, બુદ્ધિશાળી બની શકતો. પૃથ્વીલોકનો માનવ તપ, સાધના અને મંત્રબળથી સ્વર્ગમાં પણ જઈ શકતો. અસુરલોકો ઈન્દ્રને પણ હરાવી ઈન્દ્રાસન પચાવી પાડતા. ઋષિઓના હજારો વર્ષ સુધી તપ-સાધના કરવાના ઉદાહરણો શાસ્ત્રોમાં છે. એ તપ-સાધનામાં કોઈ એક મંત્ર જ હોય છે. મંત્ર એકાક્ષરી કે અનેકાક્ષરી પણ હોઈ શકે. અક્ષર કે શબ્દ કોઈપણ હોઈ શકે પણ એમાં દૈવીશક્તિ હોવી અનિવાર્ય છે. શબ્દમાં દૈવીશક્તિ કે પ્રાણ પૂરે કોણ ? ગુરુ. કોઈપણ ગુરુએ આપેલ મંત્ર શક્તિશાળી અને ફળદાયી હોય છે - જો તેમનામાં વિશ્વાસ અને શ્રદ્ધા હોય તો. લૂંટારા વાલિયાને ‘રામ’ મંત્ર મળ્યો ને ઋષિ થઈ ગયો. ભક્ત ધ્રુવને ‘ઓમ નમો ભગવતે વાસુદેવાય’ મંત્ર મળ્યો ને અવિચળ પદ પામ્યા. પ્રહલાદ, મીરાં, નરસિંહ, જલારામ, ભોજાભગત, મૂળદાસ, કબીર, રૈદાસ, રહીમ સૌ કોઈને ગુરુ આશીર્વાદ સાથે મંત્રશક્તિ મળેલી.

આ ત્રણેય યુગોમાં મંત્રશક્તિથી વિમાનો ઊડી શકતાં, માનવ અવકાશગમન કરી શકતો. યુદ્ધ કરી શકતો. મહાન ધનુર્ધર અર્જુન, કર્ણ, દ્રોણ, ભીષ્મ કે કોઈપણ બાણાવળી મંત્રોનાં ઉચ્ચારણ સાથે અગ્નિ વરસાવી શકતો. વર્ષા કરી શકતો. સર્પનાં બંધનથી દુશ્મનોને બાંધી શકતો. બ્રહ્માસ્ત્ર શું છે ? એ પણ એક મંત્રશક્તિ જ છે - જો તેનો સદુપયોગ કરવામાં આવે તો, અન્યથા એ વિનાશક નીવડે છે. એ ત્રણેય યુગમાં વિજ્ઞાન, ટેકનોલોજી નહિ હોય એવું કહેવાનો મતલબ નથી. આજે કળિયુગમાં ભરપેટ વિજ્ઞાન અને ટેકનોલોજીનો રક્ષણ અને ભક્ષણ બંને માટે ઉપયોગ થઈ રહ્યો છે.

(૨) શાસ્ત્રવચન છે કે કળિયુગ એક એવો યુગ છે કે જેમાં માણસ અધીરો બનશે. સહનશક્તિ નહિવત્ હશે. તપ, સાધના કરી શકશે નહિ. કામ અને અર્થ પાછળ ઘેલો બનશે. એટલે તેના માટે માત્ર મંત્ર, નામસ્મરણ, જપ જ મહત્વનાં બની રહેશે. એના પણ અસંખ્ય ઉદાહરણો મોજૂદ છે. દરેક ધર્મ, સંપ્રદાયમાં નામસ્મરણનો મહિમા છે. એ મંત્ર ગુરુ પાસેથી મળેલો હોવો જરૂરી છે. બાકી શબ્દોનો કોઈ પ્રભાવ પડતો નથી. કબીરનું પદ છે ને "ગુરુ બિન કૌન બતાવે બાટ" યોગ્ય વાટ, રસ્તો, દિશા શોધવા હશે તો ગુરુશરણ લેવું જ રહ્યું. આવા મંત્રો, મંત્રોની જાહેરાતો માણસને લોભાવે છે. લલચાવે છે. પૈસા ખર્ચે છે પણ લાભના નામે મીંડું કારણકે એમાં ગુરુશિષ્યનો પવિત્ર સંબંધ જ નથી. શિષ્યની ભાવના, લગની, સેવાથી પ્રભાવિત થઈ - ખુશ થઈ - પ્રસન્ન થઈ ગુરુ દીક્ષામાં મંત્રો આપે છે. એનાથી જ સિદ્ધિ હાંસલ કરી શકાય.

**(૩) મંત્ર શું છે ?**

કોઈપણ મંત્ર શક્તિનું પ્રતીક છે. શક્તિવિહીન માનવી નકામો છે. આ શક્તિનું પ્રદાન મંત્ર કરે છે. મંત્ર શબ્દ 'મંતૃ' ધાતુથી બનેલો છે. આમ તો દરેક શબ્દ શક્તિશાળી હોય છે. આવા શક્તિશાળી શબ્દોનું ગઠન, સંયોજન એટલે મંત્ર. શબ્દોથી મંત્ર જરૂર બને છે. પણ દરેક શબ્દ મંત્ર ન બની શકે. શબ્દમાં, મંત્રમાં માનવમાં શક્તિ તો છે જ પણ એમાં જો યોગ્યતા, પાત્રતા હોય તો એ સિદ્ધ થાય છે. ભર્તૃહરિએ શબ્દને બ્રહ્મ કહ્યો છે. આ સમગ્ર બ્રહ્માંડ શબ્દોથી વ્યાપ્ત, ભરેલું છે. એજ શબ્દો કે તેનાં તરંગો આપણને પ્રભાવિત કરે છે.

આમાંના કેટલાંક મંત્રો મનને શાંત કરે છે, તો કેટલાક અશાંત પણ કરે છે. તો કેટલાંક મંત્રો વ્યથાઓ, વ્યાધિઓ, વેદનાઓને દૂર કરે છે, તો કેટલાક મંત્રો સંકટ, વિઘ્ન, બાધાઓ, કષ્ટોનું નિવારણ કરે છે. કેટલાંક મંત્રો દ્વારા આધ્યાત્મિક શક્તિઓનું જાગરણ થાય છે. મંત્ર એક સાધન છે. હૃદયની પવિત્ર ભાવના, શ્રદ્ધાથી, શુદ્ધ હેતુથી જો મંત્રસાધના કરવામાં આવે તો તેનો પ્રભાવ અવશ્ય પડે છે.

## મંત્રની ઉત્પત્તિ :

મંત્રનો આવિષ્કાર, ઉત્પત્તિ કોણ કરી શકે ? ધ્યાન, સાધના વિના શબ્દોનું સાચું કે સમ્યક્ જ્ઞાન મળતું નથી, થતું નથી. જેમ ઝવેરી સોનાની, હીરાની પરખ કરે છે, એવી રીતે ધ્યાની શબ્દોને પારખવાનું કામ કરી શકે છે. એ પારખેલા શબ્દોની સંયોજના કરે છે. પ્રાચીનકાળમાં યોગીઓ, ઋષિઓ ધ્યાન દ્વારા બ્રહ્માંડમાં વ્યાપ્ત જ્ઞાન પ્રાપ્ત કરી મંત્રોની સંયોજના કરતા હતા.

## મંત્રનો ઉપયોગ :

અગાઉ કહ્યું તેમ મંત્ર એક શક્તિ છે. મંત્ર-શક્તિનો સદ્ઉપયોગ અને દુરુપયોગ પણ થઈ શકે છે. અશુભ ભાવથી, દુર્ભાવથી, કોઈનું અહિત કરવાની ભાવનાથી કરેલી મંત્રસાધના દુરુપયોગનું કારણ બને છે. હૃદયપૂર્વકની ભાવશુદ્ધિ સાથે થયેલી મંત્રસાધના સદ્ઉપયોગનું કારણ બને છે.

મંત્ર પુસ્તકો દ્વારા વાંચીને જપવાનો ન હોય. એમ કરવામાં આવે તો અથવા જેમણે જેમણે પુસ્તકો વાંચી મંત્રસાધના હાંસલ કરી છે તેમનામાં મંત્રના દુરુપયોગની ભાવના જન્મી છે અને તેનું પરિણામ પણ ખરાબ આવેલ છે. તો પછી મંત્રસાધના કે મંત્ર ગ્રહણ કરી કેમ શકાય ? એને માટે જરૂરી છે 'ગુરુકૃપા'. સાચા મંત્રની ચાવી તો ગુરુ પાસેથી મળી શકે. એના માટે સૌ પ્રથમ ગુરુકૃપા પ્રાપ્ત

કરવા માટે ગુરુ પ્રત્યે અતૂટ આસ્થા, સમર્પણભાવ પણ જરૂરી છે. અભિમાન ઓગળે, સમર્પણભાવ પ્રગટે તો જ ગુરુકૃપા થાય.

કોઈપણ મંત્ર સ્વયંને બદલવાનો મંત્ર છે. પ્રથમ મંત્ર દ્વારા જાતને સુધારવી પડશે. જેમની જાત બદલાઈ જશે એનું જગત પણ બદલાઈ જશે. આ સિદ્ધાંતને ચરિતાર્થ કરતું એક ઉદાહરણ શ્રી રમણ શ્રુતપ્રજ્ઞ આપે છે.

એક શેઠને સાત પુત્રો પર પુત્રી જન્મી. સાત ખોટની હોવાથી લાડમાં સૌ તેને 'લાડલી' કહીને બોલાવતા. પછી તો તેનું નામ જ 'લાડલી' પડી ગયું. અત્યંત લાડકોડમાં ઉછરવા લાગી. શાસ્ત્ર કહે છે, ''અતિ સર્વત્ર વર્જયેત્'' અતિલાડ થવાથી લાડલી સ્વભાવે બગડવા લાગી. સ્વચ્છંદી બની ગઈ. બેકાબૂ બની ગઈ. ઝઘડાળુ થઈ ગઈ. ઘરમાં, બહાર જ્યાં લાડલી જાય તકરાર કરીને, રાવ લઈને આવે. માબાપ કે ભાઈઓ પણ તેને કંઈ કહેતા નહિ. પરિણામે લાડલી માથે ચડી ગઈ.

આવી સ્વચ્છંદી બેકાબૂ છોકરીને કોણ પરણે ? ગામમાંથી કોઈ હાથ ઝાલવા તૈયાર નહોતું. લાડલીના ભાગ્યબળે દૂર દેશાવરથી આવેલ વેપારી સાથે શેઠે વાતચીત ચલાવી. છોકરો લાડલીના રંગરૂપ જોઈ મોહી પડ્યો. તે લગ્ન માટે તૈયાર થઈ ગયો. શેઠે કોઈના પૂછ્યા વિના ઘડીયા લગ્ન લીધા. દહેજમાં પુષ્કળ ધન આપ્યું. વેપારી લાડલીને લઈ પોતાના ઘેર આવે છે.

બે-ચાર દિવસ લાડલી સંયમમાં રહી. પછી માંડી પોત પ્રકાશવા. કોઈનું સાંભળે નહિ. કોઈને ગાંઠે નહિ. કોઈ કહે તો તેનાથી ઊલટું જ કરવું કે કહેવું. આવી વાણી-વર્તન લાડલીના જોઈ છોકરાના માતાપિતા તંગ આવી ગયા. તેમણે છોકરાને કહ્યું, ''આવા રૂપ ને રૂપિયા શા કામના ? તું જલદીથી વહુને તેના પિયર મૂકી આવ.''

લાડલીને જોઈ પિતાએ પૂછ્યું ''કેમ બેટા, તારું સાસરું તો સારું છે ને ? ચોધાર આંસુએ રડતા લાડલી બોલી, ''પિતાજી, મને કૂવામાં ધકેલી દેવી હતીને ! ઝેર દેવું હતું ને ! મને સાસરે શા માટે મોકલી ? મારું સાસરું તો હળાહળ નરકનો વાસો છે.'' પિતાએ શાંતિથી સાંભળી વળતો પ્રશ્ન કર્યો ''તું એ તો કહે તારા સાસુ-સસરા કેવા છે ?'' સાંભળતાં જ લાડલી ત્રાડીને બોલી ''મારી સાસુ ડાકણ ને સસરો રાક્ષસ છે.'' ''જે હોય તે પણ એ કહે કે તારા દેરાણી - જેઠાણી કેવાં છે ?'' ''પિતાજી દેરાણી શકણી ને જેઠાણી ભૂતડી છે.'' છતાંય ધીરજથી પિતાજી બોલ્યા, ''બેટા કંઈ વાધો નહિ, હવે એ કહે કે તારો પતિ કેવો છે ?'' ''મારા પતિમાં તો અક્કલનો છાંટો બળ્યો નથી. એ તો યમદૂત છે યમદૂત.'' શેઠ સમજુ ને જમાનાના ખાધેલ હતા. તેઓ એક સિદ્ધાંત બરાબર સમજતા હતા -

''સ્ત્રી પિયર, પુરુષ સાસરે, સંત રહે સ્થિરવાસ,
એ તીનો થાય અળખામણાં, ઘટતી જાય સુવાસ.''

શેઠે શાંતિથી માથે હાથ ફેરવી કહ્યું, ''બેટા આ બધામાંથી ઉગરવાનો એક ઉપાય છે.'' ''જલદી બતાવો પિતાજી'' ઉત્સાહમાં આવી લાડલી બોલી. ''જો બેટા, આ નવકાર મહામંત્ર છે. બસ તું એનું રટણ શરૂ કરી દે. ઊઠતાં, બોલતાં, સૂતાં, જાગતાં, કામ કરતાં એનું મનમાં સ્મરણ કરવા લાગ. એ ઉપરાંત કોઈના કહેવા પર ધ્યાન નહિ આપવાનું. મન મોટું રાખી ગમ ખાતાં શીખ, કોઈની સાથે ઝઘડવાનું નહિ.''

બરાબર એક વર્ષ પિતાજીએ લાડલીને તાલીમ આપી ને કહ્યાગરા બાળક કે શિષ્યની માફક લાડલીએ એનું પાલન પણ કર્યું. ત્યારબાદ શેઠ

લાડલીને તેના સાસરે મૂકવા ગયા. સાસરીમાં બધાનાં મોં ચડી ગયા, "આ બલા વળી ક્યાંથી આવી !" એવું વિચારવા લાગ્યા. શેઠ તો લાડલીને સાસરિયાનાં ભરોસે મૂકીને જતા રહ્યાં.

બધાના આશ્ચર્ય વચ્ચે લાડલી સાસુ-સસરા, જેઠ-જેઠાણી, પતિ વગેરેને રોજ સવારે ઊઠી પગે લાગે છે. મંત્રજાપ સતત મનમાં ચાલુ છે. કોઈના બોલ્યા સામે બોલતી નથી, આખો દિવસ બસ બધાનું ચીંધ્યું કરે છે. કામમાંથી નવરી પડતી જ નથી. કહેવત છે ને "નામ અને ચામ પ્યારા નથી, પ્યારાં છે કામ".

એકાદ મહિનો આમ ચાલ્યું. સાસુને થયું કે, આ પહેલાની વહુ છે કે શું ? આવી વહુ તો કોઈ ભાગ્યશાળીને જ મળે. એણે ઘરની જવાબદારી ને તિજોરીની ચાવી સોંપી દીધા. વળી, વહુનું જ ઉપરાણું લેવા લાગ્યાં. સાસરીમાં લાડલીના માનપાન વધી ગયાં.

એક દિવસ શેઠને લાડલીનો વિચાર આવ્યો. શું કરતી હશે લાડલી ? તેણે માણસ સાથે સંદેશો મોકલી લાડલીને તેડાવી. પણ સાસરીવાળા લાડલીને એક દિવસ પણ મોકલવા તૈયાર થતા નથી. ખૂબ વિનંતીને માન આપી એક દિવસ મોકલે છે લાડલીને.

પિયરમાં પિતાજીને જોઈ લાડલી દોડીને પગે પડે છે. હસતા ગુલાબના ફૂલને જોઈ પિતાજીના હૃદયમાં પણ આનંદ થયો. પિતાજીએ પૂછ્યું, "બેટા, સાસરું કેવું છે ?" "પિતાજી, મારું સાસરું સ્વર્ગ છે સ્વર્ગ." "તારા સાસુ-સસરાં કેવા છે ?" "પિતાજી, સાસુજી સાક્ષાત્ દેવી અને સસરાજી દેવ છે." "તો પછી તારો પતિ કેવો છે ?" "પિતાજી, પતિ તો પરમેશ્વર તુલ્ય છે. ટૂંકમાં સૌ ગુણવાન ને કુલવાન છે."

ટૂંકમાં, મંત્રસાધનાથી વ્યક્તિની દૃષ્ટિ બદલવાથી જગત પણ બદલાઈ જાય છે. જરૂર છે માત્ર દૃષ્ટિ બદલવાની, જાતને બદલવાની. ગુરુકૃપાથી પ્રાપ્ત થયેલ મંત્ર સંસારના ત્રિવિધ તાપની સમસ્યાનું સમાધાન, શમન કરનાર છે.

• • •

## નારીનું આભૂષણ - શીલ

**(પાના નં. ૨૭ પરથી ચાલુ...)**

આગળ વધીને લજ્જા એ જ સ્ત્રીનું સ્વરૂપ છે. જે ક્ષણે એનું શરમાવાનું જતું રહેશે, તે જ ક્ષણે એનું સ્ત્રીત્વ વિદાય લઈ લેશે. ૧૦ - ૧૦ = ૦ થાય છે. પણ સ્ત્રી - સ્ત્રીત્વ = હોનારત થાય છે. આપણી સંસ્કૃતિ કહે છે –

लज्जाविणासे व स किं न कुज्जा ।
જો લજ્જાનો વિનાશ થઈ ગયો,
તો એ પછી કયું ખોટું કામ નહીં કરે ?

Sorry to say, દુનિયા જેને બોલ્ડ કહેતી હોય છે એના જીવનમાં તમામે તમામ નિમ્ન સંભાવનાઓ ખુલ્લી હોય છે. હોનારતોથી થાકી-કંટાળીને હવે વેસ્ટર્ન કન્ટ્રીસની નજર આપણી મૂળભૂત સંસ્કૃતિ પર પડી છે. યુરોપ અને અમેરિકામાં એવા મહિલા-કલબ્સના શ્રીગણેશ થઈ ચૂક્યા છે, જેમાં ટોપ ટુ બોટમ પૂર્ણ મર્યાદાસભર સાંસ્કૃતિક વેષ પરિધાન કરવાના સોગંદ લેવાય છે. લગ્ન સુધી બ્રહ્મચર્ય પાળનારી 'પ્યોર લવ' સંસ્થા ત્યાંની કૉલેજોમાં પોતાનો પ્રસાર વધારી રહી છે. બોય ફ્રેન્ડ-ગર્લ ફ્રેન્ડ રાખવાથી આખી જિંદગી વેર-વિખેર થઈ જાય છે એ જોઈને ત્યાં લાખો લોકોની આંખો ઉઘડી ગઈ છે. ને આપણે હજી ય સૂતા રહીશું ? Please Awake, come back to our culture. એ જ રિયલ ઓક્સિજન છે. એના વિના આપણે ગુંગળાઈને મરી જઈશું.

# વિદ્યાર્થીઓમાં ચિંતાજનક રીતે વધતું જતું ગુનાખોરીનું પ્રમાણ

**પારૂલબેન બી. ગાંધી**

પૂર્વની અને પશ્ચિમની જીવનશૈલીમાં સૌથી મોટો - આંખે ઊડીને વળગે તેવો - પાયાનો ફેરફાર આ છે કે,.... પૂર્વ ત્યાગલક્ષી છે તો પશ્ચિમ ભોગલક્ષી છે.

ભારતીય જીવનશૈલી એ રીતે ઘડાયેલી છે કે જેમાં કોઈ એકનો નહિ પરંતુ સમગ્રને ધ્યાનમાં રાખીને વિચાર કરવામાં આવે. વળી, તેમાં સર્વજનસુખાય અને સર્વજનહિતાયનો દૃષ્ટિકોણ રાખવામાં આવ્યો છે પરંતુ માત્ર સ્વાર્થને ક્યાંય આગળ લાવવામાં આવતો નથી. આ જીવનશૈલીમાં માતા-પિતાઓ પોતાના સંતાનોને અદ્ભુત સંસ્કરણ આપતા. ગર્ભકાળથી આ સંસ્કરણ ચાલુ થઈ જતું. ઘોડિયામાં બાળકને હીંચતા હીંચતા અનસૂયાઓ, મદાલસાઓ અને જીજાબાઈઓ બાળકને અજન્મા બનવાની, આત્માના વિશુદ્ધ સ્વરૂપને પામવાની તથા દેશ માટે મરી ફીટવાની વાતો સંભળાવતી. આથી જ આ જીવનશૈલીમાં પેદા થયેલા બાળકોને યાદ કરીએ તો રામ, ભીષ્મ, શ્રવણ કે ભરત યાદ આવ્યા વિના રહેતા નથી. પિતાએ આપેલા વચનને નિભાવવા માટે રામે સ્વેચ્છાએ અને સાનંદ ૧૪ વર્ષનો વનવાસ સ્વીકાર્યો. પિતાની લગ્નેચ્છા પૂરી કરવા ભીષ્મે રાજ છોડ્યું અને વિષયભોગ પણ ત્યાગ્યા. વૃદ્ધ માતા-પિતાને કાવડમાં બેસાડી, તે કાવડ બંને ખભા ઉપર ઊંચકીને ધર્મતીર્થોની યાત્રા કરાવનાર શ્રવણ ક્યાં ? અને કયાં આજના કપૂતો કે જેઓ પશ્ચિમી જીવનશૈલીનો શિકાર બનીને મા-બાપની સેવા કરવાનું તો દૂર પરંતુ મા-બાપને ઘરડાઘરમાં ધકેલી દે છે. જિંદગી વધુ લંબાય તો મર્સીફુલ ડેથ આપતા પણ અચકાતા નથી !!

હવે તો સમય એવો આવ્યો છે કે આજનો બાળક વિદ્યાર્થીકાળમાં કોઈ 'ડૉન' અને 'ભાઈ'ને પણ શરમ આવે તેવા કૃત્યો કરતો થઈ ગયો છે. જે ઉંમરે હજી સંસ્કારો મેળવવાની, વિદ્યા પ્રાપ્ત કરવાની, કાર્ય-કળા-કૌશલ્યમાં મહારત હાંસલ કરવાની છે તે ઉંમરે આજનો વિદ્યાર્થી ચાકુ, બંદૂક, હથોડા અને કાળમીંઢ પથ્થરોથી ખેલવા લાગ્યો છે. આજે છાપામાં આવા સમાચારો આપણને અવારનવાર જોવા મળે છે કે –

- એક વિદ્યાર્થીએ તેની સાથે અભ્યાસ કરતાં પાંચ સહાધ્યાયીઓને બંદૂકની ગોળીઓથી વીંધી નાખ્યા.
- એક વિદ્યાર્થીએ તેના રૂમપાર્ટનરનું ગળું દબાવીને હત્યા કરી.
- એક વિદ્યાર્થીએ નાની બાબતમાં મારામારી કરી ચાર મિત્રોને ગંભીર રીતે ઘાયલ કર્યા.
- ચાર વિદ્યાર્થીઓએ ભેગા મળીને તેની સાથે જ અભ્યાસ કરતી વિદ્યાર્થિની પર બળાત્કાર કરી તેની હત્યા કરી.
- બે શ્રીમંત નબીરાઓ પોતાના મોજશોખ પૂરા કરવા ચોરીના રવાડે ચડી ગયા. તેમની પાસેથી પાંચ ચોરી કરેલ બાઈક કબજે.
- કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાના જ મિત્રને ધમકી આપી ૧૬ લાખની ખંડણી ઊઘરાવી.
- કૉલેજમાં અંધાધૂંધ ગોળીબાર કરીને પાંચ વિદ્યાર્થી, ૧ વિદ્યાર્થિની તથા ૧ શિક્ષકની હત્યા કરતો વિદ્યાર્થી.

આ તો માત્ર થોડાક સમાચારો છે, જે વાસ્તવિકતા છે અને નગ્ન સત્ય છે. સંસ્કારોનું દેવાળું

છે, સંસ્કૃતિની નામોશી છે અને માતા-પિતા માટે કલંકરૂપ છે. વિદ્યાર્થીઓને આટલા બધા ક્રૂર, સંસ્કારહીન અને હિંસક બનાવે છે પિક્ચરો, ટી.વી., વીડિયો વગેરે. પહેલાના સંયુક્ત કુટુંબોમાં વડીલો સાજા-માંદા થતા તો તેમની સેવા કરાતી, છેલ્લે સુધી એમને ઓછું ન આવે તે રીતે ઘરના લોકો પ્રેમથી, લાગણીથી અને ઋણ ઊતારવાની ભાવનાથી તેમની સેવા કરતાં, જે કરુણા અને કૃતજ્ઞતા એ બે ગુણોનો વિકાસ કરતાં. જ્યારે આજે એ ભાવના તો ઘસાઈ ગઈ છે. અરે ! કહેવાતા આધુનિક માતા-પિતાઓ પોતે હાઈ-સોસાયટીના કહેવાય તે માટે, મોર્ડન કહેવાય તે માટે બાળકોને આડકતરું પ્રોત્સાહન આપતા હોય છે ! આમ, વિદ્યાર્થીઓના જીવનમાં કેવો પ્રલયકાલીન વિનાશ વેરી રહ્યો છે પશ્ચિમનો ઝંઝાવાતી પવન !

જો આવું બનતું અટકાવવું હોય તો દરેક માતા-પિતાએ જાગૃતિ લાવવી પડશે. પોતાના બાળકમાં નાનપણથી જ સારા, સાચા અને ધાર્મિક સંસ્કારોનું સિંચન કરવું પડશે. કહેવાનો મતલબ એ નથી કે નાનપણથી જ તમારા દીકરા-દીકરીને મીરાંબાઈ કે નરસિંહ મહેતા બનાવી દો. ગર્ભિતાર્થ એ છે કે જેનું સિંચન ખૂબ જ જરૂરી છે તેવા સંસ્કારોથી બાળકોને વંચિત ન રાખો.

રસોઈ કરવી હશે તો અગ્નિ વિના ચાલશે જ નહિ, પરંતુ એ અગ્નિ પ્રમાણસરનો હોય તે જરૂરી છે. સાવ દીવા જેવો અગ્નિ હશે તો તેમાં રસોઈ ચડશે નહિ, મોટો ભડકો હશે તો ખાદ્યસામગ્રીને જ બાળી નાખશે. આથી કાચી સામગ્રીને યોગ્ય રીતે તાપમાન મળે તે જરૂરી છે. તેવી જ રીતે માતા-પિતાની ફરજ છે કે બાળકોને એવા પરંપરાગત ન બનાવી દો કે તેનો વિકાસ રૂંધાઈ જાય, તેની પ્રગતિમાં અવરોધ પેદા થાય. સાથે સાથે એવા મોર્ડન પણ ન બનાવી દો કે ભડકાની જેમ આખા કુટુંબનું સત્યાનાશ વાળી દે.

એક સંત પાસે એક માતા આવી. સંતને પ્રણામ કરી તેણે પૂછ્યું કે, "ગુરુદેવ ! મારો પુત્ર મોર્ડન યુગનો માણસ છે. તે નોનવેજ છે. તે બહારની હોટલોમાં ભોજન કરે તો ક્યારેક માંસ - રોગિષ્ટ ઢોરનું હોઈ શકે અને તે માંદો પડે, ક્યારેક તે બરોબર રાંધેલું ન હોય, કાચું-પાકું હોય તો પણ તેની તબિયત બગડે. તો શું હું તેને મારે ઘેર નીરોગી પશુનું માંસ બરોબર રાંધીને ખવડાવી શકું ? આમાં તમારો શું અભિપ્રાય છે !!" શું જવાબ આપે પેલા સંત-મુનિવર. મરવું તો છે જ, માત્ર કૂવામાં પડીને મરવું કે સાગરમાં પડીને મરવું, એવો આ સવાલ છે.

પશ્ચિમના પવને ભારતના શહેરોને, શ્રીમંતોને, શિક્ષિતોને તો ઝડપી જ લીધા છે પણ આજે તો હવે દેશના ખૂણે-ખૂણાને, ગામડાના એક-એક માણસને પણ ટી.વી. દ્વારા પોતાની નાગચૂડમાં ફસાવી દીધા છે. સવાલ માત્ર સમયનો છે, અને યુવાનોને જાગૃત થવાનો છે. જો યુવાનો જાગશે તો આ નાગચૂડમાંથી મુક્તિ મેળવી શકશે, નહિ તો તેના પાશમાંથી છૂટવું તો મુશ્કેલ છે જ.

બસ, કહેવું છે માત્ર એટલું જ કે યૌવન શું ન કરી શકે ? અરે ! ધારે તો યૌવન બધું જ કરી શકે. પહાડો ઠેકી શકે, આકાશને આંબી શકે, સાત સમંદરને પાર કરી શકે. અજબ હિંમત ! ગજબ જુસ્સો ! થનગનતો તોખાર છે યૌવન. અસીમ ઉત્સાહ, અથાગ હિંમત અને અતુલ્ય સાહસ છે યૌવનમાં. યૌવન અમર્યાદ શક્તિનો ભંડાર છે. એ બધું ય કરી શકે... પણ... એક જ શરત છે... એ મર્યાદાની પાળને તોડે નહિ તો ! કોઈકે કહ્યું છે કે,

રે યૌવન ! તું ના તોડ તારી પાળ,
નહિતર ડૂબશે તારું વહાણ...

યૌવન સંયમમાં રહે તો જ તેની શોભા છે.

**(અનુસંધાન પાના નં. ૧૭ પર...)**

# શ્રાવકજીના ત્રણ મનોરથ, કાપે સંસારનો પંથ

**રવિલાલ કુંવરજી વોરા**

પ્રતિક્રમણ સૂત્રમાં શ્રાવકજીના ૨૧ ગુણોનું વર્ણન આવે છે. ૧૪મે બોલે શ્રાવકજી ત્રણ મનોરથના ચિંતવનાર છે. ક્યારે આરંભ-પરિગ્રહ છોડીશ, ક્યારે મમત્વ છોડીને સંયમ આદરીશ, ક્યારે સંલેખના સંથારો કરીશ - આ ત્રણ મનોરથો દરેક શ્રાવક શ્રાવિકાને સમજવા જોઈએ. આ ત્રણ મનોરથો સવિસ્તાર નીચે પ્રમાણે છે :

**પહેલો મનોરથ :**

દરેક શ્રાવક-શ્રાવિકા દરરોજ ત્રણ મનોરથ, ત્રણ ભાવના ભાવે. પહેલો મનોરથ, પહેલી ભાવના એમ ભાવે કે હે નાથ ! હે કૃપાળુ ! હે દયાળુ ! હે અંતર્યામી ! હું અનંતકાળથી અજ્ઞાનપણે મહા આરંભ-સમારંભ કરી, મહામોહમાં લુપ્ત થઈ મહા પરિગ્રહ વધારી, ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષરૂપી કષાયોને આધીન થઈ, સાર વગરના સંસારમાં રખડી રહ્યો છું. હું અનંતાનંત ભવોથી જન્મ-જરા-મરણ, આધિ - વ્યાધિ - ઉપાધિથી દુઃખી થઈ, પીડા ભોગવી રહ્યો છું. તોય હે પ્રભુ ! મને કિનારો મળ્યો નથી. પાંચમી ગતિનો સ્વામી બની શક્યો નથી. આમ, અનંતકાળથી રખડતા રખડતા કર્મોનું ફળ ચાખતા ચાખતા, કોઈ શુભ કર્મના ઉદયે કરી, પુણ્યના યોગે કરી, હે પ્રભુ ! આપની કૃપાએ કરી, હું સંપૂર્ણ ઇન્દ્રિયો સહિત મનુષ્યદેહે આર્ય ક્ષેત્ર અને સર્વોત્કૃષ્ટ એવો જૈન ધર્મ પામ્યો છું. હે નાથ ! આવી રિદ્ધિએ કરી જોગવાઈઓ સહિત હજુય મારા અનાદિ કાળના અશુભ અજ્ઞાનના, સ્વભાવના પરિણામે કરી, ગાફેલપણામાં પ્રમાદ સેવીને, આળસ કરીને, આ રત્નચિંતામણિ સરખો મનુષ્યભવ હારી ન જાઉં માટે હે નાથ ! મને એવી ઉત્કૃષ્ટ સન્મતિ આપો કે જેથી મને જ્ઞાન થાય કે મહા આરંભ સમારંભ દુઃખનું કારણ છે. મહા મોહ, મહા પરિગ્રહ અનંતકાળ સુધી સંસારસાગરમાં રખડાવનાર છે અને એવું જાણી મહા આરંભ છોડું, મહા પરિગ્રહનો ત્યાગી બની, શ્રાવકજીના બાર વ્રત અંગીકાર કરીને હે પ્રભુ ! આ અપૂર્વ કિંમતી શ્રાવકપણું આ જન્મે પ્રાપ્ત કરું તે દિન, તે ઘડી આ ભવની ઉત્તમ લેખાતી ગણીશ, જ્ઞાનસભર ઉત્તમ ગતિ પ્રાપ્ત કરું.


**બીજો મનોરથ :**

શ્રાવક - શ્રાવિકાજી બીજી ભાવના એમ ભાવે છે કે હે નાથ ! હું આ ભવમાં શ્રાવકપણું અંગીકાર કરું. કાળક્રમે હું સાધુપણું અંગીકાર કરું, પાંચ મહાવ્રત ધારણ કરું, વિશુદ્ધ ચારિત્ર વડે નવા આવતા કર્મોને અટકાવતો થકો, જગતના સર્વ જીવ પર સમભાવ-સમદૃષ્ટિ રાખતો થકો, સમજપૂર્વક તપ કરીને પૂર્વના કર્મોને ખપાવતો થકો, દયા અનુકંપા રાખતો થકો હું ક્યારે વિચરીશ ? એવું સાધુપણું હું આ દેહે, આ ભવે પ્રાપ્ત કરું તે દિન, તે ઘડી, હું મારી ઉત્કૃષ્ટ લેખાની ગણીશ.


**ત્રીજો મનોરથ :**

શ્રી શ્રાવક - શ્રાવિકાજી ત્રીજી ભાવના એમ ભાવે, કે હે નાથ ! મારા અંતિમ સમયે હું આલોઈ, પડિક્કમી, નિંદી, નિઃશલ્ય થઈ જગતના સર્વ જીવોને ખમાવી સંસારની સર્વ પાપકારી ક્રિયાઓથી મુકત થઈ અઢાર પાપ, ચાર આહાર, ત્રણ શલ્યનો ત્યાગ કરી સંથારો કરી શુદ્ધ ભાવે, સમતા પરિણામે, આ દેહ ઉપરનો મૂર્ચ્છાભાવ દૂર કરી ક્યારે આ દેહ છોડીશ ! એવું મરણ મને આ ભવે પ્રાપ્ત થાઓ.

• • •



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## અપૂર્વ ધૈર્ય

'સરસ્વતીચંદ્ર' જેવી મહાન નવલકથા લખીને ગુજરાતી સાહિત્યમાં અમર નામના પ્રાપ્ત કરનાર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી અત્યંત ધૈર્ય ધરાવતી વ્યક્તિ હતા.

વ્યવસાયે તેઓ વકીલ હતા. નિયત સમયે ઘેરથી કોર્ટમાં જવું અને નિયત સમયે કોર્ટથી ઘર પર આવી જવું એ નિયમમાં કદી તેમણે ભંગ પડવા દીધો નહોતો.

એકવાર તેઓ કોર્ટમાં ગયા.

કોર્ટનું કામ પૂરું થયું એટલે તેઓ ઘર તરફ રવાના થયા.

તેમણે જેવો ઘરમાં પગ મૂક્યાં કે તેમની એક નાની દીકરી તેમની સામે નાચતી-કૂદતી દોડી આવી.

આનું કારણ જાણવા તેમણે પુત્રીના ખભે હાથ મૂકીને પૂછ્યું, 'બેટી, આટલી બધી કેમ નાચે-કૂદે છે ?'

વહાલી પુત્રીએ તરત પિતાને જવાબ આપ્યો, "નાચું નહિ તો શું કરું ? આજે મેં મારી જાતે એક સુંદર પતંગ બનાવ્યો છે !"

"ચાલ, મને એ પતંગ બતાવ."

પિતાપુત્રી બંને એક ઓરડામાં આવ્યાં.

પણ પતંગ જોતાં જ પિતાથી બોલી જવાયું, "અરે, આ તો મારા એક કેસનાં કાગળિયાંનો પતંગ બનાવ્યો છે ! કેટલી બધી મહેનતે એ કાગળિયાં મેં તૈયાર કર્યાં હતાં !"

પુત્રી તો આ સાંભળીને ડઘાઈ જ ગઈ !

પણ પિતાએ જરાયે ગુસ્સે થયા વિના પુત્રીના માથા પર હાથ ફેરવતાં કહ્યું, "ચાલ, કાંઈ વાંધો નહિ. હું ફરીથી કાગળિયાં તૈયાર કરી લઈશ."

જાણે કશું જ ન બન્યું હોય તેમ તેઓ ફરી કેસનાં કાગળિયાં તૈયાર કરવા ટેબલ પર બેસી ગયા !

પિતાની આ ધીરજને નાની પુત્રી અકળ રીતે જોઈ જ રહી !

## સેવાભાવના

એક દિવસ ગુરુકુળમાં આગ લાગી. શિક્ષકો અને છાત્રો બધા ગભરાઈ ઊઠ્યા અને આગ ઓલવવાના પ્રયાસો શરૂ થયા. પણ પાણીની કૂંડી નાની હતી તે કારણે એમાંનું પાણી ખલાસ થઈ ગયું.

હવે રેંટ ચલાવીને કૂવામાંથી પાણી બહાર કાઢવાની જરૂર પડી. પણ રેંટમાં જોડાતા બળદને તો એકામાં જોડીને કેટલાક છાત્રો, ગુરુકુળમાં આવેલા એક અતિથિને એમના સ્થળે મૂકવા ગયા હતા !

બળદ વિના રેંટ ચાલે નહિ અને એ કૂવામાંથી પાણી બહાર નીકળે નહિ !

બધા મોટી વિમાસણમાં પડ્યા !

એવામાં એક છાત્ર આગળ આવ્યો. એ દૂબળા વિદ્યાર્થીએ કહ્યું, "ગભરાશો નહિ. બળદ ભલે ન રહ્યો, હું તો છું ને !"

એમ કહીને રેંટમાં એણે પોતાનો દેહ જોતર્યો અને બળદ ચલાવે એ રીતે એણે રેંટ ચલાવવા માંડ્યો.

કૂવામાંથી આ રીતે પાણી બહાર નીકળવા માંડ્યું.

પાણીની આખી કૂંડી ફરી પાણીથી ભરાઈ ગઈ અને એ પાણીથી આગ કાબૂમાં લેવામાં આવી.

ગુરુકુળના ગૃહપતિ પોતાના ખંડમાંથી બહાર આવ્યા તો પાણીની કૂંડીમાં પાણી જોયું અને આગ બુઝાઈ ગયેલી જોઈ.

તેમણે છાત્રોને પૂછ્યું, ''બળદ તો છે નહિ, છતાં પાણી ક્યાંથી !''

છાત્રો બોલ્યા, ''ગુરુજી, બળદની જગ્યાએ આ વિદ્યાર્થી જોતર્યો હતો અને એ રીતે એણે રેંટ ચલાવી કૂવામાંથી પાણી બહાર કાઢ્યું !''

પેલા વિદ્યાર્થીની આવી સેવાભાવનાની ગૃહપતિને ખબર પડી કે એ દૂબળા વિદ્યાર્થીને તેઓ ભેટી પડ્યા અને બોલ્યા, ''તારી આ સેવાભાવનાને હું અભિનંદુ છું.''

આ દૂબળો વિદ્યાર્થી પછી મોટો થયો અને ભિક્ષુ અખંડાનંદના નામે પ્રસિદ્ધ થયો ! ભિક્ષુ અખંડાનંદે લોકોને સસ્તી કિંમતે ઉચ્ચ સાહિત્ય વાંચવા મળે એવા શુભ હેતુથી 'સસ્તું સાહિત્ય' નામની સંસ્થાની સ્થાપના કરી, જે આજે પણ ગુજરાતમાં શ્રેષ્ઠ સાહિત્યની એક પરબ રૂપે જીવંત છે.

## સાચો લોકનેતા

૧૯૩૮ના વર્ષની વાત છે !

એ વખતે બિહારમાં એક મોટો ધરતીકંપ થયો.

જાનમાલને પારાવાર નુકસાન થયું.

વિદેશી સરકાર આ ભૂકંપગ્રસ્ત લોકોને મદદ કરે એ પહેલાં બિહારના કેટલાક લોકસેવકોએ જ એ રાહતકાર્ય ઉપાડી લીધું.

એ લોકસેવકોની આગેવાની કરી રહ્યા હતા ડૉ. રાજેન્દ્રપ્રસાદ, જેમને બિહારના લોકો 'બિહારના છોટે ગાંધી' નામે ઓળખતા હતા.

ડૉ. રાજેન્દ્રપ્રસાદે ટાઢતડકો જોયા વિના ભૂકંપગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેવા માંડી. લોકોને તેઓ આશ્વાસન આપવા લાગ્યા.

એકવાર તેઓ આવા રાહતકાર્યના અનુસંધાનમાં દરભંગા જઈ રહ્યા હતા. માર્ગમાં ટ્રેન સોનાપુર સ્ટેશને થોભી.

ઉનાળાનો દિવસ ! તાપ કહે મારું કામ ! બધા ઉતારુઓ ખૂબ તરસ્યા થયા હતા. રાજેન્દ્રબાબુએ બારી બહાર નજર કરી, પણ કોઈ પાણી પાવાવાળો તેમની નજરે પડ્યો નહિ.

તરત જ તેઓ ડબામાં પાછા ચઢ્યા અને પોતાની સાથે આવેલા કાર્યકરોને કહ્યું, ''આપણી પાસે બે-ચાર ડોલ છે તે અને પવાલાં કાઢો.''

તેમના આ આદેશનો અમલ થયો.

ડૉ. રાજેન્દ્રપ્રસાદ ડોલ અને પવાલાં લઈને, સ્ટેશનથી થોડે દૂર આવેલા નળ પર ગયા અને ત્યાંથી ડોલમાં પાણી ભર્યું, એ પછી ડબે ડબે ફરીને તેમણે તરસ્યા થયેલા ઉતારુઓને પાણી પાવા માંડ્યું.

એક-બે ઉતારુઓએ ડૉ. રાજેન્દ્રપ્રસાદને કહ્યું, ''આપ આવી તસ્દી શા માટે ઉઠાવો છો ?''

ડૉ. રાજેન્દ્રપ્રસાદે જવાબ આપતાં ઉતારુઓને કહ્યું, ''આમાં તસ્દી શાની ? હું દરભંગા રાહતકાર્ય માટે જઈ રહ્યો છું. આ પણ એક રાહતકાર્ય જ છે ને ! અહીંનો આ અનુભવ મને દરભંગાના રાહતકાર્યમાં સહાયભૂત બનશે.''

ગાડી ઊપડી ત્યાં સુધી તેમણે ઉતારુઓને પાણી પાયા કર્યું.

• • •

**સુવિચાર**

**ભગવાનની અને ગુરુની આજ્ઞાનો અંતરમાં વાસ થવો એ સાચો ઉપવાસ છે, એ સાચું તપ છે અને સાચી સંવત્સરી છે.**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થાના આગામી કાર્યક્રમોની રૂપરેખા

| તારીખ | તિથિ | વાર | વિગત |
|---|---|---|---|
| ૧૪-૭-૨૦૧૮ | અષાઢ સુદ બીજ | શનિવાર | શ્રી જિનમંદિરમાં નૂતન ધ્વજારોહણ |
| ૨૭-૭-૨૦૧૮થી ૨૯-૭-૨૦૧૮ | અષાઢ સુદ પૂનમ | શુક્રવારથી રવિવાર | ગુરુપૂર્ણિમા શિબિર |
| ૬-૯-૨૦૧૮થી ૧૩-૯-૨૦૧૮ | શ્રાવણ વદ - ૧૧થી ભાદરવા સુદ - ૮ | ગુરુવાર થી ગુરુવાર | શ્રી પર્યુષણ મહાપર્વ |
| ૧૪-૯-૨૦૧૮થી ૨૩-૯-૨૦૧૮ | ભાદરવા સુદ-પાંચમથી ભાદરવા સુદ ચૌદશ | શુક્રવારથી રવિવાર | શ્રી દશલક્ષણ પર્વ |
| ૨૫-૧૦-૨૦૧૮ | આસો વદ એકમ | ગુરુવાર | શ્રી આત્મસિદ્ધિ રચનાદિન તથા લઘુરાજ સ્વામીની જન્મતિથિ |
| ૫-૧૧-૨૦૧૮થી ૮-૧૧-૨૦૧૮ | આસો વદ તેરસથી કાર્તિક સુદ એકમ | સોમવારથી ગુરુવાર | દીપાવલી આરાધના શિબિર |
| ૧૨-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પાચમ | સોમવાર | શ્રી જ્ઞાનપંચમી |
| ૨૩-૧૧-૨૦૧૮ | કાર્તિક સુદ પૂનમ | શુક્રવાર | પરમકૃપાળુદેવની જન્મજયંતિ (દેવદિવાળી) |
| ૧-૧૨-૨૦૧૮થી ૩-૧૨-૨૦૧૮ | - | શનિવારથી સોમવાર | ડિસેમ્બરની આધ્યાત્મિક શિબિર |

## સંસ્થામાં ગુરુપૂર્ણિમાની ત્રિદિવસીય શિબિર (જુલાઈ ૨૭, ૨૮, ૨૯) દરમિયાન વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન

સંસ્થામાં તા. ૨૭-૭-૨૦૧૮ થી તા. ૨૯-૭-૨૦૧૮ (શુક્રવાર થી રવિવાર) દરમિયાન ગુરુપૂર્ણિમા નિમિત્તે ત્રિદિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના સ્વાધ્યાય ઉપરાંત સત્સંગ, જિનપૂજા, ભક્તિસંગીત વગેરે વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત નીચે જણાવ્યા પ્રમાણે કેટલાક **વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન જુલાઈ ૨૬ થી જુલાઈ ૩૧ દરમિયાન થશે;** જેની નોંધ લેવા વિનંતી છે.

૧. નૂતન સાધકકુટિરનું ઉદ્‌ઘાટન

૨. નવનિર્મિત ગુરુકુળનું ઉદ્‌ઘાટન

૩. આદ. બા. બ્ર. શ્રી સુરેશજી દ્વારા લિખિત ‘પંથ પરમપદ’ પુસ્તકનું વિમોચન

૪. આદ. શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહની નૂતન સાધનાકુટિરમાં ભગવાનની અને પરમકૃપાળુદેવની પ્રતિષ્ઠા

૫. થાઈરોઈડ કેમ્પ (તા. ૨૯-૭-૨૦૧૮)

નૂતન સાધકકુટિર અને ગુરુકુળ માટે જે દાતાઓનું વિશિષ્ટ યોગદાન રહ્યું છે તે સર્વેને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે અને ઉપરોક્ત કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવે છે. શિબિરમાં પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ છે. આપના આગમનની અગાઉથી સંસ્થામાં જાણ કરવા વિનંતી છે.

## You Tube માં આપણી સંસ્થાની ચેનલ

સૌને જણાવતા આનંદ થાય છે કે આપણી સંસ્થા હવે You Tube પર ઉપલબ્ધ છે, જે ચેનલ પર જવાથી પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા તેમના ટૂંકા અમૃતવચનોની Clips નો લાભ લઈ શકાશે. તેની લીન્ક નીચે પ્રમાણે છે. www.YouTube.com/c/shrimadkoba સૌ મુમુક્ષુઓને વિનંતી કે આ લીન્ક પર જઈ Subcribe કરે. ઉપરાંત notification ‘bell’ (🔔) ઉપર Click કરે, જેથી નવા સ્વાધ્યાયોની માહિતી મળતી રહે. પોતાના મિત્રવર્તુળમાં પણ આ બાબતની જાણ કરવા સૌને વિનંતી છે.

## સંસ્થામાં થાઈરોઈડ નિદાન કેમ્પનું આયોજન

આપણી સંસ્થામાં ગુરુપૂર્ણિમા પર્વ નિમિત્તે આયોજિત શિબિરના ભાગરૂપે સંસ્થા સંચાલિત મેડિકલ સેન્ટરના ઉપક્રમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ‘થાઈરોઈડ નિદાન કેમ્પ’નું આયોજન તા. ૨૯-૭-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૧૨.૦૦ થી ૩.૦૦ દરમિયાન કરવામાં આવેલ છે.

આ સમય દરમિયાન રૂા. ૫૦/-ના રાહત દરે TSH ટેસ્ટ કરી આપવામાં આવશે. જે સેમ્પલમાં TSHનો રીપોર્ટ ઓછો કે વધારે આવે તે સેમ્પલમાંથી જ T3 અને T4 ના રીપોર્ટ કોઈપણ અન્ય ચાર્જ વિના કરી આપી, બે દિવસમાં સંસ્થામાં રીપોર્ટ પહોંચાડી દેવાશે.


સામાન્યતઃ પ્રાઈવેટ લેબોરેટરીમાં આ ટેસ્ટનો ચાર્જ રૂ. ૬૦૦/-થી ૮૦૦/-ની નજીક થાય છે.

આ કેમ્પ માટે આર્થિક સહયોગ શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ તરફથી સાંપડ્યો છે, તે બદલ સંસ્થા તેમનો હ્રદયપૂર્વક આભાર માને છે.

## સંસ્થામાં બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈની સ્વાધ્યાયશ્રેણી સંપન્ન

સંસ્થાના નિમંત્રણને માન આપી બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈ શાહ સંસ્થામાં પધારતા આનંદની લાગણી પ્રસરી ગઈ. તા. ૨૦-૫-૨૦૧૮ થી તા. ૨૨-૫-૨૦૧૮ દરમિયાન ત્રિદિવસીય સ્વાધ્યાયશ્રેણી અંતર્ગત બા. બ્ર. પૂજ્યશ્રી ગોકુળભાઈએ ‘સહજાનંદ ડાયરી’ ગ્રંથના આધારે પૂ. સહજાનંદજી વર્ણીજી મહારાજની અંતરંગ સાધનાના ભાવોને તત્ત્વસભર, અનેક દૃષ્ટાંતો સહ લાક્ષણિક શૈલીમાં વ્યક્ત કર્યા હતા. પૂ. ગોકુળભાઈના સ્વાધ્યાય દ્વારા સૌને સાધનામાર્ગમાં આગળ વધવાની પ્રેરણા મળી. સૌએ સાત્ત્વિક આનંદની લાગણી અનુભવી.

## સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના S.S.C.ના વિદ્યાર્થીઓનું ૧૦૦% પરિણામ



પરમાર ભાર્ગવ કે. (શાળામાં પ્રથમ)

આપણી સંસ્થા સંચાલિત 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળના ધો.૧૦ના વિદ્યાર્થીઓનું બોર્ડનું પરિણામ દર વર્ષની જેમ ૧૦૦% આવેલ છે. S.S.C.ની પરીક્ષામાં સફળતા મેળવવા બદલ નીચેના વિદ્યાર્થીઓ, ગૃહપતિ આદ. શ્રી મહેશભાઈ તથા બહેનશ્રી રીટાબેન અને ગુરુકુળ કમિટિને સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવે છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક | ક્રમ | વિદ્યાર્થીનું નામ | પર્સન્ટાઈલ રેન્ક |
|---|---|---|---|---|---|
| ૧. | પરમાર ભાર્ગવ કે. (શાળામાં પ્રથમ) | ૯૮.૫૧ | ૬. | લાડુમોર આશિષ એલ. | ૭૭.૨૬ |
| | | | ૭. | કામળિયા રાજ એચ. | ૭૨.૬૭ |
| ૨. | મકવાણા લલિત ડી. | ૯૫.૫૫ | ૮. | જિંજાળા વિજય બી. | ૭૧.૧૨ |
| ૩. | ગઢવી મહાવીર એમ. | ૮૯.૫૫ | ૯. | ચૌધરી બ્રિજેશ આર. | ૬૮.૮૭ |
| ૪. | ગઢવી વિવેક એસ. | ૮૫.૯૫ | ૧૦. | ચૌધરી સાવન પી. | ૬૬.૮૮ |
| ૫. | નકુમ હાર્દિક જી. | ૮૦.૩૯ | | | |

## નૂતન વર્ષની દિવાળી પુસ્તિકા 'જીવન સૌંદર્ય'

નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી શકાય તેમજ સદ્‌વાચન દ્વારા સુસંસ્કારો જાગૃત થઈ શકે તે હેતુથી સંસ્થા દ્વારા દર વર્ષે દિવાળી પુસ્તિકાઓનું પ્રકાશન કરવામાં આવે છે. વિ.સ. ૨૦૭૫ની દિવાળી પુસ્તિકા 'જીવન સૌંદર્ય' પ્રગટ થશે; જેની તૈયારીઓ ચાલી રહી છે. પુસ્તિકાને સુવિચારો, સંતોના બોધવચનો, વિદ્વાનોના મનનીય લેખો, રત્નકણિકાઓ તથા જીવનોપયોગી વિવિધ માહિતીઓ દ્વારા સજાવવામાં આવી છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

**છાશકેન્દ્ર :**

૧. શ્રી ઉષાબેન નલીનભાઈ કોઠારી, યુ.એસ.એ. — રૂા. ૧૦,૦૦૦/-
હસ્તે : શ્રી નરેન્દ્રભાઈ વી. શાહ

૨. માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી કારાણી, ડુમરા (કચ્છ)
હસ્તે : આદ. શ્રી કાંતિભાઈ કારાણી — રૂા. ૧૦,૦૦૦/-

૩. શ્રી બકુલભાઈ પી. પારેખ, ચેન્નાઈ (છાશકેન્દ્ર તથા પક્ષીચણ) — રૂા. ૧૦,૦૦૦/-

૪. શ્રી ચંદનબેન શાહ, યુ.કે. — રૂા. ૧૭,૫૦૩/-
(છાશકેન્દ્ર, પક્ષીચણ તથા મેડિકલ સેન્ટર - મોતીયાના ઓપરેશન માટે)

૫. શ્રી સુધર્માસ્વામી ફાઉન્ડેશન અને ગુરુમા ગ્રુપ, બૅંગ્લોર
હસ્તે : શ્રી સુસ્મિતાબેન, મુંબઈ રૂા. ૧૦,૦૦૦/-

છાશકેન્દ્ર માટે રૂા. ૧૦,૦૦૦/- ની અંદર આર્થિક સહયોગ આપનારા સૌ ધર્મપ્રેમી દાનવીર મહાનુભાવોનો સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે.

## અમદાવાદ મુકામે પૂજ્ય મુનિ ૧૦૮શ્રી પ્રસન્નસાગરજી મહારાજનું ચાતુર્માસ

ભારતગૌરવ, તપસ્વી સમ્રાટ પૂજ્ય મુનિશ્રી પ્રસન્નસાગરજી મહારાજનું આગામી ચાતુર્માસ અમદાવાદ મુકામે નક્કી થયેલ છે. તા. ૧૦-૬-૨૦૧૮ના રોજ સાબરમતીથી મુનિસંઘનો નગરપ્રવેશ થશે. પૂજ્ય મુનિશ્રી પ્રસન્નસાગરજી મહારાજ સાથે સૌમ્યમૂર્તિ શ્રી પીયૂષસાગરજી મહારાજ તથા ક્ષુલ્લકશ્રી પર્વસાગરજીનું સસંઘ ચાતુર્માસ સ્થળ નીચે મુજબ છે : મહાવીર ફાઉન્ડેશન, સી.જી. રોડ, અમદાવાદ તથા સરદાર પટેલ સેવા સમાજ, મીઠાખળી, નવરંગપુરા, અમદાવાદ.

## શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દિ. જૈન અતિશયક્ષેત્ર, કિશનગઢ (તા. ભિલોડા) મુકામે જૈનશિક્ષણ શિબિર તથા આધ્યાત્મિક શિબિર સંપન્ન

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દિગંબર જૈન અતિશયક્ષેત્ર, કિશનગઢ(તા. ભિલોડા, જિ. અરવલ્લી) મુકામે એપ્રિલ-મે માસ દરમિયાન પ્રથમ શ્રી રાયદેશ દિગંબર જૈન શિક્ષણ શિબિર અને ત્યારબાદ આધ્યાત્મિક શિબિર સાનંદ સંપન્ન થઈ.

પ્રથમ શિબિરમાં આદ. પંડિતજી શ્રી મહેશભાઈએ (મ.પ્ર.) સરળ છતાં સચોટ શૈલીમાં તત્ત્વજ્ઞાન પીરસ્યું હતું. દ્વિતીય આધ્યાત્મિક શિબિરમાં પંડિતજી અભયકુમાર (દેવલાલી), પંડિતજી અભયકુમાર (ખેરાગઢ, મ.પ્ર.) તથા પંડિતજી અશ્વિનભાઈ (મુંબઈ) પધાર્યા હતા અને સૌને જૈન તત્ત્વજ્ઞાનનો લાભ આપ્યો હતો. શિબિરનો અનેક વિદ્વત્‌જનો અને દિગંબર સમાજના ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. આપણી સંસ્થામાંથી સ્વાધ્યાયનિષ્ઠ, ઉત્તમ સાધક બા. બ્ર. આદ. સુરેશજીએ શિબિર દરમિયાન તા. ૨૯-૪-૨૦૧૮ના રોજ 'ભેદજ્ઞાન' વિષય પર સ્વાધ્યાય આપ્યો હતો. અને તા. ૭-૫-૨૦૧૮ના રોજ 'લબ્ધિનું સ્વરૂપ' વિષય પર મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.


શિબિરનું સુંદર આયોજન કરવા બદલ આયોજકોને કોબા પરિવાર તરફથી અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## વૈરાગ્ય સમાચાર

### જ્ઞાન, ભક્તિ અને કર્મના ત્રિવેણી સંગમ સમા

## પૂજ્ય શ્રી ભાનુવિજયજી મહારાજની ચિરવિદાય

**[૧] સાગોડિયા** (પાટણ) : સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયા (પાટણ)ના અધિષ્ઠાતા **પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ** તા. ૧૭-૫-૨૦૧૮ના રોજ ૮૭ વર્ષની વયે કાળધર્મ પામ્યા છે. તપના તેજથી નિખરેલ ઉજ્જવલ ઘઉંવર્ણો દેહ, સંન્યાસીનાં શ્વેત વસ્ત્રો, ચશ્માંની પાર તેજથી ચમકતી આંખો, નિર્દોષ હાસ્ય, જ્ઞાનની ગરિમા અને કર્મના સંતોષથી ઓપતું સદૈવ પ્રસન્ન મુખ એટલે પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ.



પૂજ્ય મહારાજશ્રીનો જન્મ તા. ૬-૭-૧૯૩૧નારોજ પૂના શહેરમાં જૈન કુટુંબમાં થયો હતો. મરાઠી છ ધોરણનો અભ્યાસ કર્યા પછી માત્ર ૧૨ વર્ષની નાની વયે તેમણે માતા-પિતાની સાથે પૂ. પ્રભવચંદ્રસૂરીજી મહારાજના વરદ્ હસ્તે દીક્ષા ગ્રહણ કરી હતી. તેમણે માગધી અને સંસ્કૃત ભાષાના અભ્યાસ સાથે ન્યાયશાસ્ત્ર, જૈન ધર્મશાસ્ત્રો અને વિવિધ દર્શનશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરીને તેમાં પારંગત થયા. માત્ર ૧૭ વર્ષની નાની વયથી જ તેઓએ જાહેર પ્રવચનો આપવા માંડ્યા અને જોતજોતામાં બાલમુનિ તરીકે પ્રસિદ્ધ થયા. મહારાષ્ટ્રમાં જન્મેલા આ સંતપુરુષે ગુજરાતને પોતાની કર્મભૂમિ બનાવી. જૈન તત્ત્વદર્શન પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા હોવા છતાં, અન્ય દર્શનશાસ્ત્રો પ્રત્યેનો તેમનો દષ્ટિકોણ અનેકાંતવાદના પાયા પર હોવાથી તેઓશ્રી સાંપ્રદાયિક સંકુચિતતાથી મુક્ત રહ્યા. માનવજીવનમાં નીતિ અને શીલનાં મૂલ્યોની જાળવણી સાથે આધ્યાત્મિકતાનો રંગ લાગે તે માટે તેઓશ્રીએ ઘણો પુરુષાર્થ કર્યો.

પૂજ્ય મહારાજશ્રીએ પોતાને પ્રાપ્ત જ્ઞાન અને સ્વાનુભવને સમાજના એક વર્ગ પૂરતો મર્યાદિત ન રાખતાં સર્વના આત્મકલ્યાણ અર્થે સદ્‌ભાવનાના પાયા પર ઈ.સ. ૧૯૬૬માં સર્વમંગલમ્ આશ્રમ, સાગોડિયાની સ્થાપના કરી. આશ્રમની ૬૮ એકર ક્ષારયુક્ત, વૃક્ષ વિનાની જમીનને પૂજ્યશ્રીના માર્ગદર્શન નીચે કાર્યકરો અને શુભેચ્છકોના સહકારથી દૂધસાગર ડેરી અને ગુજરાત યુનિવર્સિટીના પ્રયોગોને કારણે જમીન ફળદ્રુપ બની ગઈ. આશ્રમમાં ગૌશાળા, બુનિયાદી શાળા અને છાત્રાલય ચાલે છે. સાધનાકુટિરો, ધ્યાનમંદિર અને વાનપ્રસ્થ આરાધના કેન્દ્ર આશ્રમની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક ધ્યાનકેન્દ્રમાં જ્ઞાન, ધ્યાન અને વૈરાગ્યનું અમૃતપાન કરાવવામાં આવે છે. પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં યોજાતી ધ્યાનશિબિરોનો અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ લાભ લીધો છે.

બહુજન સમાજને આધ્યાત્મિકતાના માર્ગે વાળવાના હેતુથી પૂ. મહારાજશ્રીના સાન્નિધ્યમાં સને ૧૯૬૮માં પાટણ મુકામે સર્વમંગલમ્ પરિવાર આશ્રમની સ્થાપના કરવામાં આવી. મહારાજશ્રીની વ્યાખ્યાનમાળાઓનો લાભ લઈ અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ પોતાના જીવનને ઊર્ધ્વગામી બનાવ્યું છે. મહારાજશ્રીના સાન્નિધ્ય અને માર્ગદર્શન હેઠળ આશ્રમ દ્વારા આરોગ્યસેવા, નિરાધાર અને મધ્યમ વર્ગના લોકોને સહાય કરવા હરિઓમ સહાય યોજના, મંદબુદ્ધિ અપંગ સહાય યોજના, તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ, વિધવાઓ માટે સહાયયોજનાઓ, દુકાળ-અતિવૃષ્ટિ-ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓ દરમિયાન રાહતકાર્યો જેવી અનેક સમાજસેવાને લગતી પ્રવૃત્તિઓ ચાલે છે.

પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજનું જીવન એટલે બાળશિક્ષણ, સમાજસેવા અને અધ્યાત્મસાધનાનો સુભગ સમન્વય. તેઓ ક્રાંતિકારી સંત હતા. વિશાળ શાસ્ત્રજ્ઞાનના ધારક એવા મહારાજશ્રી બધા મતદર્શનો પ્રત્યે ઉદાર-વિશાળ દષ્ટિ ધરાવતા હતા. પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીનું તત્ત્વજ્ઞાન તેઓને અંતરથી સ્પર્શી ગયું હતું; જે તેઓના મુંબઈથી પ્રગટ થયેલ 'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' પર થયેલ પ્રવચનોના સંકલન પરથી

દષ્ટિગોચર થાય છે.

પૂજ્યશ્રી આત્માનંદજી લગભગ ૩૦ વર્ષ પહેલાં મહેસાણામાં શ્રી સીમંધર ભગવાનના દેરાસરજીમાં પૂજ્ય મહારાજશ્રીને મળ્યા હતા. ત્યારથી બંને સંતો સાધર્મી વાત્સલ્યથી જોડાઈ ગયા હતા. પૂજ્ય મહારાજશ્રી ડિસેમ્બરની સત્સંગ-સાધના શિબિરમાં તથા અન્ય વિશિષ્ટ પ્રસંગોએ અવશ્ય કોબા પધારતા અને સત્સંગનો લાભ આપતા. પૂજ્યશ્રી આત્માનંદજી પણ અવારનવાર તથા વિશેષ પ્રસંગોએ સાગોડિયા જતા. બંને સંતો જ્યારે તત્ત્વચર્ચા કરતા ત્યારે મુમુક્ષુઓને ખૂબ આનંદ થતો.

મહારાજશ્રીની વિદાયથી આપણે સૌએ એક સાચા સંતનું સાન્નિધ્ય ગુમાવ્યું છે, પણ તેઓનો અક્ષરદેહ આપણી સાથે જ છે. તેઓશ્રીએ આપેલ પાથેયનો અભ્યાસ કરી, તેમાં આપેલ તત્ત્વબોધને ગ્રહણ કરી આપણા જીવનમાં ઉતારીએ તો તેમના ઉપકારનું ઋણ અંશે ચૂકવી શકીશું.

પૂજ્ય મહારાજશ્રીનો જીવનસંદેશ છે કે મોક્ષ માટે જ્ઞાન જરૂરી છે, જ્ઞાન માટે ધ્યાન જરૂરી છે, ધ્યાન માટે આત્મનિશ્ચય જરૂરી છે, આત્મનિશ્ચય માટે તત્ત્વનિર્ણય જરૂરી છે, તત્ત્વનિર્ણય માટે શુદ્ધ અંતઃકરણ જરૂરી છે અને શુદ્ધ અંતઃકરણ સત્કાર્યોથી થાય છે.

પૂ. મહારાજશ્રીના દેહની અંતિમવિધિ વખતે કોબાથી પૂજ્ય બહેનશ્રી તથા મુમુક્ષુઓએ ઉપસ્થિત રહી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, પાલડી, અમદાવાદ મુકામે તા. ૨૨-૫-૨૦૧૮ની સભામાં મહારાજશ્રીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

મહારાજશ્રીનો મહાન આત્મા આવતા ભવમાં વિશેષ આરાધના કરી, શીઘ્રતાથી પરમપદને પ્રાપ્ત કરે એવી સમગ્ર કોબા પરિવારની પ્રભુને હ્રદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] બેંગ્લોર** : આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સેવા - સત્સંગ - ભક્તિનો લાભ લેતાં **શ્રી રમેશભાઈ અમીચંદ બાટવિયા**નું તા. ૨૭-૫-૨૦૧૮ના રોજ ૭૭ વર્ષની વયે દેહાવસાન થયું છે. સને ૨૦૦૪માં બેંગ્લોરમાં પૂજ્યશ્રી આત્માનંદજી સાથેના પ્રથમ સત્સંગ બાદ રમેશભાઈ કોબા સંસ્થામાં પધાર્યા હતા. ત્યારબાદ તેઓ અવારનવાર કોબા પધારીને સેવા-સત્સંગનો લાભ લેતા હતા. પૂજ્યશ્રીની અંગત સેવાઓનો પણ તેઓ લાભ લેતા. બેંગ્લોરમાં પૂજ્યશ્રીએ તેઓના નિવાસસ્થાને રાત્રિરોકાણ કર્યું હતું. તેઓ પૂજ્યશ્રીની આજ્ઞાનુસાર જાપ અને સદ્વાચન કરતા. સને ૨૦૦૬માં સંઘપતિ બનીને કોબાના મુમુક્ષુઓને ચરોતર પ્રદેશ, ઈડર અને જૂનાગઢની યાત્રા કરાવવાનો લાભ લીધો હતો. પૂજ્યશ્રીની કોબા સંઘ સાથે શ્રવણબેલગોલાની યાત્રા દરમિયાન પણ તેઓશ્રીએ પ્રશંસનીય સેવાઓ પૂરી પાડી હતી. તેઓ ખૂબ સેવાભાવી હતા. ગુરુસેવા કે અન્ય સેવાઓ કરવાની તક તેઓ ગુમાવતા નહિ. દરેક કાર્યમાં તેઓ Active રહેતા. ઉત્સાહી અને પ્રેમાળ સ્વભાવ એ તેઓના વ્યક્તિત્વની ધ્યાનાકર્ષક વિશેષતા હતી. અબોલ જીવો પ્રત્યે તેઓ કરુણાનો ધોધ વરસાવતા.

કૅન્સરની પીડાને તેઓએ શાંતિપૂર્વક સહન કરી હતી. જીવનની અંતિમ ક્ષણોમાં તેઓએ પોતાના ગુરુજીના ફોટાના દર્શન કરી, તેને છાતીસરસો ચાંપી ગુરુજીના મૂક આશિષ મેળવ્યા અને પ્રાણ છોડી દીધા.

સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે અને આગામી બે-ચાર ભવમાં તેઓ પરમપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હ્રદયપૂર્વકની પ્રાર્થના છે.

# સાવધાન એટલે શું ?

- સાવધાન તો એ છે કે જે અંત સમયે બીજાને સાંભળે, પણ બીજાને સંભળાવે નહીં.
- સાવધાન તો એ છે કે જેનું નિમિત્ત પામી બીજાઓ બોધ લે.
- સાવધાન તો એ છે કે જે પરિસ્થિતિ પ્રમાણે અંતે સંલેખના કરે, સંથારો કરે.
- સાવધાન તો એ છે કે જેના રોમેરોમ, પરમાણુએ પરમાણુમાં વીતરાગતા વ્યાપેલી છે.
- સાવધાન તો એ છે કે જેણે સકળ જગતને (છકાય જીવોને) ક્ષમા આપી છે. વીતરાગતા વિના છકાય જીવોને ક્ષમા આપી શકાતી નથી કારણ કે વીતરાગતા વિના છકાય જીવોની રક્ષા થઈ શકતી જ નથી.
- સાવધાન તો એ છે કે જે આત્મપ્રદેશોને દેહથી છૂટા પડવાના સમયે આકુળ-વ્યાકુળ થતા નથી.
- સાવધાન તો એ છે કે જે શારીરિક વેદનાથી પોતાને જુદા માને છે. 'વેદનાનો પ્રભાવ મારા પર નથી' એમ સ્વીકારે છે.
- સાવધાન તો એ છે કે જે વીતરાગતા સિવાય બીજી વાત કરતા નથી.
- સાવધાન તો એ છે કે જેને સેવા-ચાકરી, દવા-દારૂ કરનાર કોઈ ન હોય છતાં તેનો ખેદ ન હોય.
- સાવધાન તો એ છે કે જે મરણને કે જીવનને ઇચ્છતો નથી.
- સાવધાન તો એ છે કે જેને ગમે તે ગતિ મળે તેનો અફસોસ નથી. તેની માગણી માત્ર એટલી જ છે કે મને જે જ્ઞાન છે, તે કોઈપણ ગતિમાં મારાથી છૂટું ન પડો.
- સાવધાન તો એ છે કે જે ઉદયનો દ્રષ્ટા છે.
- સાવધાન તો એ છે કે જેને કોઈપણ પળે મૃત્યુ આવે તો તૈયાર થવાની જરૂર નથી. તે તૈયાર જ હોય.

**જે વિરતિ તરફ લઈ જાય તેનું જ નામ જ્ઞાન... જે વિરતિ તરફ ન લઈ જાય તેનું નામ માહિતી.**

**જ્યારે શરીર સ્વસ્થ હોય છે ત્યારે ધર્મ કરવાનો સમય મળતો નથી અને જ્યારે સમય મળે છે ત્યારે શરીરની સ્વસ્થતા હોતી નથી !!**

**જ્યાં સુધી દૂધમાં દહીંના બે ટીપાં પણ પડતા નથી, ત્યાં સુધી એનું દહીંમાં રૂપાંતર થતું નથી. તેમ જ્યાં સુધી આત્મજ્ઞાનીના ચરણશરણમાં જીવ જતો નથી ત્યાં સુધી એને સત્‌ની પ્રાપ્તિ થતી નથી.**

**જે ધર્મના શરણમાં હોય છે એને કોઈ ચિંતા હોતી નથી, અને હોય તો તે ટકતી નથી.**

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2018-2020 issued by SSP Ahmedabad valid upto 31-12-2020
Publication Date 15th of every month

# સંસ્થામાં નિર્માણાધીન નૂતન સાધકકુટિરની તસવીર



**આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા**

૧ 'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**શ્રીમતી જયશ્રીબેન જ્યોતીન્દ્રભાઈ સોનેજી પરિવાર** (ટોરેન્ટો, કેનેડા)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' જૂન - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સુસંતાનો સુ.શ્રી મુકેશભાઈ, ગીતાબેન અને સુનિતભાઈ**
હસ્તે : આદ. શ્રી સરલાબેન દોશી (નાઈરોબી)
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah